રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 16 | Issue : 259 | Dt. 30-10-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

GDP ૭.૩૫ ટકા રહેવાનો અંદાજ

મોંઘવારીએ ચિંતા વધારીઃ નાણા મંત્રાલયનો નવો રિપોર્ટ : ફૂડના ભાવ, ખાદ્ય મોંઘવારી, ખરીફ પાકની અનિશ્ચિતતા અને વૈશ્વિક મંદી આગામી સમયની મુખ્ય ચિંતાઓ



નવી દિલ્હી, તવ.૨૯

નાણા મંત્રાલયના અહેવાલ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૭ના બીજા ક્વાર્ટરમાં ભારતનો GDP વૃદ્ધિ દર ૭.૩૫% રહેવાનો અંદાજ છે. પ્રથમ ક્વાર્ટરમાં ૭.૮% વૃદ્ધિ નોંધાઈ હતી. વૈશ્વિક પડકારો છતાં ભારતીય અર્થતંત્ર મજબૂત ગતિએ આગળ વધી રહ્યું છે. જોકે, ફૂડના ભાવ, ખાદ્ય મોંઘવારી, ખરીફ પાકની અનિશ્ચિતતા અને વૈશ્વિક મંદી આગામી સમયમાં મુખ્ય ચિંતાઓ બની રહેશે. RBIએ મોંઘવારી નિયંત્રિત કરવા રેપો રેટમાં ૨૫ બેસિસ પોઇન્ટનો વધારો કર્યો છે.

નાણા મંત્રાલયના તાજેતરના અંદાજ અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૭ના બીજા ક્વાર્ટર(ચ૨)માં ભારતનો વાસ્તવિક GDP વૃદ્ધિ દર ૭.૩૫% રહેવાની ધારણા છે. આર્થિક બાબતોના વિભાગના 'નાઉકાસ્ટિંગ' મોડલના આધારે આ તારણ કાઢવામાં આવ્યું છે. આ અગાઉ પ્રથમ ક્વાર્ટર(Q1)માં દેશનો વિકાસ દર ૭.૮% નોંધાયો હતો. વૈશ્વિક સ્તરે અનેક આર્થિક પડકારો હોવા છતાં ભારતીય અર્થતંત્ર સતત મજબૂત ગતિએ આગળ વધી રહ્યું હોવાનું મંત્રાલયના ઓક્ટોબર મહિનાના આર્થિક અહેવાલમાં જણાવાયું છે.

નાણા મંત્રાલયે સાવચેત કર્યા છે કેસ આગામી મહિનાઓમાં અર્થતંત્ર સામે અમુક જોખમો યથાવત રહી શકે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલના વધતા ભાવ, ખાદ્ય ચીજવસ્તુઓની મોંઘવારી, ખરીફ પાક અંગેની અનિશ્ચિતતા અને વિશ્વ સ્તરે છવાયેલી આર્થિક મંદી મુખ્ય ચિંતાઓ છે. વર્ષના બીજા ભાગમાં સરકાર અને નીતિ ઘડવૈયાઓનું મુખ્ય ધ્યાન આર્થિક વૃદ્ધિ જાળવી રાખવાની સાથે મોંઘવારીને નિયંત્રણમાં રાખવા પર રહેશે.

આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ(IMF)ના ઓક્ટોબર ૨૦૨૬ના અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૬માં વૈશ્વિક વિકાસ દર ઘટીને ૩.૧% રહેવાની શક્યતા છે. જ્યારે બીજી તરફ ભારતીય અર્થતંત્ર વધુ સ્થિર અને મજબૂત જોવા મળી રહ્યું છે. ઔદ્યોગિક ઉત્પાદન, વીજળી વપરાશ, પોર્ટ પર માલસામાનની હેરફેર, GST કલેક્શન અને વાહનોના વેચાણ જેવા મહત્ત્વના આંકડાઓમાં બીજા ક્વાર્ટર દરમિયાન સારો એવો વધારો જોવા મળ્યો છે.

સપ્ટેમ્બર ૨૦૨૬માં છૂટક ફુગાવો (CPI) વધીને ૫.૫૪% પર પહોંચી ગયો હતો, જે ઑગસ્ટ મહિના કરતાં ૭૧ બેસિસ પોઇન્ટ વધુ છે. આ વધારા પાછળ ખાદ્ય પદાર્થોના ઊંચા ભાવ (૭.૭૪%) અને ઈંધણની કિંમતોમાં થયેલો વધારો મુખ્ય કારણ છે. જોકે રાહતની વાત એ છે કે વપરાશની બાસ્કેટમાં આવતી લગભગ ૬૪% ચીજોનો ફુગાવો હજુ પણ RBIના ૪%ના લક્ષ્યાંકથી નીચે અથવા તેની નજીક છે.

મોંઘવારીનું દબાણ વધતાં ભારતીય રિઝર્વ બેંકે તાજેતરમાં રેપો રેટમાં ૨૫ બેસિસ પોઇન્ટનો વધારો કર્યો છે. આ ઉપરાંત સેન્ટ્રલ બેંકે પોતાની નીતિ 'ન્યુટ્રલ'થી બદલીને 'કેલિબ્રેટેડ ટાઈટનિંગ' કરી છે, જેનો સ્પષ્ટ અર્થ છે કે જો મોંઘવારી કાબૂમાં નહીં આવે તો આગામી સમયમાં વ્યાજદરમાં વધુ કડકાઈ કરવામાં આવી શકે છે.

દેશના વિકાસ દરને લઈને મુખ્ય રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના અંદાજો

- નાણા મંત્રાલય ચ૨ અંદાજ : ૭.૩૫%
- OECD : ૭.૧%
- IMF FY27 વૃદ્ધિ અંદાજ : ૭.૦%
- RBI : ૭.૧%
- World Bank : ૭.૧%

અર્થવ્યવસ્થાની રફ્તાર યથાવત, IMFનું અનુમાન

ભારતનો GDP વૃદ્ધિ દર નાણાકીય વર્ષ ૨૦૨૬–૨૭ ના બીજા ક્વાર્ટરમાં ૭.૩૫% રહેવાનો અંદાજ છે, તેમ છતાં પહેલા ક્વાર્ટરમાં તે ૭.૮% હતો. IMF દ્વારા ૭% અને વર્લ્ડ બેંક, RBI દ્વારા ૭.૧% વૃદ્ધિનું અનુમાન છે. ઔદ્યોગિક ઉત્પાદન ૮% વધ્યું છે, જ્યારે GST કલેક્શનમાં ૧૫% નો વધારો થયો છે. સપ્ટેમ્બર ૨૦૨૬માં છૂટક મોંઘવારી ૫.૫૪% અને ખાદ્ય મોંઘવારી ૭.૭૪% પર પહોંચી છે, જેના કારણે RBI એ રેપો રેટમાં ૨૫ બેસિસ પોઇન્ટનો વધારો કર્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૬–૨૭ ના બીજી ક્વાર્ટર સમીક્ષામાં ભારતનો જીડીપી વૃદ્ધિ દર ૭.૩૫ ટકા રહેવાનું અનુમાન છે. પહેલા ક્વાર્ટરમાં આ દર ૭.૮ ટકા હતો, જે દર્શાવે છે કે, આર્થિક વિકાસની ગતિ થોડી સાવચેતીભરી હોવા છતાં મજબૂત બની રહી છે. આંતરરાષ્ટ્રીય મુદ્રા ભંડોળ એટલે કે, IMFએ આખા વર્ષ માટે ભારતની વૃદ્ધિનું અનુમાન વધારીને ૭ ટકા કરી દીધું છે, જ્યારે વર્લ્ડ બેંક, OECD અને RBI એ ૭.૧ ટકાનું અનુમાન વ્યક્ત કર્યું છે.

૧૦૦ ટકા ઈથેનોલથી ચાલતા વાહનો પર સુપ્રીમ કોર્ટનો કેન્દ્રને સવાલ

પૂરતા પ્રમાણમાં ઈથેનોલનો સપ્લાય ક્યાંથી લાવશો?

સુપ્રીમ કોર્ટે હવે સમગ્ર મામલાની આગામી સુનાવણી આવતા મહિને કરી મુકરર

નવી દિલ્હી, તા.૨૯

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને સવાલ કર્યો છે કે જો દેશમાં ૧૦૦% ઈથેનોલથી ચાલતા વાહનોને મંજૂરી અપાય, તો તેમની જરૂરિયાત મુજબ પૂરતા પ્રમાણમાં ઈથેનોલનો સપ્લાય કેવી રીતે સુનિશ્ચિત થશે? કોર્ટે આ મામલાને જનહિત, પર્યાવરણ અને ખાસ કરીને ખેડૂતોના આર્થિક સશક્તિકરણના દ્રષ્ટિકોણથી જોવાની વાત કરી. આગામી સુનાવણી આવતા મહિને થશે.

સુપ્રીમ કોર્ટે ગુરુવારે કેન્દ્ર સરકારને સવાલ કર્યો છે કે જો દેશમાં ૧૦૦% ઈથેનોલથી ચાલતા વાહનોને મંજૂરી આપવામાં આવે, તો તેમની જરૂરિયાત મુજબ પૂરતા પ્રમાણમાં ઈથેનોલનો સપ્લાય કેવી રીતે સુનિશ્ચિત કરવામાં આવશે? સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ કર્યું કે, આ સમગ્ર બાબતને માત્ર વાહનોના સંદર્ભમાં નહીં, પરંતુ વ્યાપક જનહિત, પર્યાવરણ અને ખાસ કરીને ખેડૂતોના આર્થિક સશક્તિકરણના દ્રષ્ટિકોણથી જોવી જરૂરી છે.

સુપ્રીમ કોર્ટની વિશેષ બેંચ ઈથેનોલ સપ્લાય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ઈથેનોલની ફાળવણી સંબંધિત અરજીઓની સુનાવણી કરી રહી હતી. આ દરમિયાન અદાલતે તાજેતરના અખબારી અહેવાલોનો ઉલ્લેખ કર્યો જેમાં ૧૦૦% ઈથેનોલ વાહનોને લીલી ઝંડી આપવાની વાત કહેવામાં આવી હતી. પીઠે જણાવ્યું કે, અમે અખબારોમાં આવા વાહનોને પરવાનગી અપાયાના સમાચાર વાંચ્યા છે, તેથી સૈદ્ધાંતિક રીતે જાણવા માંગીએ છીએ કે, જો આવા વાહનો રસ્તા પર દોડશે તો તેમની ઈંધણની માંગ પૂરી કરવા પૂરવઠો કેવી રીતે પહોંચાડવામાં આવશે. અદાલતના આ પ્રશ્ન પર એટર્ની જનરલ આર. વેંકટરમણીએ જણાવ્યું હતું કે આ માટે મોટા પાયે મેન્યુફેક્ચરિંગ વ્યવસ્થામાં ફેરફારો કરવા પડશે. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે દેશના ખેડૂતોના હિતોનું રક્ષણ કરવા અને તેમને સક્ષમ બનાવવા પર વિશેષ ભાર મૂક્યો હતો. જસ્ટિસ સુંદરેશે કહ્યું કે, આ મામલાને લોકોના હિત અને પર્યાવરણની સુરક્ષા સાથે જોડવો અનિવાર્ય છે. તેમણે ચિંતા વ્યક્ત કરી કે દેશની સૌથી મોટી વસ્તી ધરાવતા ખેડૂતોને ઈથેનોલ વ્યવસ્થાથી કઈ રીતે સશક્ત બનાવવા તે પાસું કોઈ યોગ્ય રીતે ઉજાગર કરી રહ્યું નથી. ગ્રામીણ વિસ્તારોમાં વસતા સામાન્ય લોકો અને ખેડૂતોને સીધો આર્થિક ફાયદો થાય તે પ્રકારનું આયોજન હોવું જોઈએ.

વડાપ્રધાન બે દિવસના ગુજરાત પ્રવાસે

ઉત્તર ગુજરાતથી લઈને દક્ષિણ ગુજરાત સુધી વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરશે

ગાંધીનગર, તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ૩૦ અને ૩૧ના રોજ બે દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. વડાપ્રધાન મોદી ઉત્તર ગુજરાતથી લઈને દક્ષિણ ગુજરાત સુધી વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. સાથે જ તેઓ બનાસકાંઠાના ભીલડી અને સ્ટેચ્યુ ઓફ યુનિટી (એકતા નગર) કેવડિયા ખાતે અનેક કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. વડાપ્રધાનના પ્રવાસને લઈને તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

તેઓ ૩૦ અને ૩૧ ઓક્ટોબરે ગુજરાતની મુલાકાત લેશે. તેમની મુલાકાતના બીજા દિવસે ૩૧ ઓક્ટોબરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નર્મદા જિલ્લાના એકતા નગરમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં હાજરી આપશે. આ કાર્યક્રમ દેશના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે યોજાશે.બનાસકાંઠા જિલ્લાના ભીલડીમાં રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમમાં પીએમ-કિસાન યોજનાનો ૨૪ મો હપ્તો રજૂ કરશે. આ કાર્યક્રમ દરમિયાન, દેશભરના પાત્ર ખેડૂત પરિવારોના ખાતામાં નાણાકીય સહાય ટ્રાન્સફર કરવામાં આવશે. ગુજરાતના કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે રાજ્યના



૫૨.૩૩ લાખથી વધુ ખેડૂત પરિવારોને ૧.૦૫૧ કરોડથી વધુની રકમ મળશે. તેમણે ભીલડીમાં 'પીએમ કિસાન ઉત્સવ દિવસ' કાર્યક્રમની તૈયારીઓની સમીક્ષા કર્યા પછી આ માહિતી આપી હતી.

પીએમ કિસાન હપ્તો જાહેર કરવા ઉપરાંત પ્રધાનમંત્રી મોદી થરાદ અને રાધનપુરમાં બનાસ ડેરી દ્વારા બનાવવામાં આવી રહેલા બે કોમ્પ્રેસ્ડ બાયોગેસ (CBG) પ્લાન્ટનો શિલાન્યાસ પણ કરશે. આ પ્લાન્ટમાં ગાયના છાણમાંથી બાયોગેસ ઉત્પન્ન કરવામાં આવશે. આ બે પ્લાન્ટ કાર્યરત થયા પછી બનાસ મોડેલ હેઠળ બાયો-CNG પ્લાન્ટની સંખ્યા છ થઈ જશે. આ પ્લાન્ટની કુલ ક્ષમતા દરરોજ ૫૧૫ ટન ગાયના છાણની હશે. ગાયના છાણમાંથી ઉત્પાદિત બાયો-CNG સબસિડીવાળા દરે વેચાય છે. બનાસકાંઠા ડેરી હાલમાં દરરોજ આશરે ૬,૧૦૦ કિલો બાયો-CNG સપ્લાય કરે છે. એવો અંદાજ છે કે છ પ્લાન્ટ વાર્ષિક ૩૩,૪૦૦ થી ૩૪,૬૦૦ ટન કાર્બન ઉત્સર્જન અટકાવવામાં મદદ કરશે.

આજે વડાપ્રધાન ભારત ગાયોના સંવર્ધન અને સંશોધન કેન્દ્ર (BBBRC)નું પણ ઉદઘાટન કરશે. આ કેન્દ્ર ₹૩૨૮.૭૭ કરોડના ખર્ચે વિકસાવવામાં આવ્યું છે. વધુમાં પ્રધાનમંત્રી બનાસ ડેરીના નવા બટાકા પ્રોસેસિંગ વિસ્તરણ પ્રોજેક્ટનું ઉદઘાટન કરશે. તેઓ ડેરીના અલ્ટ્રા હાઇ ટેમ્પરેચર (UHT) યુનિટમાં સ્થાપિત ઓટોમેટેડ સ્ટોરેજ અને રિલોડિંગ સિસ્ટમ (ASRS)નું પણ ઉદઘાટન કરશે.

બનાસકાંઠાના કાર્યક્રમો બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૦ ઓક્ટોબરની સાંજે કેવડિયા પહોંચશે. અહીં તેઓ વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેશે. સરદાર વલ્લભભાઈ પટેલ સાથે જોડાયેલા કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. કેવડિયામાં વડાપ્રધાનની હાજરીમાં એકતા પરેડ યોજાશે. વડાપ્રધાન મોદીના પ્રવાસ દરમિયાન કેવડિયા ખાતે યોજાનારી એકતા પરેડ ખાસ આકર્ષણ રહેશે. આ વખતે પહેલીવાર એકતા પરેડ સાંજના સમયે યોજાવાની છે. સરદાર વલ્લભભાઈ પટેલને સમર્પિત આ કાર્યક્રમની સાથે ગ્રામ્ય કક્ષાએ પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. ગામડાઓમાં સરદાર પટેલને યાદ કરવા અને તેમના યોગદાનને ઉજાગર કરવા કાર્યક્રમો યોજાશે.

અર્નબ બાદ નવા ચક્રવાતી વાવાઝોડાના એંધાણ

નવું તોફાન તૈયાર, ૪૮ કલાકમાં તબાહીની આશંકા!



નવી દિલ્હી, તા..૨૯

હજુ તો ચક્રવાતી વાવાઝોડા 'અર્નબ' ની અસર સંપૂર્ણપણે ઓસરી નથી, ત્યાં તો બંગાળની ખાડીમાં વધુ એક મોટું સંકટ મંડરાઈ રહ્યું છે. ભારતીય હવામાન વિભાગની નવીનતમ માહિતી મુજબ, દક્ષિણ અંદામાન સમુદ્ર અને તેની આસપાસના વિસ્તારોમાં એક નવી હવામાન સિસ્ટમ સક્રિય થઈ છે અને ત્યાં લો પ્રેશર (હળવું દબાણ) સર્જાયું છે. હવામાન વિભાગ આ સિસ્ટમ પર બાજનજર રાખી રહ્યું છે. એવી પ્રબળ આશંકા છે કે આગામી ૨૪ કલાકમાં આ દબાણ વધુ ઘેરાશે અને ૪૮ કલાકની અંદર તે એક ખતરનાક ચક્રવાતી વાવાઝોડાનું સ્વરૂપ ધારણ કરી શકે છે. જો આવું થશે, તો દક્ષિણ ભારતના અનેક રાજ્યો પર ફરી એકવાર મોટું સંકટ આવી પડશે.

હવામાન વિભાગે ૨૯ ઓક્ટોબરે જાહેર કરેલા પોતાના બુલેટિનમાં સ્પષ્ટ કર્યું છે કે ગુરુવારે સવારે બંગાળની ખાડીમાં આ નવું લો પ્રેશર ક્ષેત્ર વિકસિત થયું છે. નોંધનીય છે કે આ સીઝનમાં સળંગ બનનારી આ ચોથી હવામાન સિસ્ટમ છે. આ લો પ્રેશર સિસ્ટમ ધીમે-ધીમે વધુ શક્તિશાળી બનવાની સંભાવના છે. એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે જો આ સિસ્ટમ સાયક્લોનમાં ફેરવાશે, તો ૧ કે ૨ નવેમ્બરની આસપાસ તે તમિલનાડુની રાજધાની ચેન્નાઈના દરિયાકાંઠે ટકરાઈ શકે છે.

આગાહી મુજબ, આગામી ૨૪ કલાકમાં આ સિસ્ટમ દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડી અને અંદામાન સમુદ્રની આસપાસ 'ડિપ્રેશન' એટલે કે ભારે દબાણમાં ફેરવાય તેવી શક્યતા છે. એટલે કે, આગામી ૨ દિવસ આ સિસ્ટમની ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખવી અત્યંત જરૂરી છે. હાલ તેને સત્તાવાર રીતે 'ચક્રવાતી વાવાઝોડું' જાહેર કરવામાં આવ્યું નથી, પરંતુ તેના લક્ષણો જોતા તેવો મોટો ખતરો તોળાઈ રહ્યો છે. આઈએમડીની આગાહી મુજબ, દક્ષિણ અંદામાન સમુદ્ર અને દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડીમાં બનેલું આ દબાણ જો ચક્રવાતમાં પરિવર્તિત થશે, તો તે ચેન્નાઈ નજીક ઉત્તર તમિલનાડુના કાંઠાને પાર કરશે તેવી શક્યતા છે. અગાઉ આવેલું ભયાનક વાવાઝોડું 'અર્નબ' તમિલનાડુના દરિયાકાંઠે ટકરાયા વિના સીધું આંધ્રપ્રદેશ તરફ ફંટાઈ ગયું હતું, તેથી આ વખતે તમિલનાડુ પર ખતરો વધુ હોવાનું અનુમાન છે. નોર્થ-ઈસ્ટ મોનસૂન સક્રિય હોવાના સમયગાળા દરમિયાન આ ચોથી સિસ્ટમ છે. અગાઉની ૨ સિસ્ટમો (એક અરબી સમુદ્રમાં અને બીજી દક્ષિણ તમિલનાડુ પર) ના કારણે રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદ ખાબક્યો હતો. હાલની સ્થિતિ જોતા સૌથી મોટો ખતરો તમિલનાડુ પર છે. આ ઉપરાંત આંધ્રપ્રદેશ અને ઓડિશા પણ આ સંભવિત વાવાઝોડાની ઝપેટમાં આવી શકે છે. જોકે, આ માત્ર પ્રારંભિક અનુમાન છે; સાચી પરિસ્થિતિનો ખ્યાલ આગામી ૪૮ કલાકમાં જ આવશે.

ચક્રવાત 'અર્નબ' ની વર્તમાન સ્થિતિ શું છે?

બંગાળની ખાડીમાં જ ઉદ્ભવેલા ચક્રવાત 'અર્નબ' એ આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે તારાજી સર્જી હતી. તેના કારણે અનેક વિસ્તારોમાં ભારે વરસાદ અને તેજ પવનો ફૂંકાયા હતા. જોકે, હવે આ સિસ્ટમ નબળી પડી રહી છે. ૨૯ ઓક્ટોબરના અપડેટ મુજબ, 'અર્નબ' હવે નબળું પડીને 'ડિપ્રેશન' માં ફેરવાઈ રહ્યું છે, પરંતુ તેની અસર તળે આંધ્રપ્રદેશ, ઓડિશા અને આસપાસના વિસ્તારોમાં હજુ પણ વરસાદ ચાલુ રહી શકે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે ગુરુવારે આંધ્રપ્રદેશ, પુડુચેરી, ઓડિશા અને છત્તીસગઢના મુખ્યમંત્રીઓ સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી અને કેન્દ્ર સરકાર તરફથી તમામ શક્ય મદદની ખાતરી આપી હતી.આઈએમડીના બુલેટિન મુજબ, તટીય આંધ્રપ્રદેશ અને યનમ આસપાસનું અર્નબ વાવાઝોડું ૮ કિમી પ્રતિ કલાકની ઝડપે આગળ વધી રહ્યું છે અને ધીમે-ધીમે તેની તીવ્રતા ઘટી રહી છે.









પોલીસ વેલ્ફર સોસાયટીના લાભાર્થે રાહત દરે ફટાકડાના સ્ટોરનો પ્રારંભ

પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાના હસ્તે ફટાકડા સ્ટોરનું લોકાર્પણ, પોલીસ અધિકારીઓ સહિતનો સ્ટાફ રહ્યો હાજર

રાજકોટ, તા.૨૯

રાજ્યભરમાં જ્યારે દીપાવલી પર્વની રોશની અને ઉત્સાહનો માહોલ છવાયેલો છે, ત્યારે રાજકોટ શહેર પોલીસ દળના પરિવારજનો માટે એક અત્યંત આનંદદાયક અને પ્રેરણાદાયી સમાચાર સામે આવ્યા છે. કાયદો અને વ્યવસ્થાની જાળવણી તેમજ રક્ષણની જવાબદારી અવિરત નિભાવતા પોલીસ જવાનો અને તેમના પરિવારો પણ તહેવારોના રંગે રંગાય અને તેમને વિશેષ લાભ તથા સગવડ મળી રહે તે હેતુસર રાજકોટ પોલીસ વેલ્ફર સોસાયટીના લાભાર્થે એક સરાહનીય પહેલ કરવામાં આવી છે. આ દિશામાં મોરચો સંભાળતા રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા દ્વારા પોલીસ હેડ ક્વાર્ટર ખાતે, કોમ્યુનીટી હોલ પાસે, વિશેષ ફટાકડા સ્ટોરનું રિદ્ધિસિદ્ધિ અને શાસ્ત્રોક્ત વિધિ સાથે ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ તકે એડિશનલ પોલીસ કમિશનર ચૈતન્ય માંડલિક, ડીસીપી- ઝોન ૧: હેતલ પટેલ, ડીસીપી - ઝોન-૨ રાકેશ દેસાઈ, ડીસીપી - ક્રાઈમ જગદીશ બાંગરવા અને ડીસીપી- ટ્રાફિક હરપાલસિંહ જાડેજા સહિતના અધિકારીઓ, સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

દીપાવલીના પવિત્ર તહેવારો નિમિત્તે પોલીસ કર્મચારીઓના કલ્યાણ અને આર્થિક તથા સામાજિક ઉત્થાન માટે કાર્યરત પોલીસ વેલ્ફર સોસાયટીના માધ્યમથી શરૂ કરવામાં આવેલા આ ફટાકડા સ્ટોરના ઉદ્ઘાટન પ્રસંગે પોલીસ બેડામાં ભારે ઉત્સાહ અને ખુશીની લહેર જોવા મળી હતી. આજના આ શુભારંભ પ્રસંગે રાજકોટ શહેરના ઉચ્ચ પોલીસ અધિકારીઓ, આસિસ્ટન્ટ પોલીસ કમિશ્નર્સ, વિવિધ પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર્સ, હેડ ક્વાર્ટરના અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં પોલીસ સ્ટાફ અને કર્મચારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તમામ ઉપસ્થિત મહાનુભાવો અને જવાનોએ આ પહેલને વધાવીને એકબીજાને દીપાવલી પર્વની આગોતરી શુભેચ્છાઓ પાઠવી હતી.

સામાન્ય રીતે દિવાળીના તહેવારોમાં પોલીસ વિભાગના અધિકારીઓ અને જવાનો પ્રજાની સુરક્ષા, ટ્રાફિક વ્યવસ્થાપન અને કાયદો-વ્યવસ્થા જાળવવામાં રાત-દિવસ એક કરીને ખડેપે રહેતા હોય છે, જેના કારણે તેઓ પોતાના પરિવાર સાથે તહેવારોની ખરીદી કે ઉજવણી માટે પૂરતો સમય ફાળવી શકતા નથી હોતા. આ હકીકતને ધ્યાનમાં રાખીને પોલીસ પ્રશાસન દ્વારા હેડ ક્વાર્ટર પરિસરમાં જ આ ફટાકડા સ્ટોર શરૂ કરવામાં આવ્યો છે, જેથી પોલીસ પરિવારજનો સરળતાથી અને વ્યાજબી તેમજ સંતોષકારક દરો પર ગુણવત્તાસભર ફટાકડાની ખરીદી કરી શકે. આ વ્યવસ્થાથી પોલીસકર્મીઓનો સમય બચશે અને તેઓ તહેવારોના દિવસોમાં પોતાના પરિવાર સાથે વધુમાં વધુ ગુણવત્તાસભર સમય વિતાવી શકશે.

લોકાર્પણ પ્રસંગે પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ ઉપસ્થિત તમામ પોલીસ અધિકારીઓ અને જવાનો સાથે હૂંફાળી મુલાકાત કરી હતી અને તેમને દિવાળી પર્વની શુભકામનાઓ પાઠવતા જણાવ્યું હતું કે પોલીસ પરિવારનું હિત અને તેમનું કલ્યાણ એ હંમેશાં તંત્રની પ્રાથમિકતા રહી છે. તેમણે ઉમેર્યું હતું કે અવિરત અને તણાવપૂર્ણ ફરજ બજાવતા આપણા જવાનો અને તેમનાં બાળકો આ તહેવારોને હર્ષોલ્લાસ અને ઉત્સાહ સાથે ઉજવે તે માટે વેલ્ફર સોસાયટી દ્વારા આયોજિત આ સ્ટોર ખૂબ જ ઉપયોગી સાબિત થશે. પોલીસ કમિશ્નરના આ લોકઉપયોગી અને ચિંતનાત્મક અભિગમથી સમગ્ર પોલીસ વિભાગમાં ખુશીની લાગણી વ્યાપી ગઈ છે અને તમામ જવાનોએ ઉચ્ચ અધિકારીઓના આ આત્મીય અને પરિવારભાવનાવાળા નેતૃત્વ બદલ વિશેષ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

ધીરુભાઈના વતન ચોરવાડમાં ૨૫ હજારથી વધુ ગ્રામજનોનું સમૂહ ભોજન અને લોકડાયરો

JIOના પબ્લિક ઈશ્યુના લિસ્ટિંગની ભવ્ય ઉજવણી

જિયો માટે ધીરુભાઈએ જોયેલાં સ્વપનને અંબાણી પરિવારે અકલ્પનિય પ્રગતિ સાથે સાકાર કર્યુઃ પરિમલ નથવાણી

રાજકોટ, તા.૨૯

જિયો પ્લેટફોર્મ્સના પબ્લિક ઇશ્યુની ૨૧ ટકા કરતાં વધારે પ્રિમિયમ સાથે ધમાકેદાર અને ઐતિહાસિક લિસ્ટિંગની ધીરુભાઈ અંબાણીના વતન ચોરવાડમાં દ્વિવિધ કાર્યક્રમો સાથે ભવ્ય ઉજવણી થઈ હતી. બુધવારે રાત્રે ચોરવાડમાં ૨૫૦૦૦ કરતાં વધારે ગ્રામજનોના સમૂહ ભોજન અને ત્યારબાદ ગુજરાતના ખ્યાતનામ લોકસાહિત્યકારોનો ભવ્ય લોકડાયરો યોજાયો હતો. આ તકે, અંબાણી પરિવારના સભ્ય તરીકે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેટ અફેર્સના ડાયરેકટર અને રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

બેવડા કાર્યક્રમોની ઉજવણી વચ્ચે ચોરવાડવાસીઓ, અંબાણી પરિવારના જ સભ્ય હોવાની અનુભુતિ કરાવતાં નથવાણીએ સંસ્મણો વાગોળતાં ધીરુભાઈ અને કોકિલાબેન સાથે વર્ષ-૧૯૯૫માં ચોરવાડ અને કુકસવાડાની ત્રિ-દિવસીય મુલાકાત અંગે વાત કરી હતી અને તે સમયના સાથી, સાક્ષીઓને પણ મંચ પરથી ખાસ યાદ કર્યા હતા. આ તકે અત્યંત ભાવુક અને ભીના સ્વરે તેમણે જણાવ્યું કે, ધીરુભાઈના ડ્રીમ પ્રોજેક્ટ સમી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે જે રીતે વૈશ્વિક હરણફાળ પ્રગતિ કરી છે, તે જ રીતે તેમના વધુ એક સ્વપન જિયો પ્લેટફોર્મ્સ પણ વૈશ્વિક સ્તરે નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. અંબાણી પરિવારના મોભી મુકેશભાઈ અને તેમના સંતાનો આકાશ, ઈશા અને અનંતે જે રીતે ધીરુભાઈના સ્વપનને અકલ્પનિય પ્રગતિ સાથે સાકાર કરી બતાવ્યું છે તે ન માત્ર અંબાણી પરિવાર પરંતુ, દેશ માટે પણ ગૌરવપૂર્ણ વાત છે.





ભુતકાળમાં સરી પડતાં તેમણે એ ક્ષણને પણ ખાસ યાદ કરી હતી કે, જે સમયે રિલાયન્સના આઈપીઓ વખતે રોકાણકારોએ ધીરુભાઈ પર વિશ્વાસ મુક્યો હતો એ જ વિશ્વાસ આજે પણ આ પરિવાર પર અકંબધ છે તે જિયોના ધમાકેદાર અને ઐતિહાસિક લિસ્ટિંગ પરથી જણાઈ આવે છે.

તેમણે ભૂતકાળ વાગોળતા ઉમેર્યું કે, ધીરુભાઈ જયારે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો આઈપીઓ લાવ્યા ત્યારે તેમણે ચોરવાડવાસીઓને શેર આપવાથી લઈ તેમની તમામ નાની-મોટી ખુશીઓમાં સહભાગી બનાવ્યા હતા. આજે તેમના જ સ્વપન એવા જિયો પ્લેટફોર્મ્સની ઐતિહાસિક સફળતામાં પણ અંબાણી પરિવાર ધીરુભાઈના વતનને ભુલ્યું નથી, તેમની બીજી અને ત્રીજી પેઢીએ સયુંક્ત રીતે આ વારસો જાળવ્યો છે. આ ઉપરાંત તેમણે વર્ષ-૨૦૧૭થી કાર્યરત ધીરુભાઈ અંબાણી મેડિકલ અને કમ્પ્યુટર સેન્ટર, એચ.જી.અંબાણી ગર્લ્સ હાઈસ્કૂલ તથા કુકસવાડામાં નવનિર્મિત એચ.જી.અંબાણી હાયર સેકન્ડરી સ્કૂલ સહિત ગ્રામજનોને અંબાણી પરિવાર તરફથી અપાયેલી સુવિધાઓને પણ યાદ કરાવી હતી.

તો, અંતમાં રિલાયન્સ પરિવાર દ્વારા ચોરવાડમાં આયોજિત આ બેવડી ઉજવણીમાં અંબાણી પરિવારના સભ્ય તરીકે ઉપસ્થિત રહેવાની તક આપવા બદલ નથવાણીએ અંબાણી પરિવારનો ફરી આભાર વ્યક્ત કર્યો હતો. આ વૈશ્વિક હરણફાળમાં સહયોગ આપનાર દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો પણ રિલાયન્સ અને અંબાણી પરિવાર વતી વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમમાં ચોરવાડના ૨૫,૦૦૦થી વધુ ગ્રામજનોએ પ્રીતિભોજનનો સ્વાદ માણ્યો હતો. બાદમાં યોજાયેલાં લોકડાયનમાં લોકસાહિત્યકાર રાજભા ગઢવી અને ઉર્વશીબેન રાદડિયાએ પોતાની આગવી શૈલી થકી ઉપસ્થિત હજ્જારો શ્રોતાઓને રીતસર નાચવા મજબૂર કરી દીધા હતા. તો, હાસ્ય કલાકાર હિતેશ અંટાળાએ પોતાની તળપદી ભાષામાં હાસ્ય અને રમુજ રજૂ કરી ઉપસ્થિત સૌને પેટ પકડીને હસાવ્યા હતા. આ પ્રસંગે સાંસદ રાજેશ ચુડાસમા તથા ધારાસભ્ય વિમલ ચુડાસમા પણ ઉપસ્થિત રહ્યા હતા.

સોશિયલ મિડીયા પર ગમે તેની સાથે દોસ્તી કરતાં પહેલા બસ્સો વખત વિચાર કરજો

નકલી ડોકટરનું ૨૧ લાખની ઠગાઈનું ઈન્જેકશન

ફેસબૂક પર પોતે વિદેશનો ડોક્ટર હોવાની મહિલાને ઓળખ આપીઃ મોંઘુ ગીફ્ટ પાર્સલ મોકલી તે છોડાવવાના નામે લાખો ઉસેડી લીધા



રાજકોટ, તા. ૨૯

ઓનલાઈન ફ્રેન્ડશીપ બાદ ગઠીયાગીરી કરી લેવામાં આવતી હોવાની અનેક ઘટનાઓ અત્યાર સુધી સામે આવી ચુકી છે. વધુ એક આવી ઘટના પોલીસ સુધી પહોંચી હતી. જેમાં ફેસબૂક મારફત ગઠીયાએ મિત્રતા કરી વિદેશથી ગીફટના પાર્સલ હોવાના નામે એકવીસ લાખ ઉસેડી લીધા હતાં. આંગણવાડીમાં વર્કર તરીકે કામ કરતી મહિલાએ ગીફટમાં લાલચમાં જીવનની મરણમુડી સમાન રકમ ગુમાવી દીધી હતી. ગઠીયાએ આ મહિલાને પોતે ડોક્ટર હોવાની ઓળખ આપી બરાબરની જાળમાં ફસાવી લીધી હતી અને બાદમાં લાખોની રકમ ઉસેડી લીધી હતી.

વિગતો પર નજર કરીએ તો વડોદરાના રણોલીમાં રહેતી તેતાલીસ વર્ષીય આંગણવાડી વર્કર સાથે ફેસબુક પર મિત્રતા કેળવી ગિટ પાર્સલના નામે રૂ.૨૧,૦૧,૩૫૯ની સાયબર છેતરપિંડી આચરવામાં આવી હોવાની ફરિયાદ દાખલ થતાં તપાસ શરૂ થઇ હતી. સ્કોટલેન્ડમાં રહેતા ગાયનેકોલોજિસ્ટ ડોક્ટર તરીકે ઓળખ આપનાર અજાણ્યા શખસે મહિલાનો વિશ્વાસ જીતી આ કાંડ આચર્યો હતો. વધુ માહિતી અનુસાર વડોદરાના રણોલીમાં રહેતી તેતાલીસ વર્ષીય આંગણવાડી વર્કર પનીશાબેન સોનીએ નોંધાવેલી ફરિયાદ મુજબ મહિલાને ફેસબુક પર ડો. અમાન નામના વ્યક્તિની ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી હતી. આથી મહિલાએ સામેનું પાત્ર ડોકટર છે તેમ સમજી રિક્વેસ્ટ સ્વીકારી લીધી હતી.

આ રીતે બંને વચ્ચે મિત્રતા થયા બાદ બંને વચ્ચે મેસેન્જર અને વોટ્સએપ પર વાતચીત શરૂ થઈ હતી. શખસે મહિલા માટે ઘડિયાળ, પર્સ અને ચોકલેટ સહિતની ગિટ મોકલવાની વાત કરી સરનામું મેળવી લીધું હતું. ત્યારબાદ ૨૩ ફેબ્રુઆરીએ અજાણ્યા શખસે દિલ્હી પાર્સલ ઓફિસમાંથી બોલતો હોવાનું જણાવી પાર્સલ છોડાવવા રૂ.૨૮,૯૦૦ ચૂકવવા કહ્યું હતું. મહિલાએ આ રકમ જમા કરાવી હતી. ત્યારબાદ પાર્સલમાં ૨૨ હજાર પાઉન્ડ હોવાનું કહી રૂ.૪૭ હજારની માંગણી કરવામાં આવતાં મહિલાએ તે પણ ચૂકવ્યા હતા.

આ પછી અલગ-અલગ મોબાઈલ નંબર પરથી સંપર્ક કરી ચાર્જ અને પેનલ્ટીના બહાને સતત નાણાં પડાવવામાં આવ્યાં હતાં. ગીફટ પાર્સલ છોડાવવાના નામે આ રીતે સતત માંગવામાં આવી રહેલી રકમનો અંત જ આવતો નહોતો. મહિલાએ આ રીતે કટકે કટકે બેંક ઓફ બરોડાના ખાતામાંથી રૂ.૧૩,૫૩,૭૦૦ અને તેમના પતિના એસબીઆઈ ખાતામાંથી રૂ.૭,૪૭,૬૫૯ મળી કુલ રૂ.૨૧,૦૧,૩૫૯ ટ્રાન્સફર કરી દીધા હતાં. જો કે ન તો તેને ગીફ્ટ મળી હતી કે ન તો પૈસા પાછા મળ્યા હતાં. ઓનાલાઈન મોકલેલા રૂપિયા પરત મેળવવા માટે લિંક મોકલી વધુ રૂ.પાંચ લાખની માંગણી કરવામાં આવતાં મહિલાને શંકા ગઈ હતી.

હદ તો ત્યાં થઈ ગઈ કે મહિલાને શંકા ન ઉપજે તે માટે થઇને ઠગોએ બનાવટી ડિપોઝિટ સ્લિપ પણ મોકલી હતી. આખરે મહિલાએ સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ કર્યા બાદ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ઈ-એફઆઈઆર નોંધાવી હતી. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. આ પ્રકારે સોશિયલ મિડીયા મારફત લેભાગુ ગઠીયાઓ કોઈની પણ સાથે આ રીતે ફ્રેન્ડશીપ કરી પછી તેને વિદેશથી ગીફટ મોકલવાના નામે છેતરે છે. જે તે એરપોર્ટથી કહેવાતો ફોન કરાવડાવી પછી પાર્સલ કસ્ટમમાં ફસાયુ છે, છોડાવવું પડશે, નહિ છોડાવીએ તો કેસ દાખલ થશે તેવો ડર બતાવી ફીના નામે ગઠીયાઓ લાખો રૂપિયા પડાવી લેતાં હોય છે. આવા કોઈપણ અજાણ્યાઓની ફ્રેન્ડ રીક્વેસ્ટ સ્વીકારતા પહેલા સો વખત નહિ બસ્સો વખત વિચાર કરવાનો હાલનો સમય છે. ડીજીટલ ફ્રોડની દુનિયામાં કયારે કેવા નુસ્ખાથી તમને શિકાર બનાવી લેવામાં આવે તેની ખબર પણ ગઠીયાઓ પડવા દેતાં નથી.

સંક્ષિપ્ત સમાચાર

રાજકોટમાં વૃદ્ધના ૧૭.૪૦ લાખના દાગીના અને રોકડ ચોરાયા

રાજકોટઃ રાજકોટ : જૂનાગઢના ટીંબાવાડી રોડ પર રહેતા ૭૦ વર્ષીય નિવૃત્ત વૃદ્ધ માલદેભાઈ રામભાઈ રાવલીયા અને તેમના પત્ની રેખાબેન ગઈકાલે બપોરે જૂનાગઢથી એસ.ટી. બસ મારફતે રાજકોટ ખાતે રહેતા પુત્ર રવિના ઘરે જવા નીકળ્યા હતા. સાંજે આશરે સવા સાતેક વાગ્યે રાજકોટની ગોંડલ ચોકડી બસ સ્ટોપ પાસે ઉતરીને તેમણે પુષ્કરધામ મેઈન રોડ પર આવેલા પ્રદ્યુમન રોયલ હાઈટ્સ જવા માટે ૧૨૦ના ભાડામાં એક ઓટો રિક્ષા કરી હતી. રિક્ષા થોડે આગળ ચાલી ત્યાં જ રસ્તામાંથી એક અજાણ્યા પેસેન્જરને બેસાડવામાં આવ્યો હતો, જે માલદેભાઈની તદ્દન બાજુમાં ગોઠવાયો હતો. તે શખ્સે પોતાની બેગ માલદેભાઈના કોફી કલરના થેલા પર મૂકી દીધી હતી. આ થેલાની અંદર કાળા રંગનું લેડીઝ પર્સ હતું, જેમાં ૧૫,૦૦૦ની રોકડ રકમ તથા સોનાના મંગળસૂત્ર, ચાર જોડી બુટિયા, ચેન-પેન્ડલ અને ચાર વીંટીઓ મળીને કુલ ૧૬૧.૨૫ ગ્રામ સોનાના દાગીના કિંમત ૧૭,૨૫,૩૭૫ના રાખેલા હતા. દંપતી સાંજે પોણા આઠેક વાગ્યે પુત્રના ઘરે પહોંચીને પર્સ ચકાસતા તેમાંથી ૧૩,૩૭૫ ની કિંમતનું માત્ર એક જ સોનાનું બુટિયું મળ્યું હતું, જ્યારે બાકીના તમામ સોનાના દાગીના અને રોકડ ગાયબ હતા. બાજુમાં બેઠેલા અજાણ્યા પેસેન્જરે નજર ચૂકવીને કુલ ૧૭,૪૦,૩૭૫ની ચોરી કરી હોવાનું માલૂમ પડતાં માલદેભાઈએ રાજકોટ પોલીસ સ્ટેશન પહોંચી ફરિયાદ નોંધાવી હતી. ચોરીમાં સંડોવાયેલી રિક્ષા કાળા વુડ અને પીળા-લીલા કલરની તેમજ ફ્રન્ટ ગ્લાસ પર 'સિકોતર મા' લખેલી હોવાનું સામે આવ્યું છે. યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રોઢ-યુવતી રહસ્યમય સંજોગોમાં ગુમ

રાજકોટ : કુવાડવા રોડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના માલપર ગામના વતની અને હાલ કુવાડવા રોડ પર કાગદડીના પાટીયા મોરબી રોડ વિસ્તારમાં રહેતા બિજલભાઈ નાનજીભાઈ સોલંકી (ઉ.વ. ૭૪, ધંધો-પ્રાઇવેટ કંડક્ટર) તા. ૨૮/૧૦/૨૦૨૬ ના રોજ ઘરેથી કોઈને કહ્યા વગર એકલા ક્યાંક ચાલ્યા ગયા છે. ગુમ થનાર બિજલભાઈ ધો. ૫ પાસ તેમજ અપરણિત છે. આ અંગેની જાહેરાત રાકેશકુમાર નરેશભાઈ સોલંકી દ્વારા કુવાડવા રોડ પોલીસમાં નોંધાવવામાં આવતા વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ એન.એમ. શિરોળીયા ચલાવી રહ્યા છે. બીજા બનાવમાં, રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી વૈશાલીબેન (ઉ.વ. ૨૪,) તા.૨૮ ના રોજ સવારના ૬:૦૦ વાગ્યાની આસપાસ કાલાવાડ રોડ પર આવેલા આદર્શ સોસાયટી, વીંગ એફ, ૬૦૩, નોક આઉટ બોલિંગ ક્લબ સામેના પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર અચાનક એકલા જતા રહ્યા છે. ગુમ થનાર વૈશાલીબેન કોલેજ કરેલા છે અને તેમણે પંજાબી દુધીયા કલરનો ડ્રેસ પહેરેલો છે. પત્ની ગૂમ થયા અંગે કેવિન પ્રવિણભાઈ પટોરીયા દ્વારા રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુમનોંધ નોંધાવવામાં આવી છે જેની વધુ તપાસ એ.એસ.આઈ. જનકસિંહ ગોહિલ દ્વારા હાથ ધરવામાં આવી છે.

રીક્ષા ચાલક ઉપર ધોકા-છરીથી હુમલો

રાજકોટ : ખોરાણા ગામ આરોગ્ય કેન્દ્ર પાસે રહેતા અને રીક્ષા ચાલક તરીકે ગુજરાન ચલાવતા કેશવભાઈ ભાણાભાઈ પરમાર (ઉ.વ. ૪૮) નામના પ્રૌઢે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેમના નાના ભાઈ બાબુભાઈએ થોડા દિવસો પહેલાં પાણીના નળનું કનેક્શન લીધેલું હતું, જે બાબતે બાજુમાં રહેતા રમેશ હરિભાઈ રાઠોડ સાથે બોલાચાલી થઈ હતી અને ત્યારે મામલો થાળે પડી ગયો હતો. ગત ૨૮ ઑક્ટોબર ૨૦૨૬ના રોજ સાંજે છ વાગ્યાની આસપાસ કેશવભાઈ ગામમાં મજૂરોને પૈસા આપવા જઈ રહ્યા હતા ત્યારે આરોપી રમેશ હરિભાઈ રાઠોડ અને હાર્દિક પ્રવીણભાઈ રાઠોડે તેમની સાથે ઝઘડો શરૂ કર્યો હતો. ઝઘડા દરમિયાન રમેશએ લાકડાનો ધોકો ફટકારી કેશવભાઈના જમણા ખભાના ભાગે મૂઢ ઈજા પહોંચાડી હતી, જ્યારે હાર્દિકએ છરીનો ઘા ડાબા સાથળના ભાગે મારી દીધો હતો. આ દરમિયાન દેકારો થતા રમેશના બંને દીકરાઓ કલ્પેશ અને જગદીશ પણ ત્યાં આવી પહોંચ્યા હતા અને છૂટા પથ્થરોના ઘા અને શરીરે ઢીકાપાટુંનો માર મારીને મૂઢ ઈજાઓ કરી હતી.



બૂમાબૂમ થતાં ફરિયાદીના પરિવારજનો છોડાવવા માટે દોડી આવ્યા હતા અને બાદમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત કેશવભાઈને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ મામલે કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં રમેશ હરિભાઈ રાઠોડ, હાર્દિક પ્રવીણભાઈ રાઠોડ, કલ્પેશ રમેશભાઈ રાઠોડ અને જગદીશ રમેશભાઈ રાઠોડ (તમામ રહે. ખોરાણા ગામ, રાજકોટ) વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. આ અંગેની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ નારણભાઈ શિરોળીયા દ્વારા ચલાવવામાં આવી રહી છે.

રાજકોટમાં ૩૦ પોલીસ કોન્સ્ટેબલોને હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી અપાઈ

રાજકોટ : શહેર પોલીસ દળમાં ફરજ બજાવતા અનામ્ર્ડ પોલીસ કોન્સ્ટેબલો માટે દિવાળી પૂર્વે ખુશીના સમાચાર સામે આવ્યા છે, જેમાં સરકારી જોગવાઈઓ, ખાતાકીય પરીક્ષાઓ પાસ કરનારા અથવા નિયત વયમર્યાદાના આધારે મુક્તિ મેળવનારા કુલ ૩૦ પોલીસ કર્મચારીઓને હેડ કોન્સ્ટેબલ તરીકે પ્રમોશન આપવામાં આવ્યું છે. આ બદલી અને બઢતીના આદેશ અનુસાર, પ્રમોશન મેળવનારા તમામ કર્મચારીઓને સરકારી નિયમો મુજબ પે-લેવલ રૂ. ૨૧,૭૦૦ - ૬૯,૧૦૦ અંતર્ગત હેડ કોન્સ્ટેબલ તરીકેનો પગાર અને ભથ્થાં મળવાપાત્ર થશે. આ બઢતીઓ હાલ પૂરતી કામચલાઉ ધોરણે આપવામાં આવી છે અને તમામ કર્મચારીઓની યાદી જાહેર કરીને તેમને બઢતી સાથેના નવા નિયુક્તિના સ્થળો પણ ફાળવી દેવામાં આવ્યા છે, જ્યાં તેમણે તાત્કાલિક અસરથી હાજર થવાનું રહેશે. ખાસ ઉલ્લેખનીય બાબત એ છે કે આ બઢતી મેળવનાર પોલીસ જવાનોમાં મોટાભાગે મહિલા પોલીસ જવાનોનો સમાવેશ થાય છે, જેમાં કુલ ૩૦ જવાનોમાંથી ૨૫ મહિલા પોલીસકર્મીઓ બઢતી પામ્યા છે. શહેર પોલીસે 'શોધ' અને '૧૧૨' જનરક્ષક પ્રોજેક્ટ અંતર્ગત નવી ઊભી કરાયેલ જગ્યાઓમાં આ બઢતી પામેલ જવાનોનો સમાવેશ કરવામાં આવશે.

દિવાળી પછી રાજકોટ જિલ્લામાં સરકારી અને ગૌચરની જમીનો પર બુલડોઝર ફરશે

દબાણખોરો પર તંત્રની 'સર્જિકલ સ્ટ્રાઈક'

કલેક્ટર ડો. ઓમપ્રકાશનો કડક આદેશઃ હાઈવે, જાહેર રસ્તા અને પડતર જમીનો પરથી ગેરકાયદે દબાણો હટાવવા વહીવટી તંત્રની આરપારની લડાઈ

રાજકોટ, તા. ૨૯

રાજકોટ જિલ્લામાં સરકારી અને ગૌચરની કિંમતી જમીનો પર ગેરકાયદેસર રીતે કબ્જો જમાવીને બેઠેલા ભૂમાફિયાઓ અને દબાણખોરો સામે જિલ્લા વહીવટી તંત્રએ આક્રમક વલણ અપનાવ્યું છે. રાજ્ય સરકારના મહેસૂલ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યભરમાં જાહેર રસ્તાઓ, હાઈવેની આસપાસ, સરકારી પડતર જમીનો તેમજ ગૌચર પર ખડકાયેલા અનાધિકૃત દબાણોને તાત્કાલિક અસરથી દૂર કરવા માટે એક ખાસ પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હતો. આ સરકારી આદેશના પગલે રાજકોટના જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશે એક્શન મોડમાં આવીને તમામ મહેસૂલી અધિકારીઓને કડક કામગીરી કરવાના સ્પષ્ટ નિર્દેશો આપી દીધા છે, જેના કારણે દબાણખોરોમાં ભારે ફાળ પડી છે.

પ્રકાશપર્વ દિવાળીના તહેવારો પૂર્ણ થતાં જ સમગ્ર રાજકોટ શહેર અને જિલ્લાભરમાં ગેરકાયદે બાંધકામો અને દબાણો પર બુલડોઝર ફેરવવાની ધડાધડ કામગીરી હાથ ધરવામાં આવનાર છે. રાજ્ય સરકારની સૂચના મુજબ સૌથી પહેલા તમામ વિસ્તારોમાં જમીન માપણી અને ડિમોલિશનની પ્રક્રિયા હાથ ધરાશે. આ અંગે કલેક્ટર દ્વારા જિલ્લાના તમામ મામલતદારો, ડેપ્યુટી કલેક્ટરો અને પ્રાંત અધિકારીઓને પોતપોતાના વિસ્તારમાં થયેલા દબાણોની વ્યાપક ઓળખ કરીને સર્વેની કામગીરી ઝડપથી આટોપી



લેવા તાકીદ કરવામાં આવી છે.

આ સમગ્ર ઝુંબેશ અંતર્ગત સંબંધિત અધિકારીઓએ દબાણ હેઠળની સરકારી જમીનોની વિગતો એકત્રિત કરી, તેની ચોક્કસ હદ નક્કી કરવાની રહેશે અને ત્યારબાદ જમીન માપણીની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. કલેક્ટર ડો. ઓમપ્રકાશે તમામ અધિકારીઓને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે આ સરકારી કામગીરીમાં કોઈપણ પ્રકારની બેદરકારી કે આળસ જરાય ચલાવી લેવામાં આવશે નહીં. આગામી સમયમાં યોજાનારી રેવન્યુ અધિકારીઓની મહત્વની બેઠકમાં પણ આ મુદ્દો કેન્દ્રસ્થાને રહેવાનો છે અને તેમાં હાથ ધરાયેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવશે.

જાહેર હિતને ધ્યાનમાં રાખીને સરકારે આ ઝુંબેશ માટે એક ખૂબ જ મહત્વપૂર્ણ અને પ્રજાલક્ષી નિર્ણય પણ લીધો છે. જાહેર રસ્તાઓ, સરકારી પડતર જમીન અને ગૌચર પરના દબાણો હટાવવા માટે હાથ ધરવામાં આવનારી જમીન માપણીની આ આખી પ્રક્રિયા સંપૂર્ણપણે નિઃશુલ્ક રહેશે. આ કામગીરી માટે કોઈપણ પક્ષકાર કે તંત્ર પાસેથી કોઈ જ પ્રકારની માપણી ફી વસૂલવામાં આવશે નહીં. સરકારી જમીનોને દબાણમુક્ત કરાવવાના આ નિર્ણયને સર્વોચ્ચ અગ્રતા આપવામાં આવી રહી છે અને દિવાળી પછી તંત્ર દ્વારા લેવાનારા આ આકરા પગલાંથી જિલ્લાની કરોડો રૂપિયાની સરકારી અને ગૌચરની જમીનો ખુલ્લી થશે.

શાન્શા સ્પાની આડમાં ચાલતું કુટણખાનું ઝડપાયું

AHTUની ટીમે પાંચ યુવતીઓને મુક્ત કરાવી : રોકડ, બે મોબાઈલ મળી ૧૫, ૬૫૦નો મુદામાલ કબજે : રિસેપિનસ્ટ, સંચાલક સહીત ૪ સામે ગુનો









રાજકોટ, તા.૨૯

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલીક, નાયબ પોલીસ કમિશ્નર ક્રાઇ. જગદીશ બાંગરવા તથા મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇ. ભરત બી. બસીયા દ્વારા દેહ વ્યાપારના કેસો શોધી કાઢવા માટે એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટને ખાસ સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના અંર્તગત એ.એચ.ટી.યુ. ની ટીમને બાતમી મળી હતી કે રાજકોટ શહેરના માલવીયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં અમીન માર્ગ પર તુલસી ઓપ્ટીકલ ઉપર ડિમ્પલ કોમ્પ્લેક્સ-૨ ખાતે આવેલ શાન્શા સ્પાના સંચાલક દ્વારા યુવતીઓ રાખીને મસાજના નામે બહારથી ગ્રાહકો બોલાવી દેહ વ્યાપારનો ધંધો કરાવાય છે અને આર્થિક લાભ મેળવાય છે.

આ હકીકતને આધારે એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટની ટીમ દ્વારા ડમી ગ્રાહક મોકલી અને પંચોને સાથે રાખીને સદરહું સ્પામાં રેડ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન સ્પાની આડમાં દેહવ્યાપારની પ્રવૃત્તિ ચાલતી હોવાનું પૂરવાર થયું હતું. આ સ્પામાં ગ્રાહક પાસેથી એન્ટ્રી ફી તરીકે રૂા. ૧૦૦૦ રોકડા લઈ સ્પામાં આવતા ગ્રાહકો સાથે શરીર સંબંધ બાંધીને ગ્રાહક દીઠ રૂ. ૨૫૦૦ અલગથી એક્સ્ટ્રા સર્વિસના નામે લેવામાં આવતા હતા. આમ, પોતાના આર્થિક ફાયદા માટે અન્ય યુવતીઓ પાસે દેહ વ્યાપારનો ધંધો કરાવનાર ઇસમો વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી સ્પામાંથી રોકડા રૂ. ૫૬૫૦ તથા બે મોબાઈલ કિંમત રૂ. ૧૦,૦૦૦ એમ કુલ રૂ. ૧૫,૬૫૦ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

આરોપીઓમાં આદિત્ય પ્રફુલભાઈ મજેઠીયા (ઉ.વ. ૨૯, રહે. પાવનપાર્ક એપાર્ટમેન્ટ, સત્યસાઈ રોડ, રાજકોટ - વોન્ટેડ), ક્રિશ હિતેશભાઈ રૂઘાણી (ઉ.વ. ૨૩, રહે. સત્યસાઈ હોસ્પિટલ સામે, સત્યસાઈ રોડ, રાજકોટ - વોન્ટેડ), પ્રતિક શૈલેષભાઈ મજેઠીયા (ઉ.વ. ૩૯, રહે. પાવનપાર્ક એપાર્ટમેન્ટ, સત્યસાઈ રોડ, રાજકોટ - સંચાલક) અને રવિનાબેન રામજીભાઈ વાઘેલા (ઉ.વ. ૨૩, રહે. રાજકોટ - રિસેપિનસ્ટ અને ટેલીકોલર) નો સમાવેશ થાય છે. પોલીસે આ સમગ્ર મામલે રાજકોટ શહેર માલવીયાનગર પોલીસ સ્ટેશન ખાતે ધી ઇમોરલ ટ્રાફીકીંગ પ્રિવેન્શન એક્ટ - ૧૯૫૬ ની કલમ ૩, ૪ અને ૫ મુજબનો ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને દેહ વ્યાપારના અડ્ડામાંથી પાંચ યુવતીઓને મુક્ત પણ કરાવવામાં આવી છે. એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટના પીઆઈ પી.એન. પઢિયાર, એ.એસ.આઈ. સલીમભાઈ બી. મકરાણી, અજયકુમાર આર. શુક્લા, ધર્મેન્દ્રસિંહ એચ. જાડેજા, હેડ કોન્સ્ટેબલ જીગ્નેશભાઈ આર. મારૂ, ગિરીરાજસિંહ જાડેજા તથા કોન્સ્ટેબલ હસમુખભાઈ બાલધા, મહેશ ગણેશપ્રસાદ પ્રસાદ, સૂર્યકાંતભાઈ જાદવ, જ્યોતિબેન બાબરીયા અને ભૂમિકાબેન રાજુભાઈ ઠાકર દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી હતી.

દિવાળીમાં રાજકોટ ઝગમગી ઉઠશે

RMC દ્વારા રેસકોર્સ રિંગરોડ પર ભવ્ય રોશની કાર્નિવલનું આયોજન : ધનતેરસની સાંજે ભવ્ય આતશબાજી



રાજકોટ, તા. ૨૯

દિવાળીના પવિત્ર અને ઉમંગભર્યા તહેવારોને વધાવવા માટે રંગીલું રાજકોટ શહેર આ વખતે અનોખી રોશની અને ઉત્સાહ સાથે ઝગમગી ઉઠશે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનો માટે દિવાળી પર્વને વધુ યાદગાર અને દિવ્ય બનાવવા માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે, જેના ભાગરૂપે શહેરના ધબકારા સમાન રેસકોર્સ રિંગરોડ પર એક ભવ્ય રોશની કાર્નિવલ યોજાવા જઈ રહ્યો છે. આ ભવ્ય આયોજન અંગે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને સત્તાવાર નિવેદન આપતા જણાવ્યું છે કે મનપા દ્વારા તહેવારોની મોસમમાં નગરજનોને ઉત્સવનો શ્રેષ્ઠ અનુભવ કરાવવા માટે તમામ તૈયારીઓ આખરી ઓપ આપવામાં આવી રહી છે.

આ આગામી કાર્નિવલને લઈને શહેરીજનોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. દિવાળીના તહેવારો દરમિયાન રેસકોર્સ રિંગરોડનો સમગ્ર વિસ્તાર આકર્ષક, રંગબેરંગી અને ઝળહળતી લાઈટોથી સજાવવામાં આવશે, જેથી સાંજના સમયે ફરવા નીકળતા લોકો એક અલૌકિક વાતાવરણનો અનુભવ કરી શકે. ખાસ કરીને ધનતેરસના પવિત્ર દિવસે નગરજનો માટે આકાશમાં આતશબાજીનો એક અદ્ભૂત અને નયનરમ્ય નઝારો જોવા મળશે, જે આખા શહેરના આકાશને રોશની અને રંગોથી ભરી દેશે. પારિવારિક માહોલમાં ઉજવાતા આ પર્વમાં લોકો પરિવાર સાથે આ આતશબાજીની ક્ષણોને માણી શકશે.

આ ભવ્ય રોશની કાર્નિવલ માત્ર આંખોને જ નહીં પરંતુ ખાણીપીણીના શોખીનોની જીભને પણ સ્વાદિષ્ટ અનુભવ કરાવશે. મનપાના આ વિશેષ આયોજનમાં રોશનીની સાથે સાથે સ્ટ્રીટ ફૂડનું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટની ખાણીપીણી સમગ્ર ગુજરાતભરમાં પોતાની ચટકાદાર અને અનોખી લાક્ષણિકતાઓ માટે જાણીતી છે ત્યારે આ કાર્નિવલના માધ્યમથી શહેરીજનો રાજકોટની પ્રખ્યાત અને લોકપ્રિય ખાણીપીણીની વિવિધ વાનગીઓનો લિજ્જતદાર સ્વાદ માણી શકશે. એક જ જગ્યા પર રોશનીનો ઝળહળાટ અને ખાણીપીણીની રમઝટ નગરજનો માટે શનિ-રવિ કે દિવાળીની રજાઓમાં મનોરંજનનું મુખ્ય કેન્દ્ર બનશે.

આ સમગ્ર આયોજન પાછળ મનપાની વહીવટી કુશળતા પણ વિશેષરૂપે જોવા મળી રહી છે. તહેવારોના આ ભવ્ય આયોજનમાં મનપા દ્વારા વિશેષ કાળજી રાખવામાં આવી રહી છે કે જનતાના ટેક્સના નાણાંનો બિનજરૂરી ખર્ચ ન થાય અને સાથેસાથે વીજળીનો પણ મહત્તમ બચાવ થઈ શકે. ખર્ચ ઓછો થાય અને વીજળીની બચત જળવાઈ રહે તે માટે ઊર્જા-બચત કરતી અત્યાધુનિક લાઈટિંગ સિસ્ટમનો ઉપયોગ કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે, જેથી પર્યાવરણ અને ઊર્જા સંરક્ષણની સાથે સાથે ઉત્સવની રોનક પણ અકબંધ રહી શકે. મનપાના આ લોકઉપયોગી અને આકર્ષક નિર્ણયને કારણે આ વર્ષે રાજકોટવાસીઓની દિવાળી ખરા અર્થમાં દીપોત્સવી અને યાદગાર બની રહેશે તેમાં કોઈ શંકા નથી.

સગીરાને ભગાડી જઈ આચર્યું દુષ્કર્મ

રાજકોટ તાલુકા પોલીસે સગીરાની ભાળ મેળવી ટીમ રવાના કરી

રાજકોટ, તા.૨૮

રાજકોટ શહેરમાંથી શંકાસ્પદ સંજોગોમાં લાપતા બનેલી એક સગીરાને લગ્નની લાલચ આપીને મધ્યપ્રદેશ ભગાડી જવા અને ત્યાં તેની સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ મામલે સગીરાની માતા દ્વારા રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે, જેના પગલે પોલીસે સગીરાની ભાળ મેળવીને તેનો કબજો મેળવવા માટે મધ્યપ્રદેશ ખાસ ટીમ મોકલી આપી છે.

ઘટનાની વિગતવાર માહિતી અનુસાર, રાજકોટ શહેરના એક વિસ્તારની ઝૂપડપટ્ટીમાં રહેતી સગીર વયની તરુણી અચાનક પોતાના વાલીઓથી ભેદી સંજોગોમાં ગુમ થઈ ગઈ હતી. પરિવારજનો દ્વારા તેની આસપાસ અને



સગા સંબંધીઓમાં વ્યાપક શોધખોળ કરવા છતાં તેનો કોઈ પત્તો ન લાગતા અંતે રાજકોટ તાલુકા પોલીસ મથકનો સંપર્ક સાધીને ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

તપાસ દરમિયાન તરુણીની માતાના હાથ લાગેલા પુરાવાઓ અને બાતમીના આધારે બહાર આવ્યું હતું કે, મૂળ મધ્યપ્રદેશનો વતની અને હાલ રાજકોટના પુનીતનગર ટાંકા વિસ્તારમાં રહેતો વિજયનાનું મોહનીયા નામનો શખ્સ સગીરાને પ્રેમસંબંધ અને લગ્નની લાલચ આપીને પોતાની સાથે ભગાડી ગયો હતો. આ મામલે પોલીસે સગીરાની પ્રાથમિક ભાળ મેળવી લીધી છે અને તેનો કબજો મેળવવા માટે પોલીસની એક ટીમને તાત્કાલિક મધ્યપ્રદેશ રવાના કરવામાં આવી છે.

બીજી તરફ, સગીરાને ભગાડી જનાર આરોપી વિજયનાનું મોહનીયા હાલ પોલીસ પકડથી દૂર છે અને તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે. વળી, તરુણી પર દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની અને તે મધ્યપ્રદેશમાં હોવાની વિગતો માતા સુધી કઈ રીતે પહોંચી તથા સમગ્ર પ્રકરણમાં અન્ય કોઈ શંકાસ્પદ બાબતો છે કે કેમ તે તમામ દિશાઓમાં પોલીસે ઊંડાણપૂર્વક તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

તોલમાપ વિભાગના 'ઘોડા છૂટ્યા પછી તબેલાને તાળા' જેવા નિષ્ક્રિય વલણ સામે જાગૃત નાગરિકની કલેક્ટર સમક્ષ રજૂઆત

દિવાળી ટાણે ગ્રાહકોના ખિસ્સા પર બોજ

ગ્રાહકો સાથે આર્થિક છેતરપિંડી આચરવાના કાળાં કારોબારો પર ઓછું વજન આપતા બેફામ વેપારીઓ સામે તોલમાપ વિભાગ એક્શનમાં



રાજકોટ, તા. ૨૯

દિવાળીના પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે રાજકોટની બજારો ખરીદીના રંગમાં રંગાઈ ચૂકી છે. લોકો ઉત્સાહભેર તહેવારની તૈયારીઓમાં વ્યસ્ત છે, પરંતુ આ હર્ષોલ્લાસ વચ્ચે ગ્રાહકો સાથે આર્થિક છેતરપિંડી આચરવાના કાળાં કારોબારો પણ પૂરબહારમાં ખીલ્યા છે. ખરીદી કરતી વખતે ગ્રાહકોને વજનમાં ઓછું આપવું અને ત્યારબાદ તેના વિરોધમાં સવાલ કરનાર ગ્રાહક સાથે ગેરવર્તણૂક, તોછડી ભાષાનો પ્રયોગ તથા મારામારી સુધી ઉતરી જવાના કિસ્સાઓ દિનપ્રતિદિન વધી રહ્યા છે. આ ગંભીર પરિસ્થિતિમાં અત્યાર સુધી સદંતર નિષ્ક્રિય અને ઘસવાળું વલણ અપનાવીને બેઠેલા તોલમાપ વિભાગને જાણે કુંભીકરણની નિંદ્રામાંથી બહાર લાવીને તાત્કાલિક સઘન ચેકીંગ હાથ ધરવાની તાતી જરૂરિયાત ઊભી થઈ છે. આ પ્રશ્નને ગંભીરતાથી લઈને રાજકોટના જાગૃત નાગરિક સવજીભાઈ સી. ફળદુએ જિલ્લા કલેક્ટરને સત્તાવાર આવેદનપત્ર પાઠવીને કડક હાથે પગલાં લેવા માટે ભારપૂર્વક રજૂઆત કરી છે.

શહેરની અંદર રોડ-રસ્તાઓ ઉપર ફરતી લારી-રેકડીઓ, ચાલતાં-ફરતાં રીક્ષા વાહનોના માધ્યમથી થતું વેચાણ, કરિયાણાની નાની-મોટી દુકાનો, પંડીત દીનદયાલ ઉપાધ્યાય સંચાલિત સસ્તા અનાજની દુકાનો, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના હોકર્સ ઝોન તેમજ પ્રત્યેક વારે ભરાતી ગુજરી બજારોના પાથરણાંવાળા વેપારીઓ, ફૂટનું વેચાણ કરતા ધંધાર્થીઓથી માંડીને સોના-ચાંદીના મોટા ઝવેરીઓ અને ખાદ્યપદાર્થોના વિક્રેતાઓ દ્વારા ગ્રાહકોની આંખમાં ધૂળ નાખવાના ખેલ ખુલ્લેઆમ ખેલાઈ રહ્યા છે. તોલ-કાંટા અને માપની અંદર ગ્રાહકોને દગાખોરી કરી વજન ઓછું આપવાની આ પ્રવૃત્તિ હવે સીધી ગ્રાહકોના સ્વાભિમાન અને સુરક્ષા પર હુમલો બની રહી છે. જ્યારે છેતરપિંડીનો ભોગ બનેલો જાગૃત ગ્રાહક વેપારી સમક્ષ વજન પૂરેપૂરું આપવા કે હિસાબ માંગવા જાય છે, ત્યારે વેપારીઓ દ્વારા ગ્રાહક સામે ઉલટાના તોછડાં વેણ ઉચ્ચારીને ગેરશબ્દોનો પ્રયોગ કરવામાં આવે છે અને વાત છેક મારામારી કે હુમલા સુધી પહોંચી જાય છે, જે કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ પણ ચિંતાનો વિષય છે.

તહેવારોની આ મોસમમાં સામાન્ય પ્રજા આર્થિક શોષણનો ભોગ ન બને અને બજારોમાં વેપારીઓની ગેરરીતિઓ પર અંકુશ આવે તે માટે વહીવટી તંત્રનું સક્રિય થવું અનિવાર્ય છે. આ આવેદનપત્રના માધ્યમથી એવી જોરદાર માંગ કરવામાં આવી છે કે રાજકોટ શહેરની હદમાં તોલ-કાંટા અને માપના સાધનો દ્વારા ધંધો-રોજગાર કરતા પ્રત્યેક વેપારીની દુકાને કે સ્થળે જઈને સઘન સર્વે અને તપાસ અભિયાન હાથ ધરવામાં આવે. જે પણ વેપારી માલિકો ગ્રાહકોને તોલ-માપમાં ઓછું વજન આપતા રંગે હાથે ઝડપાય કે ગ્રાહકો સાથે ગેરવર્તણૂક કરતા માલૂમ પડે, તેવા તત્વો સામે કાયદાકીય જોગવાઈઓની કડકમાં કડક કલમો હેઠળ ત્વરિત અને દાખલારૂપ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવે. તંત્રની આ પ્રકારની સક્રિયતા જ ગ્રાહકોના અધિકારોનું રક્ષણ કરી શકશે અને તહેવારોનો આનંદ નાગરિકો કોઈપણ પ્રકારના શોષણ કે ડર વિના માણી શકશે.

વેપારીઓ પરેશાન ચેમ્બર મજામાં

દિવાળીએ સોની બજારમાં ખટરાગ, ધંધાર્થીઓ તંગ

રાજકોટની પ્રખ્યાત સોની બજારમાં દિવાળી જેવા પવિત્ર તહેવાર ટાણે જ બુટલેગરની વેપારીઓ અને ગ્રાહકો સાથે માથાકૂટ થવાની ઘટના સામે આવી છે. આ બનાવથી સમગ્ર વેપારી આલમમાં ભારે રોષ અને ફફડાટ ફેલાઈ ગયો છે.

રાજકોટ જેવા વ્યાપારી હબમાં અસામાજિક તત્વોનો ત્રાસ દિનપ્રતિદિન વધતો જાય છે. દિવાળીના તહેવારોમાં જ્યારે ગ્રાહકો ખરીદી કરવા માટે મોટી સંખ્યામાં બજારમાં આવતા હોય છે, ત્યારે જ બુટલેગરો અને ગુંડાઓ દ્વારા આ પ્રકારે માથાકૂટ કરવામાં આવે છે. આનાથી વેપારીઓનો ધંધો તો પ્રભાવિત થાય જ છે, સાથે સાથે ગ્રાહકોમાં પણ ભયનું વાતાવરણ ઊભું થાય છે. વ્યાજખોરો અને ગુનેગારોના ત્રાસના કારણે અગાઉ પણ અનેક વ્યાપારીઓએ જીવ ગુમાવ્યા છે, છતાં વહીવટી તંત્ર અને સંગઠનો આંખ આડા કાન કરી રહ્યા છે.

આ સમગ્ર પરિસ્થિતિ પાછળનું મુખ્ય કારણ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની નબળી અને નિસ્ક્રિય કામગીરી છે. ગુજરાતમાં જ્યારે ખેડૂતો પર મુશ્કેલી આવે છે અથવા દુકાળ જેવી સ્થિતિ સર્જાય છે, ત્યારે ખેડૂત સંગઠનો સક્રિય હોવાને કારણે સરકારને તત્કાળ સહાય જાહેર કરવી પડે છે. ખેડૂત સંગઠનો પોતાની હક્કની લડાઈ લડી જાણે છે.

પરંતુ, આનાથી તદ્દન વિપરીત સ્થિતિ વ્યાપારીઓની છે. વ્યાપારીઓ આજે ચારેય બાજુથી હેરાન-પરેશાન છે, તેમ છતાં સરકાર આ સમસ્યાને ગંભીરતાથી લેતી નથી. તેનું મુખ્ય કારણ એ છે કે રાજકોટનું વ્યાપારી સંગઠન ચેમ્બર ઓફ કોમર્સ સાવ ડલ અને નિષ્ક્રિય બની ગયું છે. ચેમ્બર માત્ર સરકાર સામે મુજરા કરતી સંસ્થા બની ગઈ હોય તેવું પ્રતીત થાય છે. વ્યાપારીઓની હત્યાઓ થાય કે તેમની દુકાનો પર અસામાજિક તત્વો આતંક મચાવે, પરંતુ ચેમ્બર દ્વારા એક સાધારણ વિરોધનું નિવેદન પણ આપવામાં આવતું નથી.

ચેમ્બરના હોદ્દેદારો માત્ર પોતાની મોજશોખમાં વ્યસ્ત રહે છે અને વ્યાપારીઓના પ્રશ્નો સાંભળવાની તેમને નવરાશ નથી. પરિણામે, વ્યાપારીઓએ પોતાની સમસ્યાઓ અને સુરક્ષા માટે હવે ખુદે જ મેદાનમાં આવવું પડે છે. જો વેપારીઓને બચાવવા હોય અને ધંધાકીય વાતાવરણ શાંતિમય રાખવું હોય, તો ચેમ્બરે પોતાની નિસ્ક્રિયતા ખંખેરીને સક્રિય બનવું પડશે. વહીવટી તંત્ર અને પોલીસ પ્રશાસને પણ સોની બજાર જેવા સંવેદનશીલ વિસ્તારોમાં અસામાજિક તત્વો સામે સખત પગલાં લેવા અનિવાર્ય છે.

SIR ફોર્મ-૬ અને તાર્કિક વિસંગતતા

સુપ્રીમ કોર્ટના નિર્ણયની આડમાં ચૂંટણી પંચે કેટલા મત કાપ્યા?



નવીદિલ્હી, તા. ૨૯

સુપ્રીમ કોર્ટે SIR માં મતદારોના નામોની ચકાસણી માટે તાર્કિક વિસંગતતા શ્રેણીના ઉપયોગ પર પ્રશ્ન ઉઠાવ્યો છે. બુધવારે, CJI સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનાની બનેલી બેન્ચે જણાવ્યું હતું કે કોર્ટે હજુ સુધી આ પ્રક્રિયાની માન્યતા અંગે અંતિમ નિર્ણય જારી કર્યો નથી. બંગાળમાં અગાઉ આપવામાં આવેલી પરવાનગી વચગાળાની હતી. બિહાર SIR કેસમાં નિર્ણયનો અર્થ એ નથી કે SIR સંબંધિત તમામ મુદ્દાઓ ઉકેલાઈ ગયા છે. સુપ્રીમ કોર્ટે દિલ્હી SIR દરમિયાન ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી દૂર કરાયેલા આશરે ૪.૩ મિલિયન લોકોએ તેમના નામ ફરીથી નોંધાવવા માટે ફોર્મ-૬ ભરવાની જરૂરિયાત પર પ્રશ્ન ઉઠાવ્યો હતો. કોર્ટે પૂછ્યું કે જો આ ફોર્મ પહેલી વાર મતદારો માટે છે, તો હાલના મતદારોએ તેનો ઉપયોગ શા માટે કરવો જરૂરી છે? આ કેસની સુનાવણી ૧૭ નવેમ્બરે થશે. ચાલો જાણીએ કે ફોર્મ-૬ અને તાર્કિક વિસંગતતાઓને કારણે દિલ્હી, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ અને બિહારમાં કેટલા લોકોના નામ પ્રભાવિત થયા હતા અને કેટલા ફોર્મ-૬ અરજીઓ નકારી કાઢવામાં આવી હતી?

પશ્ચિમ બંગાળમાં, તાર્કિક વિસંગતતાઓના આધારે આશરે ૨.૭૧૬ મિલિયન લોકોના નામ દૂર કરવાના આદેશો જારી કરવામાં આવ્યા હતા. આ શ્રેણીના મતદારોનું મૂલ્યાંકન તેમના નામ, ઉંમર, માતાપિતાની ઉંમર અને અગાઉના મતદાર રેકોર્ડમાં વિસંગતતાઓના આધારે કરવામાં આવ્યું હતું. ટ્રિબ્યુનલે ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીમાં કુલ ૧૨૬,૧૯૪ અપીલોનો ઉકેલ લાવ્યો હતો. આમાંથી ૮૨,૭૮૨ અપીલો પર પ્રક્રિયા કરવામાં આવી હતી, જેમાં ૭૫,૪૪૩ નામો પુનઃસ્થાપિત કરવામાં આવ્યા હતા અને ૭,૩૩૯ નામો દૂર કરવામાં આવ્યા હતા. જો કે, આ આંકડા અપીલ ટ્રિબ્યુનલ સમક્ષ દાખલ કરાયેલા કેસોનું પ્રતિનિધિત્વ કરે છે, કુલ ૨.૭૧૬ મિલિયન કાઢી નાખવામાં આવેલા કેસોનું નહીં.

દિલ્હીમાં, ૧૯.૩૪ મિલિયન મતદારોને તાર્કિક વિસંગતતાઓની નોટિસ જારી કરવામાં આવી હતી. ૨૮ ઓક્ટોબર સુધીમાં, આમાંથી ૧૮.૯૬ મિલિયન કેસોનો ઉકેલ લાવવામાં આવ્યો હતો, જેનાથી તેમને અંતિમ મતદાર યાદીમાં સામેલ કરવામાં આવ્યા હતા. આનો અર્થ એ થયો કે લગભગ ૩૭,૫૬૮ કેસ પેન્ડિંગ રહ્યા હતા. વધુમાં, ૧.૩૮ મિલિયન લોકોને ૨૦૦૨ ની મતદાર યાદી સાથે તેમનો સંબંધ સાબિત કરવામાં નિષ્ફળ રહેવા બદલ નોટિસ મળી હતી. ઉત્તર પ્રદેશમાં, ચૂંટણી અધિકારીઓએ ફેબ્રુઆરી ૨૦૨૬ માં અહેવાલ આપ્યો હતો કે ૩૨.૬ મિલિયન મતદારોને SIR હેઠળ નોટિસ આપવામાં આવી હતી. આમાંથી, ૨.૨૨ મિલિયન તાર્કિક વિસંગતતાઓ સાથે સંબંધિત હતા. આમાંથી કેટલા કેસ ઉકેલાયા તે અજ્ઞાત છે. જોકે, ૬ માર્ચ, ૨૦૨૬ સુધીમાં, ૩૨.૬ મિલિયન નોટિસ કેસમાંથી આશરે ૨૮ મિલિયન કેસોની સુનાવણી થઈ ગઈ હતી. જંઈછ બિહારમાં પણ હાથ ધરવામાં આવ્યો હતો, પરંતુ તાર્કિક વિસંગતતા શ્રેણીનો ત્યાં સમાવેશ કરવામાં આવ્યો ન હતો.

ફોર્મ ૬ નો ઉપયોગ મતદાર યાદીમાં નામ ઉમેરવા માટે થાય છે. ચૂંટણી પંચે તેમાં એક ઘોષણા ઉમેરી, જેમાં અરજદારોને અગાઉના જંઈછ માંથી પોતાના અથવા તેમના માતાપિતા/દાદા-દાદી સંબંધિત વિગતો પ્રદાન કરવાની જરૂર હતી. ચૂંટણી કમિશનરોએ આ ફેરફાર સામે વાંધો ઉઠાવ્યો. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે ફોર્મ ૬ પહેલી વાર મત આપનારાઓ માટે છે. જેઓ પહેલાથી જ મતદાતા છે અને ફક્ત સ્થળાંતર કરી રહ્યા છે તેમની પાસે ફોર્મ ૮ અથવા અન્ય યોગ્ય પ્રક્રિયાઓનો ઉપયોગ કરવાનો વિકલ્પ હોવો જોઈએ.

પશ્ચિમ બંગાળમાં, ૧૭ ડિસેમ્બર, ૨૦૨૫ થી ૭ ઓગસ્ટ, ૨૦૨૫ દરમિયાન નામ ઉમેરવા માટે મળેલી ૩૪.૧૩ લાખ ફોર્મ-૬ અરજીઓમાંથી ૭.૨૬ લાખ અરજીઓ નામંજૂર કરવામાં આવી હતી. બિહારમાં, ૧ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર થયા પછી, ૨૨.૬૦ લાખ ફોર્મ-૬ અરજીઓ સબમિટ કરવામાં આવી હતી. તેમાંથી ૨૧.૫ લાખ અરજીઓ સ્વીકારવામાં આવી હતી અને ૧,૦૬,૩૦૪ અરજીઓ નામંજૂર કરવામાં આવી હતી. ઉત્તર પ્રદેશમાં, ૨૭ ઓક્ટોબર, ૨૦૨૫ થી ૬ માર્ચ, ૨૦૨૬ દરમિયાન મતદાર યાદીમાં નામ ઉમેરવા માટે કુલ ૮૬,૬૯,૦૭૩ ફોર્મ-૬ અરજીઓ પ્રાપ્ત થઈ હતી. દિલ્હીમાં, ૨૭ ઓક્ટોબર, ૨૦૨૬ સુધીમાં કુલ ૨,૭૧,૬૩૯ ફોર્મ-૬ અરજીઓ પ્રાપ્ત થઈ છે. જોકે, ચૂંટણી પંચે બંને રાજ્યોમાં નામંજૂર કરાયેલી અરજીઓની સંખ્યા જાહેર કરી નથી.

ભારતનું હવાઈ સંરક્ષણ બનશે અભેદ્ય

જ-૪૦૦ મિસાઈલ સિસ્ટમની પાંચમી અને છેલ્લી સ્ક્વોડ્રન નવેમ્બરમાં થશે પ્રાપ્ત



નવીદિલ્હી, તા. ૨૯

ભારતને નવેમ્બર ૨૦૨૬ માં રશિયા પાસેથી જ-૪૦૦ ટ્રાયમ્ફ એર ડિફેન્સ સિસ્ટમનો પાંચમો અને અંતિમ સ્ક્વોડ્રન મળવાની અપેક્ષા છે. આનાથી ૨૦૧૮ માં ભારત અને રશિયા વચ્ચે સંમત થયેલા પાંચ જ-૪૦૦ સ્ક્વોડ્રનની ડિલિવરી પૂર્ણ થશે. ભારતે આ કરાર હેઠળ અત્યાર સુધીમાં ચાર જ-૪૦૦ સ્ક્વોડ્રન મેળવ્યા છે. જોકે, રશિયા-યુક્રેન સંઘર્ષને કારણે રશિયાના સંરક્ષણ ઉત્પાદન અને સપ્લાય ચેઇનમાં વિક્ષેપોને કારણે છેલ્લા સ્ક્વોડ્રનની ડિલિવરીમાં વિલંબ થયો છે. જ-૪૦૦ એ રશિયામાં ઉત્પાદિત એક અત્યાધુનિક લાંબા અંતરની હવાઈ સંરક્ષણ પ્રણાલી છે. તે દુશ્મનના ફાઇટર એરક્રાફ્ટ, ક્રુઝ મિસાઇલો અને ચોક્કસ પ્રકારના બેલિસ્ટિક મિસાઇલોને નિશાન બનાવવામાં સક્ષમ છે. તેમાં એક અત્યાધુનિક રડાર, મિસાઇલ લોન્ચર અને કમાન્ડ એન્ડ કંટ્રોલ સિસ્ટમનો સમાવેશ થાય છે. આ સિસ્ટમ ભારત માટે મહત્વપૂર્ણ છે કારણ કે તે પાકિસ્તાન અને ચીન તરફથી હવાઈ ખતરોનો સામનો કરવાની તેની ક્ષમતાને મજબૂત બનાવે છે. ભારતીય વાયુસેના પાસે પહેલાથી જ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ વિસ્તારોમાં ચાર જ-૪૦૦ સ્ક્વોડ્રન તૈનાત છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, દિલ્હી-એનસીઆરના હવાઈ સંરક્ષણને મજબૂત બનાવવા માટે પાંચમી જ-૪૦૦ સ્ક્વોડ્રન તૈનાત થવાની ધારણા છે. જોકે, હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ મળી નથી. જોકે, નવેમ્બરમાં સિસ્ટમની ડિલિવરી પછી પણ, તેને તાત્કાલિક કાર્યરત રીતે તૈયાર ગણી શકાય નહીં. આ માટે, તમામ સાધનોની ડિલિવરી, ટેકનિકલ એકીકરણ અને જરૂરી તૈયારીઓ પૂર્ણ કરવાની જરૂર પડશે. ભારત તેની લાંબા અંતરની હવાઈ સંરક્ષણ ક્ષમતાઓને વધુ મજબૂત બનાવવા માટે પણ કામ કરી રહ્યું છે. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર, માર્ચ ૨૦૨૬ માં, સંરક્ષણ સંપાદન પરિષદ (DAC) એ પાંચ વધારાના જ-૪૦૦ સ્ક્વોડ્રનની ખરીદી માટેના પ્રસ્તાવોને મંજૂરી આપી હતી. આ દરખાસ્ત હાલના પાંચ-સ્ક્વોડ્રન કરારથી અલગ છે. જો વધારાની સિસ્ટમની ખરીદી આગળ વધે છે, તો ભવિષ્યમાં ભારતની હવાઈ સંરક્ષણ ક્ષમતાઓ વધુ મજબૂત થઈ શકે છે. હાલમાં, ભારત નવેમ્બરમાં પાંચમી અને અંતિમ જ-૪૦૦ સ્ક્વોડ્રનની અપેક્ષિત ડિલિવરીની રાહ જોઈ રહ્યું છે. ભારતને નવેમ્બર ૨૦૨૬ સુધીમાં રશિયા પાસેથી જ-૪૦૦ ટ્રાયમ્ફ હવાઈ સંરક્ષણ પ્રણાલીનો પાંચમો અને અંતિમ સ્ક્વોડ્રન પ્રાપ્ત થશે, જે તેની હવાઈ સંરક્ષણ ક્ષમતાઓમાં વધારો કરશે. રશિયા-યુક્રેન યુદ્ધને કારણે ડિલિવરીમાં વિલંબ થયો હતો.

જ્ઞાનેશ કુમાર પર 'જાહેર મહાભિયોગ' કેવી રીતે થશે?

ખડગેનું ઘર સંસદ નહીં, પણ સ્થળ હશે : લગભગ ૧૫૦ થી ૨૦૦ સાંસદો હાજર રહે તેવી અપેક્ષા

નવીદિલ્હી, તા. ૨૯

વિપક્ષી ભારત ગઠબંધન હવે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે સંસદીય મહાભિયોગ પ્રક્રિયાથી પ્રેરિત થઈને એક રાજકીય પ્લેટફોર્મ બનાવવા માટે રસ્તાઓથી આગળ વધી રહ્યું છે... પરંતુ આ વખતે, સંસદ નહીં હોય, લોકસભા સ્પીકર નહીં હોય, રાજ્યસભાના અધ્યક્ષ નહીં હોય. આ સમગ્ર કાર્યક્રમ કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેના દિલ્હી નિવાસસ્થાને યોજાશે. ૩૦ ઓક્ટોબરે યોજાનાર આ કાર્યક્રમને "જાહેર મહાભિયોગ" નામ આપવામાં આવ્યું છે. લગભગ ૧૫૦ થી ૨૦૦ સાંસદો હાજર રહે તેવી અપેક્ષા છે. તંબુઓ ઉભા કરવામાં આવી રહ્યા છે, લાઈટિંગ લગાવવામાં આવી રહી છે, એક સ્ટેજ તૈયાર કરવામાં આવી રહ્યું છે અને લાઇવ પ્રસારણ માટે મલ્ટી-કેમેરા સેટઅપ સ્થાપિત કરવામાં આવી રહ્યું છે. પરંતુ આ સમગ્ર કાર્યક્રમનું કાવતરું શું હશે? શું જ્ઞાનેશ કુમાર સામે મોક સંસદ યોજાશે? શું કોર્ટની જેમ આરોપો વાંચીને ચર્ચા કરવામાં આવશે? કે પછી સંસદથી અલગ રાજકીય કાર્યક્રમ યોજાશે?

દિલ્હીમાં કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેનું સત્તાવાર નિવાસસ્થાન ૧૦ રાજાજી માર્ગ. આ તે સ્થાન છે જ્યાં ભારત ગઠબંધનના સાંસદો અને નેતાઓ ભેગા થશે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે જાહેર મહાભિયોગ જેવી ઘટનાનું આયોજન કરવાનો ધ્યેય છે. શરૂઆતમાં, આ કાર્યક્રમ અન્ય સ્થળોએ યોજવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. કોંગ્રેસના નેતાઓએ આરોપ લગાવ્યો હતો કે તેમને સ્થળની પરવાનગી ન આપવામાં આવી હતી. ત્યારબાદ, ખડગેના નિવાસસ્થાનને સ્થળ તરીકે પસંદ કરવામાં આવ્યું હતું. જયરામ રમેશે ૨૮ ઓક્ટોબરના રોજ સોશિયલ મીડિયા પર તેની જાહેરાત કરી હતી, તેને જાહેર મહાભિયોગ ગણાવ્યો હતો. આ કાર્યક્રમ બપોરે ૩:૩૦ વાગ્યે શરૂ થવાનો છે અને લગભગ ૬ વાગ્યા સુધી ચાલુ રહેવાનો છે. ત્યારબાદ નાસ્તાનો કાર્યક્રમ યોજાવાનો છે.



લગભગ ૧૫૦ થી ૨૦૦ ગઠબંધન સાંસદો હાજરી આપે તેવી અપેક્ષા છે.

આ કાર્યક્રમ અંગે ભારત ગઠબંધનમાં ઘણા વિચારો ઉભરી આવ્યા. સૂત્રોના જણાવ્યા અનુસાર, પહેલો વિચાર સંસદીય કાર્યવાહીનું અનુકરણ કરીને મોક સંસદનું આયોજન કરવાનો હતો. રૂપરેખા નીચે મુજબ હતી: એક તરફ શાસક પક્ષ, બીજી તરફ વિપક્ષ, મધ્યમાં સ્પીકરની ખુરશી, અને કોઈ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને સામે દર્શાવતું. વિવિધ નેતાઓ વિવિધ ભૂમિકાઓ ભજવશે. કોઈ વડા પ્રધાનની ભૂમિકા ભજવશે, કોઈ સ્પીકરનું પાત્ર ભજવશે અને કોઈ જ્ઞાનેશ કુમારનું પાત્ર ભજવશે. પછી, સંસદીય શૈલીની ચર્ચા યોજાશે, અને મહાભિયોગ પ્રક્રિયા યોજાશે. જોકે, કેટલાક ગઠબંધન નેતાઓ દ્વારા આ વિચાર પર સવાલ ઉઠાવવામાં આવ્યા હતા. તેમણે દલીલ કરી હતી કે સમગ્ર દેશ માટે ફક્ત એક જ સંસદ છે. બહાર સંસદની બરાબર પ્રતિકૃતિ બનાવવાથી રાજકીય વિવાદ થઈ શકે છે, અને ભાજપ તેને સંસદનું અપમાન તરીકે રજૂ કરી શકે છે.

બીજો વિચાર સંસદની નકલ કરવાને બદલે કોર્ટની જેમ કાર્યવાહી ચલાવવાનો હતો. આ મોડેલમાં, જ્ઞાનેશ કુમાર સામેના આરોપો વાંચવામાં આવશે. બંને પક્ષના નેતાઓ વકીલોની જેમ પોતાની દલીલો રજૂ કરશે. ચર્ચા પછી નિષ્કર્ષ અથવા રાજકીય ચુકાદો આપવાનો વિચાર હતો, પરંતુ આ વિકલ્પ પર પણ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, કેટલાક નેતાઓ માનતા હતા કે કોર્ટ જેવી કાર્યવાહી યોજવી ન્યાયિક પ્રક્રિયાની મજાક ઉડાવતી હોય તેવું લાગી શકે છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

ચિંતનની ક્ષણે

આપણી હિન્દુ સનાતન સંસ્કૃતિ પાયામાંથી જ વૈજ્ઞાનિક અભિગમ ધરાવે છે



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે શુક્રવાર એટલે કંઈક નવું! હિંદુ સંસ્કૃતિ પાયામાંથી વૈજ્ઞાનિક અભિગમ ધરાવતી હતી, અને વિશ્વનાં અન્ય દેશો કરતાં તેણે વૈજ્ઞાનિક રીતે વહેલી ક્રાંતિ કરી છે, અથવા એ દિશામાં હરણફાળ ભરી છે, તેમ કહી શકાય. ખગોળ શાસ્ત્રની વાત કરીએ તો અવકાશી ગ્રહો અને તેના નામ તેમજ નક્ષત્રોના નામ એ આપણા ઋષિ, મુનિ, કે દેવ ઈત્યાદિનાં છે, એ બતાવે છે કે અવકાશનું જ્ઞાન પણ ઋષિ મુનિઓ ધરાવતા હતાં, અને વિજ્ઞાનની અન્ય શાખાઓ કે ક્ષેત્રોમાં વહેચણી કરવી, એ પણ ભારતીય મૂળ શોધ છે. આયુર્વેદ વિજ્ઞાન એટલે કે વનસ્પતિ અને જડીબુટ્ટીઓ માંથી ઈલાજ એ અન્ય દેશોની નજરમાં નહોતુ, પરંતુ તેના પરિણામો જોઈ અને વિશ્વના અન્ય દેશો પણ હવે એ તરફ આકર્ષિત થયાં છે, અને મૂળથી નૈસર્ગિક રીતે જ માનવીય સમસ્યાઓનો ઈલાજ એ ભારતીય ઋષિમુનિઓની દેન છે. તો આજે આપણે ચિંતનમાં વિજ્ઞાનની શાખાઓ અને માનવીને કેમ મદદરૂપ થાય છે, એને વિષે વિશ્લેષણ કરીશું.

વિજ્ઞાનની આમ તો બે મુખ્ય શાખા છે, નિસર્ગ વિજ્ઞાન, અને સમાજ વિજ્ઞાન. નિસર્ગ વિજ્ઞાનમાં ખગોળ શાસ્ત્ર, ભૌતિક શાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર, વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે સમાજ વિજ્ઞાનમાં સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, માનવવંશશાસ્ત્ર, માનવશાસ્ત્ર વગેરેની ગણના થાય છે. ગણિત અને તર્કશાસ્ત્ર જેવાં શાસ્ત્રો, વાસ્તવિક હકીકતો ઉપર આધારિત ન હોવાથી, તેમને ઔપચારિક વિજ્ઞાન કહેવામાં આવે છે. તે જ રીતે ઈજનેરી વિજ્ઞાન, વૈદકશાસ્ત્ર (મેડિકલ) વગેરેને વ્યવહારુ વિજ્ઞાન ગણવામાં આવે છે. આમ દરેક વિજ્ઞાનના વિષયવસ્તુ અલગ અલગ હોવાથી વિજ્ઞાનની અનેક શાખા-પ્રશાખાઓ અસ્તિત્વમાં આવી છે, પરંતુ આ દરેક વિષયવસ્તુનો અભ્યાસ વૈજ્ઞાનિક પદ્ધતિથી જ થતો આવ્યો છે, તેથી તે બધાં વિજ્ઞાન તરીકે જ ઓળખાય છે. પરંતુ મૂળ જીવવિજ્ઞાન કે જે ઈશ્વર સર્જન તરીકે આપણે સ્વીકાર્યું છે, એનું બંધારણ કુદરતી રીતે જોવા મળે છે, અને જીવના જન્મ પછી તેમાં વિજ્ઞાન સાબિત કરી શકાય છે. એટલે કે શોધ કરી શકાય છે, કે કઈ સદીમાં તે અસ્તિત્વમાં આવ્યું, એ વિશે શોધ થઈ શકે છે. પણ મૂળ તેનું બંધારણ કુદરતી રીતે થયેલું છે, એમાં આપણે ફેરફાર કરી શકતા નથી. એટલે કે વનસ્પતિનાં ફળ છે, તે એ જ રીતે ઉગે છે, દાડમના દાણા એ વર્ષો પહેલા પણ એ જ રીતે ગોઠવાયેલા હતાં, અને આજે પણ એ જ રીતે ગોઠવાયેલા મળે છે. હાનાનું મોટું કદની રીતે ફળ મેળવવું એ હજી પણ વૈજ્ઞાનિક રીતે શોધ કરીને શક્ય બને, એ જ રીતે કેરીમાં ગોઠલો હોય જ, અને એ પણ અંદર જ હોય, આવાં તો કેટલાંય ઉદાહરણ લઈ શકાય જેમકે ગુલાબ હોય ત્યાં કાંટા હોય જ, એમાં મૂળ ભૂત રીતે કંઈ ફેરફાર કરી શકાય નહીં, એ જ રીતે માનવીનો જન્મ સદીઓથી સ્ત્રી થકી જ શક્ય છે, એ વાસ્તવિકતા વિજ્ઞાનની આટલી શોધ થયા છતાં બદલાણી નથી, એ બતાવે છે કે વિજ્ઞાને પણ એક અલૌકિક શક્તિ આગળ ઘૂંટણિયે પડવું પડે છે.

નૈસર્ગિક વિજ્ઞાન એટલે કે આપણી આસપાસ ની પ્રકૃતિમાં થતા ભૌતિક ફેરફારો, ભૌગોલિક ફેરફારો, રસાયણિક ફેરફારો, અને અવકાશી ગ્રહોના હલનચલનથી થતા ખગોળ શાસ્ત્રનાં ફેરફારોને, કારણે માનવી પોતાનું અસ્તિત્વ ડામાડોળ થતુ જોઈ શકે છે, અને એમાં પણ આજની આ વિષમ પરિસ્થિતિમાં તો નિસર્ગમાં એટલું બધું પ્રદુષણ વધી ગયું છે કે, તેને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા સતત સંઘર્ષ કરવો પડે છે. એમાં પણ જરૂરિયાતને નામે ખૂબ જ જરૂરિયાતો વધી ગઈ, મૂળ સહનશક્તિ ઘટી ગઈ છે. એટલે એ રીતે પણ શારીરિક ક્ષમતા નબળી પડતી જાય છે, ઋતુ પ્રભાવ પણ પહેલાના પ્રમાણમાં હવે સહન થતાં નથી, અને પ્રાકૃતિક પ્રદૂષણને કારણે આકરા પણ થઈ ગયા છે. ઠંડી ખૂબ પડે ગરમી પણ ખૂબ પડે અને વરસાદ પણ ક્યાંક અતિવૃષ્ટિ તો ક્યાંક દુષ્કાળ એવું, અને એ પણ ઋતુ હોય કે ન હોય, ત્યારે પણ આ બધું અનુભવાય છે, એટલે એ રીતે પણ સતત સંઘર્ષ દેખાય છે. માનવી પોતે પંચમહાભૂત માંથી બનેલો હોવાથી, બાહ્ય પ્રકૃતિ જેવી જ તેની આંતરિક પ્રકૃતિ પણ ધરાવે છે, આ બંનેમા સંતુલન થાય તો જ તે શાંત રહી શકે, અને શાંત રહી શકે તો જ તે પ્રસન્ન રહી શકે, માટે આ સંતુલન કરવા તે પોતાની જાતને વધુ ને વધુ સુરક્ષિત કરવા મથતો જાય છે, અને આ સુરક્ષા તેને વિજ્ઞાનની શોધો પૂરી પાડે છે. ઋતુ પ્રભાવથી બચવા ગરમી હોય તો એસી ની શોધ કામ લાગે છે, ઠંડી હોય તો હીટરની શોધ કામ લાગે,અને વરસાદ હોય ત્યારે ભેજ નડે નહીં એવું સાધન અપનાવે. એક એક વિજ્ઞાનની શાખા વિશે અને એ માનવીને કઈ રીતે ઉપયોગી છે, અને કઈ રીતે નથી. એ તો તે વિષયના તજજ્ઞો જ લખી શકે, પણ મૂળ વાત અહીં તેનું અસ્તિત્વ ટકાવી રાખવાની છે. તો માનવી એ સામાજિક પ્રાણી હોવાથી એ તો સામાજિક વિજ્ઞાનના અભ્યાસથી જ શક્ય બને. વર્તમાન સમાજ અત્યારે કેટલીયે તકલીફોમાંથી પસાર થઈ રહ્યો છે. જેમ કે સમાજમાં દિવસેને દિવસે વિકૃતિ ધરાવતા માણસોની સંખ્યા વધતી જતી હોવાથી, એ અસુરક્ષા અનુભવી રહ્યો છે, આ ઉપરાંત પ્રકૃતિમાં પ્રદુષણ વધી ગયું હોવાથી, કુદરતી આફતોનો મારો પણ વધી ગયો અને વિશ્વાસ નાં અભાવે સંબંધોમાં પણ સંતુલન નથી. માનવ શાસ્ત્ર એટલેકે આનુવંશિક રોગો પણ આજે ખૂબ જોવા મળે છે, કારણ કે જે તે વ્યક્તિના જન્મ સમયે. જો માનસિક તણાવ હોય તો એની અસર બાળકના જનીન પર પણ પડી શકે છે, એટલે માતા એબનોર્મલ બાળકને જન્મ આપે છે, અને એવું આજકાલ સો દંપતિમાં એક ના ઘરે જોવા મળે છે. માનવ વિજ્ઞાન એટલે કે મનોવિજ્ઞાન, શરીર-સ્વાસ્થ્ય જરૂરી છે, એ જ રીતે મન તંદુરસ્ત હોવું એ પણ જરૂરી છે, અને એટલા માટે મનોરંજનનાં સાધનો વિકસાવવામાં આવ્યા છે. પરંતુ માનવીમાં અમુક વિકૃતિએ જન્મ લીધો હોવાથી, ક્યારેક મનોરંજનના નામે તે વ્યસનને પણ અપનાવે છે, અને વ્યસન પોષવા વિકૃતિને પણ અપનાવે છે, અને એને કારણે માનવ વિજ્ઞાન એટલે કે મનોચિકિત્સકની તેને સતત જરૂર રહે છે. આજના વર્તમાન સમાજનો આ બહુ મોટો પ્રશ્ન છે કે, અહી પોતાનું અસ્તિત્વ જ જ્યાં જોખમાતું હોય! ત્યાં અન્ય એકને જોખમમાં મૂકવા તેવું શું કામ વિચારીને અન્ય જીવને જન્મ આપવો! આવા તર્ક આજની આધુનિક પેઢી આપણી પાસે મુકી શકે છે, અને એને આપણે તટસ્થતાથી સ્વીકારવા પડે, એની સાથે થોડું ચાલી આપણી વાતનું વ્યવહારીક વૈજ્ઞાનિક અને વાસ્તવિક સત્ય દર્શાવી, તેનું એ તરફ ધ્યાન દોરી શકાય, બાકી પછી અહીં ઝાડનું પાન પણ એની મરજી વિરુદ્ધ હલી શકતું નથી,જો આધુનિક પેઢીને આપણી વાત સમજાય અને એને વ્યવહારમાં મુકી જીવે તો હરિ કૃપા,અને આપણી વાત ન સ્વીકારે તો હરિ ઇચ્છા બલવાન! આપણે એમ સ્વીકારી અને અહમ કે આગ્રહ ના પ્રશ્ન ઉભો કરી ક્લેશ ને વધારવો નહીં, એમાં જ શાણપણ છે. આવનારી પેઢી આપણાં નજરિયાથી એક વાર જુવે, અને હિન્દુ સંસ્કૃતિનાં મૂળને મજબૂત રાખવા યોગ્ય નિર્ણય કરી શકે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહવંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

શહેરની ઝવેરી બજારમાં મોટા તહેવાર ટાણે જ વેપારીઓને વેપારી ડામ દઇ ગયો

‘ચિંતા ના કર’ કહી ૭.૭૭ કરોડનો ચૂનો

સોની બજારના એક વેપારી પાસેથી એક જ દિવસમાં સવા સાત કરોડનું સોનુ હસુ લોઢીયાએ લઇ લીધું: બપોરે પાછુ ન દેતાં ફોન કરતાં ચિંતા કરવાની ના પાડી સાંજે પાછુ આપશે એવુ કહ્યું

બીજા દિવસે વેપારીએ તપાસ કરતાં ખબર પડી કે તેનું સોનુ અને બીજા ત્રણ વેપારીના રોકડા સાથે હસુગાયબ થઇ ગયો છે: અનેક છેતરાયાની ચર્ચા: હાલ ચાર વેપારીએ નોંધાવી પોલીસ એફઆઇઆર

રાજકોટ, તા. ૨૯

સૌરાષ્ટ્રની સોથી મોટી ગણાતી સોની બજાર અને છેતરપીંડીને જાણે એકબીજા સાથે લેણુ હોય તેમ અહિ કોઇને કોઇ વારેઘડીએ ગઠીયાગીરી કરી જાય છે. ક્યારેક બંગાળી કારીગરો વેપારીઓના લાખો કરોડોના દાગીના, સોનુ લઇ ગાયબ થઇ જાય છે. તો ક્યારેક હમે તો અપનો ને લૂંટા જેવુ થઇ જાય છે. એટલે કે સોની વેપારી જ બીજા સોની વેપારીઓને ડામ દઇ જાય છે. આવી જ એક ઘટનામાં એક વેપારી ચાર વેપારીઓને સાત કરોડ સત્યોતેર લાખનો ચૂનો લગાવી ગાયબ થઇ જતાં બજારમાં દેકારો મચી ગયો છે. એક વેપારી પાસેથી સવા સાત લાખનું સોનુ અને બીજા ત્રણ પાસેથી રોકડા આ વેપારી લઇ ગયો છે. સવા સાત કરોડનું સોનુ આપનારે નિયમ મુજબ બપોરે સોનુ પાછુ માંગતા કહેલું કે ચિંતા ન કર, સાંજે પાંચ વાગ્યે આપી દઇશ, પણ પછી એ આ સોનુ લઇ ગાયબ થઇ ગયાની ખબર પડી હતી.

વિગતો જોઇએ તો આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે પ્રહલાદ પ્લોટ શેરી નં. ૫૧ ચામુંડા કૃપા ખાતે રહેતાં અને સોની બજાર જુની ગધીવાડમાં ક્રિષ્ના ચેમ્બર્સમાં રમેશચંદ્ર એન્ડ સન્સ નામે સોનાની દુકાન ચલાવતાં જતીનભાઇ ઉર્ફે કાનાભાઇ રમેશભાઇ પાટડીયા-સોની નામના ઓગણપચાસ વર્ષના વેપારીની ફરિયાદ પરથી રેસકોર્ષ રીંગ રોડ બીગ બાઇટની પાછળ કલ્યાણ સોસાયટીમાં રહેતાં અને સોની બજારમાં મારૂતિ જ્વેલર્સ નામે વેપારી પેઢી ચલાવતાં હસમુખભાઇ ઉર્ફે હસુભાઇ શાંતિલાલ લોઢીયા વિરૂધ્ધ ગુનો દાખલ કરી તપાસ આરંભી છે. ફરિયાદ મુજબ જતીનભાઇ ઉર્ફે કાનાભાઇ પાટડીયા છેલ્લા પંદરેક વર્ષથી સોની બજારમાં સોની કામ કરે છે. આરોપી હસમુખભાઇ ઉર્ફે હસુભાઇ શાંતિલાલ લોઢિયા સાથે તેઓ છેલ્લા દોઢ-બે વર્ષથી ઓળખાણ ધરાવતા હતા.

વધુ માહિતી અનુસાર હસમુખભાઇની સોની બજાર ગઢની રાંગની શેરીમાં મારૂતી જ્વેલસ નામે વેપારી પેઢી આવેલી છે, તે બજારમાં બુલિયન તરીકે વેપાર ધંધો કરતા હોવાથી ફરિયાદી જતીનભાઇ તેને કમિશનથી સોનું આપતા હતા. આ રીતે લાંબા સમયના વેપારથી હસમુખભાઇએ સોની વેપારીઓના પુરેપુરો વિશ્વાસ કેળવી લીધો હતો. દરમિયાન ગઇ તારીખ ૨૬/૧૦ના રોજ બપોરના બારેક વાગ્યે હસમુખભાઇએ ફરિયાદી જતીનભાઇને ફોન કરીને પૂછ્યું કે તમારી પાસે સોનું પડેલું છે ને? જતીનભાઇએ હા પાડતા હસમુખભાઇએ જણાવ્યું કે હું જે માણસને મોકલું તેને ફોન કરીને સોનું આપી દેજો. ત્યારબાદ બપોરે સવા બારથી પાંચ વાગ્યા દરમિયાન હસમુખભાઇએ વિજયભાઇ મેણંદભાઇ કુગસિયા (રહે. ગોપાલ નગર શેરી નં. ૦૨, ગાંધીગ્રામ, વેલનાથ ચોક પાસે)ને ત્રણ વાર રૂબરૂ મોકલ્યા હતા.

હસમુખભાઇ સાથે મોબાઇલ પર



મોટે ભાગે બંગાળી કારીગરો ડામ દઇ જતાં, પણ આ વખતે હમે તો અપનોને લૂંટા જેવો ઘાટ સર્જાયો

વાતચીત થયા બાદ તેમના કહેવાથી વિજયભાઇને કટકે કટકે આખા દિવસ દરમિયાન કુલ ૪ કિલો ફાઇન સોનું આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, બીજું ૧ કિલો ફાઇન સોનું હસમુખભાઇના કહેવાથી પાર્થ ગોલ્ડ પેઢીના માલિક હિરેનભાઇ રાજેશભાઇ પાટડીયા (રહે. કેવડાવાડી શેરી નં. ૯/૧૫ નો ખુણો, એલિગન્સ એપાર્ટમેન્ટ) ને આપવામાં આવ્યું હતું. આમ, ૨૬મીએ એક જ દિવસમાં કુલ ૫ કિલો ફાઇન સોનું હસમુખભાઇને જતીનભાઇ દ્વારા આપવામાં આવ્યું હતું. બુલિયન ધંધાના નિયમ મુજબ સોનું લીધાના ૨૪ કલાકની અંદર પરત આપવાનું હોય છે. આ ૫ કિલો સોનાની હાલની બજાર કિંમત આશરે રૂપિયા ૭,૨૫,૦૦,૦૦ (સાત કરોડ પચીસ લાખ) થાય છે.

આ સોનું પરત મેળવવા માટે જતીનભાઇએ તારીખ ૨૭/૧૦ના રોજ બપોરે બારેક વાગ્યે હસમુખભાઇના મોબાઇલ નંબર પર ફોન કરતા હસમુખભાઇએ જણાવેલ કે-તું ચિંતા ન કર, તારું સોનું તને સાંજના પાંચ વાગ્યા સુધીમાં પરત મળી જશે. ત્યારબાદ સાંજના સાડા છ વાગ્યે ફરીથી ફોન કરતા હસમુખભાઇનો મોબાઇલ ફોન બંધ આવતો હતો અને કોઇ સંપર્ક થઇ શક્યો નહોતો. જેથી શંકા જતાં તેમના ઘરે તપાસ કરવા જતાં તેમના પિતા શાંતિલાલ હાજર મળ્યા હતા, જેમણે હસમુખભાઇ સોનું લઇ ગયા હોવા અંગે કંઇજાણ ન હોવાનું જણાવ્યું હતું.

આ રીતે હસમુખભાઇ વિશ્વાસઘાત કરી સોનું પરત આપ્યા વગર નાસી છૂટ્યાની વેપારી જતીનભાઇને જાણ થઇ હતી. આ પછી તેણે સોની બજારમાં તપાસ કરતાં ખબર પડી હતી કે હસમુખભાઇ ઉર્ફે હસુભાઇ બીજા વેપારીઓનું સોનુ પણ આ રીતે લઇ ગયા છે. જેમાં ૧. નીલેશભાઇ બાલકૃષ્ણભાઇ માંડલિયા (ઉ.વ. ૫૪, રહે. એચ-૮૦૨, ડેકોરા સ્કાઇ હીલ્સ, કાલાવડ રોડ, રાજકોટ - દુકાન-ઓમ ગોલ્ડ, ભુપેન્દ્ર રોડ, મોનાર્ક કોમ્પ્લેક્ષ)એ પણ ૨૭/૧૦ના રોજ ૨૦૦ ગ્રામ ૨૪ કેરેટ ફાઇન સોનું પોતાને હસુભાઇ પાસેથી લેવાનું હોવાથી રૂા. ૨૯,૦૫,૧૭૭ સોનાની બજાર કિંમત મુજબના રૂપિયા ૨૯,૦૫,૧૭૭ આરટીજીએસથી ચુકવ્યા હતાં. પરંતુ હસુભાઇએ રૂપિયા લીધા બાદ સોનુ આપ્યુ નહોતું. તેમજ મનોજકુમાર મથુરાદાસ ધોળકિયા (ઉ.વ. ૬૦, રહે. ૪ વર્ધમાન નગર, વૃંદાવન ડેરી સામે, પેલેસ રોડ, મનોજકુમાર મથુરાદાસ એન્ડ સન્સ)ને પણ સોનાનુ ૧૦૦ ગ્રામનું બિસ્કીટ લેવુ હોઇ તેણે હસુભાઇને રૂા. ૧૪,૫૫,૫૦૦ ઓનલાઇન ચુકવ્યા હતાં. પણ તેને હસુભાઇએ સોનાનુ બિસ્કીટ આપ્યુ નહોતું.

આ ઉપરાંત ત્રીજા વેપારી હિતેશભાઇ ત્રિકમભાઇ માંડલિયા (રહે. જાનકી પાર્ક-૨, કાલાવડ રોડ, પ્રિન્સેસ સ્કૂલની પાસે, માધવ ઓર્નામેન્ટ્સ, સોની બજાર)એ પણ ૨૭મીએ જ ૬૦ ગ્રામ ફાઇન સોનુ લેવા માટે હસુભાઇને રૂા. ૮,૭૩,૦૦૦ ચુકવ્યા હતા. આ નાણાં સામે પણ હસમુખભાઇએ તેમને સોનું આપ્યું નહોતું. આ રીતે હસમુખભાઇ ઉર્ફે હસુભાઇ શાંતિલાલ લોઢિયા જતીનભાઇનું રૂા. ૭,૨૫,૦૦,૦૦૦નું પાંચ કિલો સોનુ અને બીજા ત્રણ વેપારીઓના અનુક્રમે રૂા. ૨૯,૦૫,૧૭૭, ૧૪,૫૫,૫૦૦ અને ૮,૭૩,૦૦૦ મળી કુલ ૭ કરોડ ૭૭ લાખ ૩૩ હજાર ૬૭૭ જેવી મતા ઉસેડી ગાયબ થઇ જતાં વેપારીઓમાં દેકારો મચી ગયો છે.

સોની બજારમાં થઇ રહેલી ચર્ચા મુજબ બીજા અનેક વેપારીઓ પણ છેતરાઇ ગયા છે અને ઠગાઇનો આંકડો કરોડોમાં છે. જો કે હાલ એ-ડિવીઝન પોલીસમાં એક ફરિયાદ દાખલ થઇ છે. જેમાં ચાર વેપારીઓ છેતરાયાની નોંધ છે. પીઆઇ જે. વી. વાઢીયા અને ટીમે વેપારી હસુભાઇના ઘરે દરોડો પાડ્યો હતો. પણ તે ત્યાં મળી ન આવતાં તપાસ યથાવત રાખી છે. દિવાળી-ધનતેરસના તહેવાર ટાણે જ સોની બજારમાં એકસાથે કરોડો રૂપિયાનું સોનું અને નાણાં સગેવગે થઈ જવાની આ મોટી ઘટનાને પગલે સમગ્ર સોની વેપારી આખીઓમાં ભારે ચકચાર મચી ગઇ છે. અગાઉ પણ આવી ઠગાઇઓ આ બજારમાં થઇ ચુકી છે. જો કે આ વખતે હમે તો અપનોને લૂંટા જેવો ઘાટ ઘડાયો હતો.

PCBની ટીમે સવા લાખથી વધુનો વિદેશી દારૂ અને કાર કબ્જે કર્યા

આજીડેમ ચોકડી સુંદરમ પાર્કમાં દારૂ ભરેલી કાર સાથે શખ્સ પકડાયો



રાજકોટ તા. ૨૯

વિદેશી દારૂના ધંધાર્થીઓ પર પોલીસની ધોંસ યથાવત રહી હતી. આજીડેમ ચોકડી નજીક માન સરોવર સોસાયટી પાસેના સુંદરમ્ પાર્કમાં પીસીબીની ટીમે દરોડો પાડી વિદેશી દારૂના જથ્થા સાથે એક શખ્સને પકડી લીધો હતો. દારૂ જૂગારની પ્રવૃતિ ડામવા ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે પીસીબીના કિરતસિંહ ઝાલા અને વાલજીભાઇ જાડાએ બાતમીને આધારે સુંદરમ્ પાર્ક-૩ના છેડે વોચ રાખી સાન્ટ્રો કાર જીજે૨૪એ-૭૭૩૫ને આંતરી લીધી હતી. તેમાં તપાસ કરતાં અંદરથી દારૂનોજથ્થો મળ્યો હતો.

પોલીસે રોયલ સ્ટેગ વ્હીસ્કીના ૧૮૦ એમએલના રૂા. ૪૪૬૪૦ના ૧૪૪ ચપલા, ૭૫૦ એમએલની રૂા. ૨૯૮૫૪ની કિંમતની ૨૩ બોટલો તથા રોયલ ચેલેન્જના રૂા. ૧૪૮૮૦ના ૨૩ ચપલા મળી આવતાં રૂા. ૧,૧૯,૨૨૮નો દારૂ, ૭૦ હજારની કાર કબ્જે લઇ ચાલક પરાક્રમસિંહ પ્રવિણસિંહ જાડેજા (ઉ.વ.૨૭-રહે. આજી વસાહત, ખોડીયારનગર-૭નો ખુણો)ને પકડી લીધો હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાની સુચના અંતર્ગત પીઆઇ એમ. આર. ગોંડલીયા, પીએસઆઇ પી. બી. ત્રાજીયા, પીએસઆઇ આર. કે. જાડેજા, એએસઆઇ મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, અનિલભાઇ સોનારા, હેડકોન્સ. કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, ઉમેશભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા, વાલજીભાઇ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, સંજયભાઇ રૂપાપરા, કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઇ દવે, હરપાલસિંહ જાડેજા અને જયેશભાઇ ગઢવીએ આ કામગીરી કરી હતી.

બૂટલેગરોએ કમાઈ લેવા હડીયુ કાઢી : ૭ દરોડામાં છ પકડાયા

એક મહિલા પણ ઝપટે ચડી: ક્રાઇમ બ્રાંચ, એલસીબી, આજીડેમ, થોરાળા, તાલુકા, પ્ર.નગર, થોરાળા પોલીસની કાર્યવાહી

રાજકોટ તા. ૨૯

વિદેશી દારૂના વધુ સાત સ્થળે દરોડા પાડવામાં આવ્યા હતાં. અલગ અલગ સ્થળેથી પોલીસે નાના ચપલાથી માંડી બોટલો કબ્જે કરી કાર્યવાહી કરી હતી. થોરાળા, આજીડેમ, એલસીબી ઝોન-૨, ક્રાઇમ બ્રાંચ, તાલુકા અને પ્ર.નગર પોલીસે ચુનારાવાડ, કોઠારીયા સોલવન્ટ, જામનગર રોડ, માર્કેટીંગ યાર્ડ પાછળ, વાવડીમાં અને એરપોર્ટ ફાટક પાસે દરોડા પાડી કાર્યવાહી કરી હતી. થોરાળા પોલીસનાં હેડ કોન્સ. એન. કે. જાગાણી, કોન્સ. જગદીશભાઇ રામ સહિતના સ્ટાફે ચુનારાવાડ શેરી નં. ૩માંથી દિલીપ ઉર્ફે ઢાલો નાનજીભાઇ પરમાર (રહે. ચુનારાવાડ અને મયુરનગર) ને પકડી રૂા. ૧૧ હજારના દારૂના ૬૨ ચપલા અને એકસેસ સહિત રૂા. ૬૧ હજારનો મુદામાલ કબ્જે કર્યો હતો.

બીજા દરોડામાં ક્રાઇમ બ્રાંચનાં હેડ કોન્સ. ભાનુભાઇ ધાંધલા, તુલશીભાઇ ચુડાસમા, કોન્સ. સંજયભાઇ ખાખરીયા, મહિલા કોન્સ. ત્રિપદાબેન ભટ્ટ સહિતના સ્ટાફે માર્કેટીંગ યાર્ડ પાછળ, મંચ્છાનગર મફતીયાપરા રહેતા મનોજ ચનાલાલ પાટડીયાના મકાનમાં દરોડો પાડી રૂા. ૧૩,૨૦૦ની કિંમતની દારૂની ૮૮ બોટલ કબ્જે કરી તેની શોધખોળ શરૂ કરી છે.

ત્રીજા દરોડામાં થોરાળા પોલીસનાં હેડ કોન્સ. બી. એસ. વાળા અને કોન્સ. ગોકુલભાઇ મકવાણા સહિતના સ્ટાફે ચુનારાવાડમાં રહેતી મીનાબેન ઉર્ફે બીનાબેન રણજીતભાઇ ટાંકના મકાનમાં દરોડો પાડી તેને૧૪૪૦ના વિદેશી દારૂનાં ૮ ચપલા સાથે પકડી લીધી હતી.



ચોથા દરોડામાં તાલુકા પોલીસનાં એએસઆઇ કે. એસ. ઝાલા, કોન્સ. કુલદિપસિંહ લાલુભા સહિતની ટીમે વાવડીની વિશ્વકર્મા સોસાયટી મેઇન રોડ પરથી અજય બાબુભાઇ રાખસીયા (આંબેડકરનગર, નાનામવા મેઇન રોડ, મુળ ધાંધલ પીપળીયા, તા. કાલાવડ) ને દારૂનાં પાંચ ચપલા સાથે પકડી લીધો હતો.

પાંચમા દરોડામાં પ્ર.નગર પોલીસનાં એએસઆઇ આર. જી. ચઢારીયા, કોન્સ. વનરાજભાઇ બોરીચા સહિતે એરપોર્ટ રોડ ફાટક પાસેથી ક્રિશ ટેકચંદભાઇ નારવાણી (બાલાજી બંગ્લોઝ, જાનકી વાટીકા સામે, રેલનગર) ને વ્હીસ્કીની ૧ બોટલ સાથે પકડી લીધો હતો. તેમજ છઠ્ઠા દરોડામાં આજીડેમ પોલીસના હેડ કોન્સ. એ. બી. વિકમા, અંકિતભાઇ નીમાવત, કોન્સ. ભાવેશભાઇ ગઢવી, મહેન્દ્રભાઇ રાઠોડ સહિતના સ્ટાફે કોઠારીયા સોલવન્ટ ફાટક પાસેથી દિપક દેવજીભાઇ ભાસ્કર (રહે. હરિદ્વાર-૧, રાધીકા રેસીડેન્સી-૧, કોઠારીયા સોલવન્ટ) ને રૂા. ૩૩૦૦ની કિંમતની વ્હીસ્કીની ૨૦ બોટલ સાથે ઝડપી લીધો હતો. જ્યારે સાતમા દરોડામાં એલસીબી ઝોન-૨ની ટીમનાં એએસઆઇ જયંતીભાઇ ગોહીલ સહિતના સ્ટાફે જામનગર રોડ પર હુડકો ક્વાર્ટરમાં રહેતાં વસીમ સિકંદરભાઇ શેખને ઘર નજીકથી રૂા. ૪૮૦૦ના દારૂનાં ૧૬ ચપલા સાથે પકડી લીધો હતો.

જુદા જુદા સ્થળોએ પાંચ લોકોના જુદા જુદા કારણોસર અપમૃત્યુ થતાં અરેરાટી

ટેબલ પરથી પટકાતાં યુવાનનું મોત

એક યુવાને અકળ કારણોસર ઝેર પી દુનિયાને અલવીદા કહ્યું: હૃદયની તકલીફ અને બેભાન હાલતમાં મહિલા તથા પ્રૌઢના મૃત્યુ: એક કિસ્સામાં જેલના કેદીએ પણ લીધા અંતિમ શ્વાસ

રાજકોટ તા. ૨૯

અપમૃત્યુના વધુ પાંચ બનાવ બન્યા હતાં. જેમાં એક કિસ્સામાં યુવાન ઘરમાં ટેબલ પર ચઢીને માળીયામાંથી કોઇ વસ્તુ ઉતારવાનો પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે નીચે પટકાતાં માથામાં ગંભીર ઇજા થવાથી મૃત્યુ થયું હતું. બીજા બનાવમાં એક યુવાને અકળ કારણોસર ઝેરી દવા પી દુનિયા છોડી દીધી હતી. અન્ય બે બનાવમાં એક મહિલાનું હૃદયના દુ:ખાવા બાદ અને એક પ્રૌઢનું બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયું હતું. પાંચમા બનાવમાં જેલના કેદીનું પણ બેભાન હાલતમાં મૃત્યુ થયું હતું.

પ્રથમ ઘટના જોઇએ તો શહેરની વલ્લભ વિદ્યાનગર સોસાયટીમાં રહેતો યુવાન રાતે ટેબલ પર ચઢી માળીયા પરથી કોઇ વસ્તુ ઉતારતો હતો ત્યારે અકસ્માતે પડી જતાં માથામાં ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું હતું. મવડી વિસ્તારની વલ્લભ વિદ્યાનગર સોસાયટીમાં ક્રિષ્ના સ્કૂલ પાસે રહેતો વિમલભાઇ હિમતભાઇ રાવરાણી નામનો ઓગણત્રીસ વર્ષનો યુવાન રાતે અગીયારેક વાગ્યે ઘરે ટેબલ પર ચઢીને માળીયામાંથી કોઇ વસ્તુ ઉતારતો હતો.

આ વખતે કોઇપણ કારણોસર બેલેન્સ ગુમાવતાં પડી જતાં માથામાં ગંભીર ઇજા થતાં પ્રથમ દોશી હોસ્પિટલમાં અને બાદમાં વોકહાર્ટ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.બનાવની જાણ હોસ્પિટલ મારફત થતાં તાલુકા પોલીસ સ્ટેશનના હેડકોન્સ. કિશનભાઇ અજાગીયા સહિતે હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. મૃતક યુવાન મુળ ગોંડલના ધરાળા ગામનો વતની હતો.

બીજી એક આપઘાતની ઘટના જોઇએ તો અમરેલીના ધારી તાબેના દલખાણીયા ગામે રહેતાં આડત્રીસ વર્ષના યુવાને ઝેરી દવા પી લેતાં સારવાર દરમિયાન રાજકોટમાં મોત થયું હતું. દલખાણીયા ગામે રહેતાં જગદીશભાઇ ખીમજીભાઇ મહિડા નામના આડત્રીસ વર્ષના યુવાને ઝેરી દવા પી લેતાં ધારી સારવાર અપાવી રાજકોટ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. પરંતુ અહિ સારવારમાં મૃત્યુ થતાં હોસ્પિટલ મારફત જાણ



થતાં માલવીયાનગર પોલીસે પ્રાથમિક કાર્યવાહી કરી હતી.

મૃત્યુ પામનાર જગદીશભાઇ બે ભાઇ અને બે બહેનમાં નાના હતાં. સંતાનમાં એક દિકરો છે. પોતે પ્લમ્બીંગ કામ કરી ગુજરાન ચલાવતાં હતાં. પરિવારજનો કારણ જાણતાં ન હોઇ ધારી પોલીસે તપાસ યથાવત રાખી હતી. યુવાન દિકરાના આ પગલાથી પરિવારમાં શોક વ્યાપી ગયો હતો.

ત્રીજી ઘટના જોઇએ તો કોઠારીયા રોડ પર નંદા હોલ પાછળ ખોડીયાર સોસાયટીમાં રહેતાં પંચાવન વર્ષના શરીફાબેન ઇકબાલભાઇ લીંગડીયા રાતે ઘરે બેભાન જેવા થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં માતમ છવાઇગયો હતો. બનાવની જાણ થતાં ભક્તિનગર પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર શરીફાબેનને સંતાનમાં બે દિકરી અને એક દિકરો છે. પતિ ઇકબાલભાઇ રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે. સગાના કહેવા મુજબ રાતે એકાએક છાતીમાં દુ:ખાવો શરૂ થયા બાદ તબિયત બગડી હતી. હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લઇ લીધા હતાં.

જ્યારે ચોથા બનાવમાં મોરબી રોડ પર જકાતનાકા નજીક રંગીલા પાર્ક સોસાયટીમાં રહેતાં સતાવન વર્ષના રણછોડભાઇ જેતાભાઇ ડેડાણીયા ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં બી-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર રણછોડભાઇ છ ભાઇમાં વચેટ હતાં. સંતાનમાં બે દિકરા અને બે દિકરી છે. પોતે સિમેન્ટની ગાડીમાંથી ગુણીઓ ઉતારવાની મજૂરી કરતાં હતાં. સગાના કહેવા મુજબ તેમને કેન્સરની બિમારી હતી. મોતનું ચોક્કસ કારણ જાણવા પોલીસે પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. મોભીના મોતથી પરિવારમાં શોક વ્યાપી ગયો હતો.

પાંચમી ઘટનામાં પોપટપરામાં સેન્ટ્રલ જેલ ખાતે પાકા કામના કેદી તરીકે રખાયેલા પ્રૌઢનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. સતાવન વર્ષના અતુલપરી અમૃતપરી ગોસ્વામી નામના કેદીને ગત સાંજે જેલમાંથી બીમારીની સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ટુંકી સારવાર બાદ દમ તોડી દીધો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે બનાવની જાણ કરતાં પ્ર.નગર પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર અતુલપરી રાજકોટના વતની હતાં અને ચેક રીટર્નના કેસમાં જેલમાં હોવાનું હવાલદારે જણાવ્યું હતું. આમ વધુ પાંચ અપમૃત્યુની ઘટના બનતાં પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

સાયબર ગઠીયાઓએ ફેસબૂક પર રીલ-એડ મુકી શિકાર કર્યો

પેન્શનર્સ કાર્ડ લેવા જતાં પાંચ લાખનો ડામ

ગઠીયાઓએ ફોર્મ ભરાવી લિંક મોકલી મોબાઇલ હેક કરી ખાતામાંથી રોકડ ઉપાડી લીધીઃ બીજી ઘટનામાં ઓનલાઇન પાસ બૂક કરાવવા જતાં ગ્રફિક ડીઝાઇનરને આવ્યો બાવીસ હજારનો ડામઃ ત્રીજા બનાવમાં ફોન હેક કરીને, ચોથામાં ટાસ્કના નામે થઇ ગઇ છેતરપીંડી

રાજકોટ તા. ૨૯

સાયબર ફ્રોડની રોજેરોજ બની રહેલી અગણીત ઘટનાઓ વચ્ચે વધુ ચારે કિસ્સા ઉમેરાઇગયા હતાં. જેમાં એક વૃધ્ધ સાથે પેન્શનર કાર્ડના નામે પાંચ લાખ ગયા હતાં. તો બીજામાં ગરબાના નકલી પાસ ધાધડી બાવીસ હજારની ઠગાઇ કરવામાં આવી હતી. વૃધ્ધને ગઠીયાએ બેંક ઓફ બરોડાના કર્મચારીના નામે ફોન કરી ફ્રોડની જાળમાં ફસાવી લીધા હતાં. ત્રીજા બનાવમાં ગેરેજ સંચાલકનો ફોન હેક કરીને અને ચોથા બનાવમાં ટાસ્કના નામે એક યુવાન સાથે ઠગાઇ થઇ હતી.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદ શહેરમાં છેતરપિંડીની બે ગંભીર ઘટનાઓ સામે આવી છે. ચાંદખેડાના ઓગણએંસી વર્ષીય નિવૃત્ત રેલવે અધિકારી ફેસબુક પર બેંક ઓફ બરોડાના પેન્શનર્સ કાર્ડની જાહેરાત પર ક્લિક કરી સાયબર ઠગોની જાળમાં ફસાતાં રૂ. ૫ લાખ ગુમાવ્યા હતા. જ્યારે સરખેજ વિસ્તારમાં ઈન્સ્ટાગ્રામ પર પિંક બટરલાય ગરબાના નકલી પાસ વેચી મહિલા ગ્રાફિક ડિઝાઇનર સાથે બાવીસ હજારની છેતરપિંડી આચરવામાં આવી હતી. પોલીસે બંને કેસમાં ગુના નોંધી વધુ તપાસ હાથ ધર હતી. ચાંદખેડાની ચંદ્રમૌલી રેસિડેન્સીમાં રહેતા રેલવેના નિવૃત ચીફ ટિકિટ ઈન્સ્પેક્ટર ઓગણએંસી વર્ષીય અરુણકુમાર પુરી સાથે સાયબર ફ્રોડ થયું હતું.

વિશેષ વિગતો મુજબ તેઓ ફેસબૂક પર રીલ જોઇ રહ્યા હતાં ત્યારેબીઓબી બેંક સીનીયર સીટીઝન પેન્સનર્સ કાર્ડની જાહેરાત જોઇ હતી. તેના પર ક્લિક કરતાં વૉટ્સએપ પર ખ્બ્દ ફાઈલ મોકલવામાં આવી હતી. આ ફાઈલ ખોલતાં ખુલેલા ફોર્મમાં નામ, બેંક ખાતાની વિગતો, ડેબિટ કાર્ડ અને ઓળખ કાર્ડની માહિતી મેળવી લેવાઈ હતી. કાર્ડ રદ કરાવવાની ના પાડતાં સાયબર ઠગોએ દર મહિને રૂ.૯,૬૦૦ની પેનલ્ટી કપાશે તેવી ધમકી આપી ડરાવ્યા હતા. બીજા દિવસે ક્રેડિટ કાર્ડ બિલ, સ્કૂલ ફી અને મંથલી સબસ્ક્રિપ્શનના નામે બેંક ખાતામાંથી કટકે-કટકે રૂ.૫ લાખ ઉપડી ગયાના મેસેજ આવ્યા હતા. અરુણકુમારે તાત્કાલિક ૧૯૩૦ સાયબર હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવતાં સાયબર ક્રાઈમ પોલીસે બીએનએસ અને આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

છેતરપીંડીની બીજી ઘટના જોઇએ તો



અમદાવાદ ગ્રામ્યના મકરબા વિસ્તારમાં રહેતી ચાલીસ વર્ષીય મહિલા ગ્રાફિક ડિઝાઇનર સાથે ગરબા પાસના નામે રૂ.૨૨,૦૦૦ની છેતરપિંડી થઈ હતી. મહિલાએ ઈન્સ્ટાગ્રામ પર પિંક બટરલાય ગરબાના પાસની વિડીયો જાહેરાત જોઈ તેમાં આપેલા નંબર પર સંપર્ક કર્યો હતો. વીર રાજપૂત નામના શખસે એક પાસના રૂ.૨,૨૦૦ કહી દસ પાસ પેટે ક્યુઆર કોડ મારફતે બાવીસ હજારનું ઓનલાઈન પેમેન્ટ મેળવી લીધું હતું. ઈવેન્ટના દિવસે નહેરુનગર ખાતેના ફિઝિકલ પાસ સેન્ટર પર મહિલાના મિત્ર પહોંચતાં આ કન્ફર્મેશન નંબર ફેક હોવાનું ખુલું પડ્યું હતું. ગરબાના આયોજકો સાથે વાતચીત કર્યા બાદ છેતરપિંડી થયાની ખાતરી થતાં સરખેજ પોલીસે વીર રાજપૂત નામના શખસ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ રીતે ગઠીયાઓ કોઇપણ રીતે કોઇપણ પ્રકારની તરકીબ વાપરી લોકોને છેતરી લેતાં હોય છે.

ત્રીજા બનાવમાં સુરતના લસકાણામાં ગેરેજવાળાનો મોબાઈલ ફોન હેક કરીને બેંક ખાતા તેમજ ક્રેડિટ કાર્ડમાંથી કુલ ૧.૪૩ લાખ ઉપાડી લેવાની ઘટના સામે આવી છે. ભોગ બનનાર ગેરેજ સંચાલકે આ અંગે લસકાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા ભેજાબાજ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.ફરિયાદી ઘેલાભાઈ પરબતભાઈ ચાવડા ગેરેજ ચલાવે છે. તેઓ મૂળ દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના ખાયરડા ગામના વતની છે અને હાલ લસકાણા ગામ સ્થિત રામદેવનગર રહે છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર રાત્રે અજાણ્યા શખ્સે તેમનો મોબાઈલ ફોન હેક કરી લીધો હતો. ત્યારબાદ ગઠિયાએ તેમના એક્સિસ બેંકના બચત ખાતામાંથી ૭૩,૦૦૦ ટ્રાન્સફર કરી લીધા હતા. આ ઉપરાંત તેમના એક્સિસ બેંકના ક્રેડિટ કાર્ડમાંથી પણ ૭૦,૯૯૯ની રકમ ઉપાડી લીધી હતી. આમ, ગેરેજ સંચાલકને કુલ ૧,૪૩,૯૯૯નું આર્થિક નુકસાન થયું હતું. છેતરપિંડીનો ભોગ બન્યાનો અહેસાસ થતાં તેમણે તાત્કાલિક પોલીસનો સંપર્ક સાધ્યો હતો. લસકાણા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

ચોથા બનાવમાં ડિંડોલીમાં ઓનલાઈન ટાસ્ક અને રોકાણ પર ચા વળતરની લાલચ આપી યુવક સાથે રૂપિયા ૨.૦૯ લાખની છેતરપિંડી આચરાઈ હતી. નવાગામના રામદેવનગરમાં રહેતા અને ખાનગી નોકરી કરતા પંકજ છોટેલાલ મૌર્યનો અજાણ્યા શખ્સોએ અલગ-અલગ ટેલિગ્રામ આઈડી પરથી સંપર્ક સાધ્યો હતો. ગઠિયાઓએ ટાસ્ક પૂરા કરી ઘરબેઠાં મોટી કમાણી કરવાની લાલચ આપી હતી. તેમની વાતોમાં આવી ગયેલા યુવકે ૧૪ થી ૨૨ ઓક્ટોબર દરમિયાન દર્શાવેલા એકાઉન્ટ્સમાં કટકે-કટકે કુલ ૨.૦૯ લાખ જમા કરાવ્યા હતા. ત્યારબાદ મૂડી કે નફો પરત ન મળતાં છેતરાયાનો અહેસાસ થતાં તેમણે ફરિયાદ નોંધાવી હતી. આ સાયબર ઠગાઇના વધુ ચાર બનાવ સામે આવ્યા હતાં.

નળ કનેકશન મામલે છરી, ધોકા, પથ્થરથી મારામારી

રિક્ષાચાલકને પાડોશીએ ફટકારીને કર્યા લોહીલુહાણ



રાજકોટ તા. ૨૯

તાલુકાના ખોરાણા ગામે નળ કનેકશન બાબતે મારામારીની ઘટના બની હતી. જેમાં છરી, ધોકાથી સાથે પાણકાનો પણ છુટથી ઉપયોગ કરાયો હતો. આરોગ્ય કેન્દ્ર પાસે રહેતા રિક્ષા ચાલક પર પાડોશીઓ તૂટી પડ્યા હતા.

વિગતો જોઇએ તો આ મામલે રિક્ષા ચાલક અડતાલીસ વર્ષના કેશવભાઇ ભાણાભાઇ પરમારએ પાડોશી રમેશ હરીભાઇ રાઠોડ, તેના બે પુત્રો કલ્પેશ, જગદીશ અને હાર્દિક પ્રવિણભાઇ રાઠોડ સામે કુવાડવા રોડ પોલીસ મથકમાં નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યુ કે, આશરે પાંચેક દિવસ પહેલા તેના નાનાભાઇ બાબુભાઇ પરમારે પાણીના નળનું કનેકશન લીધુ હતું ત્યારે પાડોશી રમેશ સાથે નળ કનેકશન લેવા બાબતે બોલાચાલી થઇ હતી. જોકે બાદમાં સમાધાન થઇ ગયુ હતુ તે બાબતને લઇ ગઇકાલે સાંજે તે ગામમાં મજુરોના પૈસા આપવા જઇ રહયા હતા ત્યારે આરોપી રમેશ અને હાર્દિક માથાકુટ કરવા લાગ્યા હતા.

બાદમાં રમેશે ધોકો લઇ આવી ગાળો આપવા તેને ના પાડતા હુમલો કર્યો હતો. બુમાબુમ થતા આરોપી રમેશના પુત્રો કલ્પેશ અને જગદીશ પણ આવી જતા તેને પથ્થરના છુટા ઘા મારતા ઇજા થઇ હતી. ઘટનાને પગલે લોકો એકઠા થઇ ગયા હતા બાદમાં તેને ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં પોલીસે એફઆઇઆરની કાર્યવાહી કરી હતી.

રૂપિયાની માથાકુટ ઘણીવાર ગમે તેવી જુની દોસ્તીમાં પણ પાડી દેતી હોય છે દરાર

મિત્રએ જ માર મારી ખૂનની ધમકી દીધી

બે લાખ ઉછીના લીધા હોઇ પાછા ન આપી શકતાં મિત્રએ પોતાના બે દિકરા સાથે મળી ધોલધપાટ કરી, જામનગર રોડે લઇ જઇ ફરી માથાકુટ કર્યો

રાજકોટ તા. ૨૯

પૈસાની લેતીદેતી મામલે અવાર-નવાર લોકો વચ્ચે માથાકુટ થતી રહે છે. પૈસાના ડખ્ખામાં ઘણીવાર તો ગમે તેવા જુના મિત્રો હોય તેની વચ્ચે પણ દુશ્મની સર્જાઇ જતી હોય છે. આવી જ એક ઘટના સામે આવી હતી. જેમાં ગાંધીગ્રામમાં રહેતાં અને એકાઉન્ટન્ટ તરીકે કામ કરતાં યુવાનને તેના જ મિત્રએ પોતાના બે પુત્રો સાથે મળી એસકે ચોકમાં મારકુટ કર્યા બાદ રિક્ષામાં બેસાડી જામનગર રોડ પર લઇ જઇ ફરીથી ગાળો દઇ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

વિગતો પર નજર કરીએ તો એકાઉન્ટન્ટ યુવાને પોતાના મિત્ર પાસેથી સોનાની લે-વેંચના ધંધા માટે ઉછીના લીધેલા બે લાખ પાછા આપી ન શકતાં મિત્ર અને તેના પુત્રોએ એસકે ચોકમાં તેની ધોલધપાટ કરી ગાળો દઇ બાદમાં રિક્ષામાં જામનગર રોડની હોટેલ પાસે લઇ જઇ ફરીથી ગાળો દઇ મારી નાંખવાની ધમકી આપી છોડી મુકતાં પોલીસને જાણ કરી હતી. આ બનાવમાં ગાંધીગ્રામ પોલીસે ગાંધીગ્રામ એસકે ચોકની બાજુમાં શેરી નં. ૫-બમાં રહેતાં અને પ્રાઇવેટ નોકરી કરતાં છત્રીસ વર્ષના મેહુલભાઇ ધનસુખભાઇ ધકાણ નામના યુવાનની ફરિયાદ પરથી ગોપાલ સુરસિંહ ઉર્ફે શૈલુભા ઝાલા, સુરસિંહ ઉર્ફે શૈલુભા મદારસિંહ ઝાલા અને ક્રષ્ણી સુરસિંહ ઝાલા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

યુવાન મેહુલભાઇ પરિવાર સાથે રહે છે અને એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરે છે. તેણે જણાવ્યું છે કે છેલ્લા પાંચ વર્ષથી સુરસિંહ ઉર્ફે શૈલુભા ઝાલા સાથે મારે મિત્રતા છે. મેં તેની પાસેથી ડીસેમ્બર-૨૦૨૫માં રૂા. બે લાખ હાથ ઉછીના લીધા હતાં. સુરસિંહએ આ રકમ પોતાના નામે લોન લઇને આપી હતી.

આ રૂપિયા મેં સોનાના લે-વેંચના ધંધામાં રોક્યા હતાં. પણ મારે આ ધંધામાં નુકસાની આવી ગઇ હતી. જેથી હું શૈલુભાને સમયસર તેના બે લાખ ચુકવી શક્યો નહોતો. મારી પાસે તે અવાર-નવાર રૂપિયાની માંગણી કરતાં હતાં. પરંતુ સગવડ ન હોઇ જેથી હું તેમનો ફોન ઉપાડતો નહોતો. તેમજ મારો નંબર પણ બદલી નાંખ્યો હતો. મેહુલભાઇએ વધુમાં જણાવ્યું છે કે બુધવારે સાંજે સાડા સાતેક વાગ્યે હું મારા કામેથી પરત આવી એસકે ચોકમાં ઉભો હતો ત્યારે મિત્ર સુરસિંહ ઉર્ફે શૈલુભા ઝાલાનો દિકરો ગોપાલ આવ્યો હતો અને મને કહ્યું હતું કે-તું મારો ફોન કેમ ઉપાડતો નથી? તેમ કહી ઢીકાપાટુ મારવા માંડ્યો હતો.

બાદમાં ગોપાલે તેના પિતા સુરસિંહને ફોન કરતાં સુરસિંહ ઉર્ફે શૈલુભા અને ભાઇ ક્રષ્ણીને



ફોન કરતાં આ બંને પણ આવી ગયા હતાં અને મારી સાથે ગાળાગાળી કરી મારામારી કરવા માંડ્યા હતાં. મને રૂપિયા બાબતે પુછતાં મેં હાલમાં રૂપિયા નથી તેમ કહેતાં મિત્ર સુરસિંહે-હાલ મારી સાથે રિક્ષામાં બેસી જા, આપણે આગળ જઇને વાત કરીએ. જેથી હું તથા સુરસિંહ, તેના દિકરા ક્રષ્ણી અને ગોપાલ એમ ચારેય રિક્ષામાં બેસીને જામનગર રોડ પર દ્વારકાધીશ હોટેલ ખાતે વાત કરવા ગયા હતાં.

મેં થોડો સમય આપવાનું કહેતાં સુરસિંહ ફરી ઉશ્કેરાઇ ગયા હતાં અને મારી સાથે બોલાચાલી કરવા માંડ્યા હતાં. બાદમાં મેં તેને ચેક આપીશ તેવી વાત કરતાં તેણે જો મારા રૂપિયા નહિ આપ તો જીવતો નહિ મુકું તેમ કહી મારી નાખવાની ધમકી આપી હતી અને બાદમાં મને જવા દીધો હતો. તેમ વધુમાં મેહુલભાઇએ કહેતાં ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના એએસઆઇ એમ. એ. વાઘેલાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ માથાકુટનો એક વિડીયો પણ સોશિયલ મિડીયામાં વાયરલ થયો હતો.

જીવલેણ અકસ્માતની વધુ બે કરૂણ ઘટનાઃ બે પરિવારોના માળા વેરણ છેરણ થયા

સ્પીડ બ્રેકર પર બાઇક ઉછળ્યુંઃ ગૃહિણીનું મોત

પતિના વાહનમાં બેસી ગાયો દોહવા જતી વખતે કાંગશીયાળી પાસે બનાવઃ બીજી ઘટનામાં બાબરાના ખીજડીયાનો ઓગણીસ વર્ષનો યુવાન પાર્સલ દેવા નીકળતાં છકડાની ઠોકરે બાઇક સહિત ચડી જતાં જિંદગીની સફર ખતમ થઇ

રાજકોટ, તા. ૨૯

જિંદગીની સફરનો અંત અવાર-નવાર વાહનની સફર કરતી વેળાએ આવી જતો હોય છે. અવાર-નવાર સર્જાતા જીવલેણ વાહન અકસ્માતમાં જે તે પરિવારોના હર્યાભર્યા પરિવારના માળા વેરવિખેર થઇ જતાં હોય છે. વધુ આવી બે ઘટના બની હતી. જેમાં એક કિસ્સમાં સ્પીડ બ્રેકર પર બાઇક ઉછળતાં પતિની પાછળ બેઠેલા પત્નિ રોડ પર પટકાતાં માથામાં ગંભીર ઇજા થતાં તેમનો જીવ ગયો હતો. બીજી ઘટના જોઇએ તો સાડીનું પાર્સલ આપવા નીકળેલો ઓગણીસ વર્ષનો યુવાન બાઇક સહિત છકડો રિક્ષાની અડફેટમાં આવી જતાં તેની જિંદગીનો પણ અંત આવી ગયો હતો. આ બંને કિસ્સામાં ગંભીર ઇજાગ્રસ્તોએ રાજકોટની હોસ્પિટલમાં સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા હતાં.

પ્રથમ કરૂણ ઘટના જોઇએ તો લોધીકાના કાંગશીયાળી નજીક સ્પીડ બ્રેકર પર બાઇક ઉછળતાં પતિ પાછળ બેઠેલા મહિલાનું પટકાઇ જવાને કારણે ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું છે. ઘરેથી કાગશીયાળીની સીમમાં ગાયોના વાડે ગાયુ દોહવા જતી વખતે આ બનાવ બન્યો હતો. નવુ સ્પીડ બ્રેકર બની ગયું હોઇ તેનો ખયાલ ન રહેતાં વાહન ઉલળી ગયાનું મૃતકના પતિએ જણાવ્યું હતું.લોધીકાના કાંગશીયાળીમાં સ્થાપત્ય ગ્રીન સીટી બ્લોક નં. ૧૦૧ ખાતે રહેતાં પચાસ વર્ષના નરેન્દ્રભાઇ ગોપાલભાઇ સઇજા સાંજે પાંચેક વાગ્યે પોતાના પત્નિ એકતાલીસ વર્ષના ટીનાબેન નરેન્દ્રભાઇ સઇજાને બાઇકમાં બેસાડી ઘરેથી કાંગશીયાળીની સીમ પાસે પોતાનો ગાયોનો વાડો હોઇ ત્યાં ગાયુ દોહવા માટે જઇ રહ્યા હતાં.

દરમિયાન કાંગશીયાળી હુશેની ચોક નજીક રોડ પર પહોચ્યા ત્યારે એકાએક સ્પીડ બ્રેકર આવતાં નરેન્દ્રભાઇએ કાબુ ગુમાવતાં પાછળ બેઠેલા તેમના પત્નિ ઉછળીને નીચે પટકાઇ ગયા હતાં. આ અકસ્માતમાં ટીનાબેનને માથા, શરીરે ઇજાઓ થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ વહેલી સવારે દમ તોડી દીધો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે શાપર પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર ટીનાબેનને સંતનમાં એક



દિકરો અને બે દિકરી છે. આ ત્રણ સંતાન મા વિહોણા થતાં અરેરાટી વ્યાપી ગઇ છે. નરેન્દ્રભાઇ દુધનો વ્યવસાય કરી ગુજરાન ચલાવે છે.

વાડામાં ગાયો રાખી હોઇ તે દોહવા પત્નિને સાથે લઇને જતાં હતાં ત્યારે બનાવ બન્યો હતો. નરેન્દ્રભાઇના કહેવા મુજબ જ્યાં અકસ્માત થયો ત્યાં અગાઉ સ્પીડ બ્રેકર નહોતું. નવુ સ્પીડ બ્રેકર બની ગયાનો મને ખ્યાલ ન હોઇ તેના કારણે આ બનાવ બન્યો હતો. દિવાળી નવા વર્ષનો તહેવાર નજીકમાં છે ત્યારે જ ઘરના ગૃહલક્ષ્મીની આવી વસમી વિદાયથી સઇજા પરિવારમાં શોકની કાલીમા વ્યાપી ગઇ હતી.

બીજી જીવલેણ વાહન અકસ્માતની ઘટનમાં એક પરિવારે જુવાનજોધ ઓગણીસ વર્ષનો દિકરો ગુમાવી દીધો હતો. વિગતે વાત કરીએ તો અમરેલીના બાબરાના આંબલીયાધાર નજીક જીવલેણ વાહન અકસ્માતની ઘટના બની છે. મિયા ખીજડીયા ગામે રહેતો ઓગણીસ વર્ષનો યુવાન સાડીનું પાર્સલ પહોંચાડવા માટે બાઇક લઇને જતો હતો ત્યારે રસ્તામાં છકડો ચાલકે બાઇકને ઠોકરે લેતાં તે રોડ પર ફેંકાઇ જતાં ગંભીર ઇજા થઇ હતી. રાજકોટમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.

વધુ માહિતી અનુસાર બાબરાના મિંયા ખીજડીયા ગામે રહેતો ધવલ દિલીપભાઇ ગરાણીયા નામનો ઓગણીસ વર્ષનો આહિર પરિવારનો યુવાન સાંજે સાડા છએક વાગ્યે બાઇક હંકારીને જતો હતો ત્યારે આંબલીધાર નજીક તેના બાઇકને છકડો રિક્ષાના ચાલકે ઠોકરે ચડાવતાં તે ફેંકાઇ જતાં ગંભીર ઇજાઓ થઇ હતી. આટકોટ બાદ રાજકોટ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. ત્યાંથી વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ વહેલી સવારે ધવલનું મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે બાબરા પોલીસને કરી હતી.

મૃત્યુ પામનાર ધવલ બે ભાઇમાં નાનો હતો અને પિતા સાથે ખેતી કામ કરવાની સાથે સાથે સાડીનો વેપાર પણ કરતો હતો. સાડીનું પાર્સલ સુરત જતી બસમાં પહોંચાડવાનું હોઇ તે ઘરેથી પાર્સલ લઇને આંબલીધાર તરફ જવા નીકળ્યો હતો ત્યારે રસ્તામાં અકસ્માત નડ્યો હતો. યુવાન દિકરાના મૃત્યુથી ગરાણીયા-આહિર પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ છે. બાબરા પોલીસે છકડો ચાલક સામે કાર્યવાહી કરવા તજવીજ કરી હતી. આમ બે પરિવારોએ મોટા તહેવાર નજીકમાં છે ત્યારે જ પોતાના સ્વજનોને કાયમને માટે ગુમાવી દેતાં પરિવારોના માળા વેરણછેરણ થઇ ગયા હતાં.

કહેવાતા એજન્ટો અવાર-નવાર યાત્રીઓના આયોજનની ફેરવી નાંખે છે પથારે

રીસોર્ટ બૂકીંગના નામે ૩૧ લાખનો ધૂમ્બો

આઠ મિત્રોએ રજાની મજા માણવા આયોજન કર્યુ પરંતુ ચૂનો લાગી ગયોઃ બીજી તરફ કંપનીમાંથી પચ્ચીસ લાખની કોપર પ્લેટો ગાયબ થઇઃ તપાસ થતાં વાડ જ ચીભડા ગળતી હોવાનું ખુલ્યું-એન્જિનીયરે જ હાથફેરો કર્યાની વિગતો સામે આવી

રાજકોટ તા. ૨૯

અવાર-નવાર કહેવાતા બૂકીંગ એજન્ટો કે પાસપોર્ટ સહિતના કામ કરતાં એજન્ટો કાં તો વર્ક પરમીટના નામે અને કાં તો ટૂર બૂકીંગ કે એર ટીકીટ બૂકીંગના નામે ફ્રોડ આચરતા રહે છે. આ વચ્ચે એક વેપારી અને તેના આઠ મિત્રો સાથે રીસોર્ટ બૂકીંગના નામે ફ્રોડ થઇ ગયું હતું. સોશિયલ મિડીયા મારફત તેમણે આ બૂકીંગ કરાવ્યું હતું. પરંતુ તેણે જેને રૂપિયા ચુકવ્યા એ ગઠીયા નીકળ્યા હતાં. બીજી તરફ એક કંપનીમાંથી ચોવીસ લાખ સિત્તેર હજારની કોપરની પ્લેટો ચોરાઇ ગઇ હતી. તપાસ થતાં આ ચોર બીજો કોઇ નહિ પણ સાઇટનો એન્જિનીયર જ હોવાનો ભાંડો ફુટ્યો હતો. વાડ જ ચીભડા ગળે તેવી કહેવત ઑહિ સાચી ઠરી હતી.

વિગતો જોઇએ તો વડોદરામાં ઇલેક્ટ્રોનિક્સના વેપારી અને તેમના આ મિત્રો સાથે રિસોર્ટ બુકિંગના નામે સાડા ત્રણ લાખ રૂપિયાની છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ અકોટા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. જેને આધારે અકોટા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. વેપારી હિતેશ ભીમાણીના જણાવ્યા અનુસાર, તેઓ પરિવાર સાથે રહે છે અને ઇલેક્ટ્રોનિક્સના વેપાર સાથે સંકળાયેલા છે. મિત્રો સાથે રજાઓ ગાળવા માટે દાદરા નગર હવેલીના સેલવાસ ખાતે રિસોર્ટમાં રોકાવાનું આયોજન કર્યું હતું. આ દરમિયાન સોશિયલ મીડિયા મારફતે સંપર્કમાં આવેલા હરીશ પરમાર નામના વ્યક્તિએ કેઝી લાઇફ વેકેશનના નામે રિસોર્ટ બુકિંગ કરાવવાની વાત કરી હતી.

આ પછી હરીશ પરમારનો સંપર્ક થતાં તેણે રિસોર્ટમાં રહેવા અને બુકિંગ માટેની વિગતો આપી હતી. ત્યારબાદ બુકિંગ પેટે નાણાં ચૂકવવા જણાવતાં ફરિયાદી અને તેમના મિત્રોએ અલગ-અલગ બેંક ખાતાં મારફતે રકમ ટ્રાન્સફર કરી હતી. બાદમાં ફરિયાદી તથા તેમના મિત્રો દ્વારા કુલ રૂ. ૩,૪૭,૦૫૦ જેટલી રકમ જમા કરાવવામાં આવી હતી. નાણાં મેળવ્યા બાદ રિસોર્ટનું બુકિંગ કરાવવામાં આવ્યું નહોતું તેમજ ચૂકવેલી રકમ પણ પરત આપવામાં આવી નથી. જેથી આ મામલે અકોટા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાતાં તપાસ શરૂ થઇ હતી.

બીજી તરફ ભુજના ખાવડા નજીક આવેલા આરઈ પાર્કમાં અક્ષર ઇલેકઇન્ફ્રા પ્રાઇવેટ લિમિટેડ



કંપનીમાં સોલાર -ોજેક્ટના કામ દરમિયાન લાખો રૂપિયાની કોપર પ્લેટોની ચોરી થયાની ઘટના સામે આવી છે. કંપનીમાંથી કુલ ૨૪.૭૦ લાખ રૂપિયાની કિંમતની કોપર બસબાર પ્લેટોની ચોરી કરવા મામલે કંપનીના જ સાઈટ એન્જિનિયર સહીત ૪ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. કંપનીના સેફટી મેનેજર ઇન્દ્રજીત રામદેવ યાદવે ખાવડા પોલીસ મથકે આરોપી રોહિત કિષ્નકાંત ત્યાગી, રવિન્દ્રકુમાર મહાવીર, પવનકુમાર નેમારમ મુંડ અને અદાણી કંપનીમાં ડ્રાઇવર તરીકે નોકરી કરતા રાહુલ મુકેશકુમાર સામે ગુનો દાખલ કરાવતાં પોલીસે તપાસ શરૂ કરી હતી.

વધુ માહિતી અનુસાર ફરિયાદીના જણાવ્યા મુજબ બનાવ છેલ્લા કેટલાક દિવસોના સમયગાળા દરમિયાન બન્યો હતો. અદાણી કંપનીના સોલાર -ોજેક્ટમાં ઇલેક્ટ્રિકલનું કામ કરતી અક્ષર ઇલેકઇન્ફ્રા કંપનીની સાઇટ્સમાંથી કુલ બસ્સો નંગ કોપર બસબાર પ્લેટો ગાયબ થઈ હતી. ચોરાયેલી સામગ્રીમાં ૧૯.૬૦ લાખની ૯૮ મોટી બસબાર કોપર પ્લેટ અને ૫.૧૦ લાખની ૧૦૨ નાની બસબાર કોપર પ્લેટ મળીને કુલ રૂ.૨૪.૭૦ લાખનો મુદ્દામાલ ચોરાયો હતો. આ ચોરીને અંજામ આપનાર મુખ્ય શખ્સ અક્ષર ઇલેકઇન્ફ્રા કંપનીમાં જ સાઇટ એન્જિનિયર તરીકે નોકરી કરતો રોહિત કિષ્નકાંત ત્યાગી હોવાનું સામે આવ્યું હતું.

આરોપીએ અન્ય સાથીદારો સાથે મળીને આ ચોરી કરી હતી.બેઝ સાઇટ પર પ્લેટોની ઘટ જણાતા કંપનીના ઇન્ચાર્જ અમીતકુમાર પંડિત અને અન્ય અધિકારીઓએ પોતાની રીતે તપાસ શરૂ કરી હતી. કંપનીના જ કર્મચારીઓ પર શંકા જતા અને કડકાઈથી પૂછપરછ કરવામાં આવતા, સાઇટ એન્જિનિયર રોહિત ત્યાગીએ બસબાર પ્લેટોની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી.સમગ્ર મામલે પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. કંપનીના ગોડાઉનમાંથી ૮ લાખના કોપરની ચોરી આરઇ પાર્ક સ્થિત સ્ટ્રલિંગ વિલ્સન કંપનીના કે-૧ ગોડાઉન અને કન્ટેનરમાંથી અજાણ્યા તસ્કરો અંદાજે રૂપિયા ૮ લાખની કિંમતના કિંમતી કોપર સામાનની ચોરી કરી ફરાર થઈ ગયા હતાં.

તસ્કરોએ ગોડાઉનનું પાછળનું પતરું તથા બાજુના કન્ટેનરનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો.આરોપીઓએ કોપરની મોટી અને નાની બસબાર પ્લેટો, સ્ટ્રિંગ કેબલ બંડલ, અર્થિંગ પટીઓ, અર્થિંગ રોડ અને જોઇન્ટ પટીઓની ઉઠાંતરી કરી હતી. રાત્રે આઠ વાગ્યાથી સવારના પાંચ વાગ્યા દરમિયાન અજાણ્યા ઇસમોએ ગોડાઉનનું પાછળનું પતરું તથા બાજુના કન્ટેનરનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો.આરોપીઓએ કોપરની મોટી અને નાની બસબાર પ્લેટો, સ્ટ્રિંગ કેબલ બંડલ, અર્થિંગ પટીઓ, અર્થિંગ રોડ અને જોઇન્ટ પટીઓની ઉઠાંતરી કરી હતી. આ બંને બનાવમાં આરોપીઓને શોધવા તપાસ આગળ ધપાવાઇ હતી.

ગીરનાર ટોકીઝ પાસેની કચેરીમાં આજથી ત્રણ વર્ષ પહેલા બની હતી ઘટના

DGFT કચેરીના જો. ડિરેક્ટરની હત્યા થયાનો ગુનો દાખલ

ઝવરીમલ બિસ્નોઇનું કચેરીના ચોથા માળેથી સીબીઆઇ તપાસ દરમિયાન પટકાતાં મોત થયું હતુંઃ તેમને ધાકધમકી આપી કોઇએ ધક્કો મારી હત્યા કર્યાની પત્નિની સીઆઇડી ક્રાઇમમાં ફરિયાદ નોંધાતા તપાસનો ધમધમાટ

રાજકોટ તા. ૨૯

શહેરની ગીરનાર ટોકીઝ નજીક આવેલી ડીજીએફટી કચેરી ખાતે આજથી ત્રણ વર્ષ પહેલા સીબીઆઇની તપાસ દરમિયાન કચેરીના જોઇન્ટ ડીરેક્ટરનું ચોથા માળેથી પટકાતાં મોત થયું હતું. આ ઘટનામાં જે તે વખતે પોલીસે એડી (આકસ્મિક મૃત્યુ)ની નોંધ કરી તપાસ કરી હતી. પરંતુ ઘટના આકસ્મિક નહિ પણ મર્ડરની હોવાના ચોંકાવનારા આક્ષેપો સાથે મૃતકના ધર્મપત્નિએ એફઆઇઆર દાખલ કરાવતાં સીઆઇડી ક્રાઇમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

વિગતો પર નજર કરીએ તો આજથી ત્રણ વર્ષ પુર્વે ૨૫ માર્ચ-૨૦૨૩ના રોજ ગીરનાર ટોકીઝ નજીક આવેલી ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી) કચેરીના ચોથા માળેથી પડી જતાં આ કચેરીના જોઇન્ટ ડિરેક્ટર ઝવરીમલ બંસીલાલ બીસ્નોઇનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું. આ ઘટના જે તે સમયે આત્મહત્યાની હોવાની શંકાએ પ્ર.નગર પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરી હતી. આ ઘટનામાં લાંબા સમયથી મૃતકના પરિવારની રજૂઆત થઇ હતી.

ત્યારબાદ આજે રાજકોટ સીઆઇડી ક્રાઇમ દ્વારા અજાણ્યા સામે ઝવરીમલ બીસ્નોઇની હત્યા કરવામાં આવ્યાનો પત્નિ સુમન ઝવરીમલ બીસ્નોઇની ફરિયાદના આધારે ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવતાં ચકચાર મચી ગઇ છે. આ બનાવ બન્યો ત્યારે કચેરીમાં ભોગ બનનાર જોઇન્ટ ડિરેક્ટરની સામે થયેલા આક્ષેપોની તપાસ અર્થે સીબીઆઇની ટુકડી પહોંચી હતી અને પુછપરછ માટે બીસ્નોઇની અટકાયત કરી હતી. રાતભર તેમની ઓફિસમાં જ સીબીઆઇની તપાસ અને પુછપરછ ચાલી હતી. આ દરમિયાન સવારે ૧૦:૫૦ વાગ્યા આસપાસ કચેરીના ભોંય તળીએ ધડામનો અવાજ આવતાં આસપાસના સિક્યુરીટી ગાર્ડ, કર્મચારીઓ અને બહાર આવેલી ચાની કીટલી પર ચા પી લઇ રહેલા લોકો દોડી ગયા હતાં.

જ્યાં ઝવરીમલનો લોહીથી લથબથ મૃતદેહ નજરે પડતાં ૧૦૮ને જાણ કરવામાં આવી હતી. જો કે પાછળથી તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતાં. આ બારામાં આજે આઇપીસી ૩૦૨, ૫૦૬ (૨), ૧૧૪ મુજબ ભોગ બનનાર ઝવરીમલના પત્નિ સુમન બીસ્નોઇ (ઉ.વ.૪૮-રહે. મુળ ગામ ખાજુવાલા, જી. બીકાનેર રાજસ્થાન)ની ફરિયાદમાં જણાવાયું છે કે મારા પતિ સીબીઆઇની રેઇડ દરમિયાન પકડાઇ જતાં કસ્ટડીમાં હતાં ત્યારે ડીજીએફટી ઓફિસ બિલ્ડીંગના ચોથા માળેથી પડી જતાં ઇજા થતાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. મને પ્રથમથી આ ઘટનામાં એવી શંકા હતી કે મારા પતિને પોલીસ કસ્ટડી દરમિયાન અજાણ્યા ઇસમો દ્વારા મેન્ટલી અને ફીઝીકલ ટોર્ચર કરી પોલીસ કસ્ટડીમાં ધ્યાન નીહ રાખી ઓફિસની બારીમાંથી ધક્કો મારી દેવાતાં તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

ફરિયાદમાં સુમન બીસ્નોઇએ વધુમાં જણાવ્યું



છે કે મારા દિકરા અને પતિને ધાકધમકી પણ આપવામાં આવતી હતી. ઘટનાની તપાસમાં પણ અજાણ્યા શખ્સો દ્વારા ચેડા કરવામાં આવ્યાની પણ અમને શંકા છે. તારીખ ૨૪ માર્ચ-૨૦૨૩ના સવારે આશરે નવેક વાગ્યે મારા પતિ રૂટીન મુજબ નોકરી ઉપર ગયા હતાં અને બપોરે દોઢેક વાગ્યે ઘરે જમવા આવ્યા હતાં. ત્યારબાદ અઢી વાગ્યે મારો દિકરો આદિત્ય તેમને ઓફિસે છોડી કોલેજ જવા નીકળ્યો હતો. સાંજે પાંચ વાગ્યે હું અને મારી દિકરી આરઝુ અમારા રાજકોટના સરનામે ફ્લેટ બી-૨૦૩માં હાજર હતાં ત્યારે ૩થી ૪ લોકોએ આવી સીબીઆઇની ઓળખ આપી સેફટી ડોર ખોલો તેમ જણાવ્યું હતું. જેથી મેં તેમના આઇડી અને વોરન્ટ માંગ્યા હતાં. પરંતુ તેમણે તે બતાવ્યા નહોતાં. અમે બંને એકલા હોઇ દરવાજો ખોલ્યો નહોતો. આ દરમિયાન મેં મારા પતિને ૩થી ૪ ફોન કર્યા હતાં. પણ તેમણે ઉપાડ્યા નહોતાં.

બાદમાં ફોન સ્વીચઓફ થઇ ગયો હતો. દિકરો આદિત્ય ઘરે આવ્યો ત્યારે ઘરના દરવાજે ઉભેલા માણસોની પુછપરછ કરી હતી. તેમને પણ તેમની ઓળખ અને વોરન્ટ બતાવવામાં આવ્યા નહોતાં. પરંતુ એવુ જણાવ્યુ.હતું કે તારા પપ્પાને અટક કરી અમદાવાદ લઇ ગયા છીએ, તમારા ઘરની જડતી કરવાની છે. તું દરવાજો ખોલાવ. ત્યારબાદ અમે અમારા એડવોકેટ સાથે સીબીઆઇના માણસોની વાત કરાવી હતી. તેમની સુચના મુજબ ફ્લેટનો દરવાજો ખોલ્યો હતો. રાતે અગીયાર વાગ્યા સુધી રકઝક ચાલી હતી. આ દરમિયાન બીજા પાંચથી છ માણસો ફ્લેટના માલિક અતુલભાઇ જોષી તથા દરવાજો લોક ખોલનાર સહિત દસથી બાર માણસો સાથે લઇને આવ્યા હતાં અને સેફ્ટી લોક ખોલી અંદર પ્રવેશ્યા હતાં. આ દરમિયાન ઘરનો સામાન રફેદફે કરી ત્રણેક જેટલા કોરા કાગળમાં સહી કરવાનું મને કહેતાં મેં ના પાડી હતી.

રાતે દોઢ બે વાગ્યે હું વારંવાર મારા પતિને વાત કરાવવાનું કહેતી રહી હતી પરંતુ આ શખ્સોએ વાત કરાવી નહોતી. આ લોકો જો તમે સહિ નહિ કરો તો તમારા દિકરાને ફસાવી દઇશું તેવી ધમકી આપતાં હતાં. આ પૈકીના એક વ્યક્તિએ ફોન લગાડી સ્પીકર ઉપર પતિ સાથે વાત કરાવવાનું કહી ફોન લગાવ્યો હતો. પરંતુ એ વખતે મારા પતિ વાત કરી શક્યા નહોતાં અને તેમની ચીસો સંભળાતી હતી. તેમને કોઇ જોર જોરથી ગાળો પણ આપી રહ્યા હતાં. તેમજ મોટા માણસ સામે પડ્યા છો તેમ કહી ધમકાવી રહ્યા હતાં. વહેલી સવારના સાત વાગ્યા સુધી જડતી ચાલુ રહી હતી.

આ પછી સવારે સાડા નવ વાગ્યા સુધી જડતીની કાર્યવાહી ચાલુ હતી. જતાં જતાં મને સહી કરવાનું કહેતાં મેં ના પાડી હતી. આ લોકો તેની સાથે લાવેલ બ્લુ બેગ સિવાય અમારા ઘરમાંથી કોઇ વસ્તુ લઇ ગયા નહોતાં. ત્યારબાદ ૨૫મીની સવારે સવા દસેક વાગ્યે સોશિયલ મિડીયા મારફત અમારા પતિ ઉપર એસીબીનો કેસ થયાની અને તેમની ઓફિસની બારીમાંથી નીચે પડી જતાં સરકારી દવાખાને લઇ જવાયાનું જાણવા મળ્યું હતું. આ દરમિયાન મારા દિયર સંજય બીસ્નોઇ ઉપર ફોન આવ્યો હતો અને તાત્કાલીક બોલાવ્યા હતાં.

તેમજ હું જ્યારે મારા સંતાનો સાથે સિવિલ હોસ્પિટલે ગઇ ત્યારે મારા પતિના મૃત્યુની જાણ થઇ હતી. આ દરમિયાન સાંજે સાડા ચારેક વાગ્યે અમે જ્યારે હોસ્પિટલે પહોંચ્યા ત્યારે મારા પતિનું પોસ્ટમોર્ટમ પણ થઇ ગયું હતું. સીબીઆઇના એકપણ અધિકારી હાજર નહોતાં. મેં મારા પતિની લાશ સંભાળવા ઇન્કાર કરી દીધો હતો. ત્યારબાદ બીજા દિવસે ૨૬મીએ મે અંતિમવિધી માટે કબ્જો સંભાળ્યો હતો. બાદ ૨૭મીએ અંતિમક્રિયા અમારા સમાજના રીતરીવાજ મુજબ બીકાનેર ખાતે કરી હતી. આ દરમિયાન મારા દિકરાને અઢાર વર્ષનો થશે ત્યારે દારૂના કેસમાં ફસાવી દઇશું તેવી ધમકીઓ પણ અપાઇ હતી. આ બનાવ સંદર્ભે મને શંકા છે કે પોલીસ કસ્ટડી દરમિયાન અજાણ્યા શખ્સો દ્વારા મેન્ટલી ફીઝીકલી ટોર્ચર કરવામાં આવ્યું હતું. તેમજ તેમનો કસ્ટડીમાં સરખી રીતે ખ્યાલ રાખવામાં આવ્યો નહોતો. મારા પતિ અને દિકરાને ધમકી અપાઇ હતી એટલે મારા પતિનું મર્ડર કરવામાં આવ્યું હોવાની મને પુરેપુરી શંકા હોવાથી આ ફરિયાદ નોંધાવી રહી છું. રાજકોટ સીઆઇડી એકમના મહિલા અધિકારી એમ.એસ. ગોહેલે વિશેષ તપાસ હાથ ધરી હતી.

ભરોસાની ભેંસ પાણીમાં બેસી ગઇઃ વધુ એક વેપારીને મસમોટો ચૂનો

કાપડ મીલના સંચાલક સાથે પોણા બે કરોડની ઠગાઇ

બીજી ઘટનામાં સર્વર હેઠક કરી એક ધકરોડ બાવીસ લાખની ડીજીટલ ઠગાઇઃ સ્ટેટીક આઇપીનો ઉપયોગ કરી સાયબર ગઠીયાઓ મોટો હાથ મારી ગયા

રાજકોટ તા. ૨૯

વેપારીઓ સાથે ઠગાઇના બનાવો વારંવાર બનતા રહે છે. વધુ એક વખત પોણા બે કરોડ આસપાસનો ઠગાઇ કાપડના વેપારી સાથે થઇ હતી. દલાલના ભરોસે મોટો માલ આપી દેનારા મીલ સંચાલકને હવે માથે ઓઢીને રડવાની વેળા આવી હતી. ગ્રે કાપડનું મેન્યુફેક્ચરિંગ કરતા વેપારી સાથે રૂપિયા ૧.૬૯ કરોડથી વધુની છેતરપીંડી થઇ ગઇ હતી.

કાપડના દલાલની મિલીભગતથી ભેજાબાજ વેપારીઓએ અલગ-અલગ પેઢીના નામે ગ્રે કાપડનો જથ્થો મેળવી લીધા બાદ નાણાં નહીં ચુકવી લાખો-કરોડોનું ફુલેકું ફેરવતા ઓલપાડ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. મળતી માહિતી મુજબ, નવસારીના બીલીમોરા ખાતે રહેતા અને ઓલપાડના અટોદરા ગામે એનએમપી ટેક્સટાઈલ નામે ભાગીદારી પેઢી ચલાવતા વેપારી અંકિત ઉદયકુમાર પટેલ સાથે આ ઠગાઈ થઈ હતી. બે વર્ષ જાન્યુઆરી મહિનામાં અરવિંદભાઈ ઉર્ફે અતુલ વઘાસીયા નામના કાપડના દલાલે તેમની પેઢી પર આવીને મોટા વેપારીઓ સાથે?ઓળખાણ કરાવી હતી.

દલાલના વિશ્વાસે વેપારીએ માલ આપવાનું શરૂ કર્યું હતું. આમફ ક્રિએશન અને ?મહાવીર ટ્રેડિંગે દલાલે આમફ ક્રિએશનના પ્રોપ્રાઈટર રીઝવાની સૈયદ આબીદ હુસેન સાથે મુલાકાત કરાવી હતી. વેપારીએ આ પેઢીને રૂ. ૭૧,૭૩,૪૮૯ નો ગ્રે કાપડનો માલ આપ્યો હતો. આ ઉપરાંત દલાલે સુરત ઉધના ખાતે આવેલા મહાવીર ટ્રેડિંગના જગદીશ કુમાવતના નામે પણ રૂ. ૯૫,૩૫,૮૫૧ નો માલ વેચાણથી આપ્યો હતો. પાછળથી તપાસ કરતાં ખબર પડી કે મહાવીર ટ્રેડિંગના જગદીશ કુમાવતના નામે પણ હકીકતમાં આ જ રીઝવાની સૈયદ વહીવટ ચલાવતો હતો અને ખોટું નામ ધારણ કર્યું હતું.

આ બંને પેઢીના કુલ રૂપિયા ૧,૪૯,૩૮,૯૭૧ બાકી નીકળતા હતા, જે આજ દિન સુધી ચૂકવવામાં આવ્યા નથી. દલાલ અરવિંદ વઘાસીયાએ શિવકૃપા સિલ્ક મિલ્સના પ્રોપ્રાઈટર વસંતકુમાર લલ્લુભાઈ પટેલ સાથે પણ? ઓળખાણ કરાવી હતી. વેપારીએ તેમને રૂ. ૨૪,૩૪,૧૯૭ નો માલ આપ્યો હતો. જેમાંથી માત્ર રૂ. ૩,૯૫,૦૦૦ ચૂકવીને બાકીના રૂ. ૨૦,૩૯,૨૯૭ નહીં ચૂકવી? ઠગાઈ આચરવામાં આવી હતી. વેપારી દ્વારા નાણાંની અવારનવાર



ઉઘરાણી કરવા છતાં આરોપીઓ દ્વારા ગલ્લાતલ્લા કરી વાયદાઓ આપવામાં આવતા હતા અને માલ કે નાણાં પરત આપવામાં આવ્યા નહોતા. સુરત શહેરમાં આ જ શખ્સો વિરુદ્ધ અન્ય જગ્યાએ પણ આવા ગુનાઓ દાખલ થયા હોવાનું સામે આવ્યું હતું. ઓલપાડ પોલીસે દલાલ અરવિંદભાઈ વઘાસીયા, રીઝવાની સૈયદ આબીદહુસેન અને વસંતકુમાર લલ્લુભાઈ પટેલ વિરૂધ્ધ એફઆઈઆ દાખલ કરી હતી. પોલીસ ઈન્સપેકટર વી. આર. જાદવ વધુ તપાસ કરી રહ્યા છે.

આ સમગ્ર કેસની તપાસમાં બહાર આવ્યું છે કે દલાલ અરવિંદભાઈ ઉર્ફે અતુલ વઘાસીયા આ સમગ્ર કાવતરાથી આખું જોડાણ ગોઠવ્યું હતું. આરોપી રીઝવાની સૈયદ આબીદ હુસેન અને વસંતકુમાર પટેલ દ્વારા અલગ-અલગ પેઢીઓના નામે તેમજ ખોટી ઓળખ આપીને કરોડો રૂપિયાનો ગ્રે કાપડનો જથ્થો મેળવી લેવામાં આવ્યો હતો. આ કિસ્સામાં મહાવીર ટ્રેડિંગ પેઢી કાગળ પર જગદીશ કુમાવતનું નામ આગળ ધરાયું જેથી વેપારીઓ સરળતાથી માલ આપવા તૈયાર થઈ જાય. જોકે, પાછળથી તપાસ કરતા ભાંડો ફૂટ્યો કે જગદીશ કુમાવત તો માત્ર મહોરૂં હતો. અસલી ખેલ તો રીઝવાની સૈયદ આબીદ હુસેન જ હતો!અને ૯૫.૩૫ લાખથી વધુનો ગ્રે કાપડનો માલ પડાવી લીધો હતો.

વધુ એક સવા કરોડની ઠગાઇ જોઇએ તો વડોદરા શહેરમાં સ્ટેટિક આઇપી એડ્રેસ અને ઓનલાઈન બેંકિંગ એપીઆઈકીનો દુરુપયોગ કરી ખાનગી કંપનીના સર્વરમાં અનધિકૃત -વેશ કરીને ૧.૨૨ કરોડની સાયબર ઠગાઈ આચરવાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. બિલ પેમેન્ટ સર્વિસ પૂરી પાડતી કંપનીના સર્વરને હેક કરીને અજાણ્યા શખ્સોએ કંપનીના વિવિધ બેંક ખાતાઓમાંથી નાણાં અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી લીધા હતા. આ અંગે કંપનીના સંચાલકે વડોદરા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં અધિકૃત ફરિયાદ નોંધાવી હતી. વડોદરામાં બિલ પેમેન્ટ સર્વિસ આપતી ખાનગી કંપની ચલાવતા મિહિરકુમાર પટોડીયા કંપનીના સેટલમેન્ટ માટે વિવિધ બેંકોમાં ખાતા ધરાવે છે. તેઓ બેંક ખાતા ઓપરેટ કરવા નેકસા સોફટ પાસેથી સર્વિસ મેળવે છે.

જેનું સર્વર હોસ્ટીન્કનું છે. અજાણ્યા શખ્સોએ આ સર્વરના સ્ટેટિક આઇપી એડ્રેસનો ઉપયોગ કરીને અનધિકૃત રીતે કંપનીના સર્વરમાં સિસ્ટમ પ્રવેશ કર્યો હતો. સર્વરમાં અનધિકૃત પ્રવેશ કર્યા બાદ આરોપીઓએ ઓનલાઈન બેંકિંગ એપીઆઈકી અને ક્રેડેન્શિયલ વિગતોનો ગેરકાયદેસર દુરુપયોગ કર્યો હતો. કંપનીની જાણ કે મંજૂરી વિના આરોપીઓએ બેંક ખાતામાંથી કુલ ૧,૨૨,૧૦,૦૦૦ અલગ અલગ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરી દીધા હતા. આરોપીઓએ અન્ય લોકોની મદદગારીથી ઈલેક્ટ્રોનિક માધ્યમનો ઉપયોગ કરી આર્થિક ગુનાહિત કાવતરું રચ્યું હતું. આ સમગ્ર મામલે આરોપીઓએ વિશ્વાસઘાત અને આર્થિક છેતરપિંડી આચરી હોવાનું સામે આવતા ફરિયાદીએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ઈલેક્ટ્રોનિક માધ્યમોના દુરુપયોગ અને સાયબર ઠગાઈ અંગેનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ટેકનિકલ ટ્રેકિંગ દ્વારા નાણાં જે ખાતામાં ટ્રાન્સફર થયા છે તેની તપાસ સાયબર ટીમ દ્વારા કરવામાં આવી હતી.

મિશન ગ્રામ પંચાયત : રણશિંગું ફૂંકાયું

જિલ્લાના ૧૧ તાલુકામાં ચૂંટણીઓનો ધમધમાટ

બેલેટ પેપરથી ખેલાશે સંગ્રામઃ ૧,૪૧૦ બેલેટ પેટીઓ સાથે તંત્ર સજ્જ : ૨૮૦ ગામોમાં 'મહિલા સરપંચ'નું શાસન આવશે

રાજકોટ, તા. ૨૯

રાજકોટ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચી રહ્યો છે. ગ્રામીણ લોકશાહીના આ મહાપર્વમાં ગામડાંઓનું શાસન કોના હાથમાં જશે તેની ઉત્સુકતા ચરમસીમાએ છે ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ ચૂંટણી પ્રક્રિયા સુચારુ રીતે પૂરી થાય તે માટે તૈયારીઓનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે. રાજકોટ જિલ્લા પંચાયત હેઠળ આવતી કુલ ૫૯૫ ગ્રામ પંચાયતો પૈકી ૫૬૦ ગ્રામ પંચાયતોમાં સરપંચ તેમજ વોર્ડના સભ્યોની ચૂંટણી યોજાવા જઈ રહી છે. હાલમાં ચૂંટણી તંત્ર દ્વારા રોટેશન લિસ્ટ આખરી તબક્કામાં તૈયાર કરી લેવામાં આવ્યું છે અને જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશની આખરી સહી થયા બાદ ટૂંક સમયમાં જ તમામ ગ્રામ પંચાયતોનું અનામત અને રોટેશન લિસ્ટ સત્તાવાર રીતે જાહેર કરી દેવામાં આવશે. આ યાદી જાહેર થતાં જ ગ્રામીણ વિસ્તારોમાં ખાટલા પરિષદો અને ચોરા પરની ચર્ચાઓ સાથે ચૂંટણીનો માહોલ વધુ ગરમ થાય તેવી પૂરેપૂરી શક્યતા સેવાઈ રહી છે.

આ વખતે ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ ટેકનોલોજી આધારિત ઈવીએમ (EVM) મશીનથી નહીં પરંતુ પરંપરાગત બેલેટ પેપરથી યોજવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજકોટ જિલ્લાની ૫૬૦ ગ્રામ પંચાયતો હેઠળ કુલ ૪,૫૬૦ જેટલા વિવિધ વોર્ડનો સમાવેશ થાય છે. આ તમામ વોર્ડના સભ્યો અને સરપંચની પસંદગી મતાધિકાર દ્વારા સળંગ બેલેટ પેપરથી જ કરવામાં આવશે. ચૂંટણી પ્રક્રિયાને પહોંચી વળવા માટે સમગ્ર જિલ્લામાં સરપંચની ચૂંટણી માટે કુલ ૧,૧૭૬ જેટલા મતદાન મથકો આખરી કરી દેવામાં આવ્યા છે, તેમજ મતદાન પ્રક્રિયા માટે તંત્ર દ્વારા ૧,૪૧૦ જેટલી બેલેટ



પેટીઓ ફાળવવાની અને સંબંધિત કેન્દ્રો સુધી પહોંચાડવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. સરપંચની બેઠક સાથે જ દરેક વોર્ડવાઇઝ ઉમેદવારો માટે પણ એકસાથે મતદાન યોજાનાર હોવાથી ચૂંટણી તંત્ર દ્વારા સ્ટાફની ફાળવણી અને લોજિસ્ટિક્સ સહિતની તમામ તૈયારીઓ યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે.

તાલુકાવાર આંકડાકીય વિગતો પર નજર કરીએ તો સમગ્ર રાજકોટ જિલ્લાના તમામ ૧૧ તાલુકાઓમાં ચૂંટણીનો જંગ ખેલાશે. જેમાં રાજકોટ તાલુકામાં સૌથી વધુ ૮૮ ગ્રામ પંચાયતો, ગોંડલ તાલુકામાં ૭૫, પડધરીમાં ૫૮, જસદણમાં ૫૭, ઉપલેટામાં ૫૦, જેતપુરમાં ૪૭, જામકંડોરણામાં ૪૪, કોટડા સાંગાણીમાં ૪૦, વીંછીયામાં ૩૭, લોધિકામાં ૩૬ અને ધોરાજી તાલુકામાં ૨૮ ગ્રામ પંચાયતોમાં સંગ્રામ જામશે. આ તમામ ૧૧ તાલુકાઓની મળીને કુલ ૫૬૦ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાવાની છે. ચૂંટણી પ્રક્રિયા તટસ્થ અને સુચારુ રીતે પાર પડે તે માટે રાજ્યના સ્ટેટ ઇલેક્શન કમિશનર ડો. એસ. મુરલી કિષ્નાના અધ્યક્ષસ્થાને રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરો સાથે સમીક્ષા બેઠક વીડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજાઈ હતી. આ મહત્વપૂર્ણ બેઠકમાં રાજકોટ જિલ્લા કલેક્ટર અને અધિક કલેક્ટરે ઉપસ્થિત રહીને જિલ્લામાં કરવામાં આવેલી તમામ પૂર્વ તૈયારીઓનો વિગતવાર ચિતાર રજૂ કર્યો હતો.

આ વખતની ગ્રામ પંચાયત ચૂંટણીઓનું સૌથી મહત્વનું પાસું મહિલા સશક્તિકરણ બની રહેશે. સરકારી નિયમાનુસાર ગ્રામ પંચાયતની ચૂંટણીઓમાં ૫૦ ટકા મહિલા અનામતની જોગવાઈ અમલી હોવાથી રાજકોટ જિલ્લામાં આશરે ૨૮૦ જેટલી ગ્રામ પંચાયતોમાં મહિલાઓને સરપંચ તરીકે ગામનું નેતૃત્વ કરવાની સુવર્ણ તક સાંપડશે. કલેક્ટર કાર્યાલય દ્વારા રોટેશન લિસ્ટ જાહેર થયા બાદ જ કયા ગામમાં કઈ કેટેગરીનું મહિલા અનામત લાગુ પડશે તેનું ચિત્ર સ્પષ્ટ થશે. મહિલા અનામતના કારણે ગ્રામીણ રાજકારણમાં મહિલા ઉમેદવારોની ભૂમિકા અત્યંત નિર્ણાયક બની રહેશે અને ગામડાંઓના વિકાસની વાગડોર હવે મોટા પાયે મહિલા નેતાઓના હાથમાં આવતી જોવા મળશે.

દોઢ માસથી ૨૨ હજારથી વધુ વાહનધારકો વેઇટિંગમાંઃ બેકલોગ ક્લિયર કરવા શનિ-રવિની રજામાં પણ સવારે ૮ થી સાંજે ૬ ટ્રેક ચાલુ રખાશે

AI ડ્રાઇવીંગ ટ્રેક પર વેઈટીંગ ઘટાડવા પહેલ



રાજકોટ, તા. ૨૯

રાજકોટ સહિત રાજ્યભરની આરટીઓ કચેરીઓમાં જ્યારથી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત એઆઈ ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેક કાર્યરત કરવામાં આવ્યા છે, ત્યારથી ડ્રાઇવિંગ કસોટીમાં નિષ્ફળ જનારા વાહનચાલકોની સંખ્યામાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. ટેસ્ટમાં સતત ફેઇલ થતા ઉમેદવારોને કારણે ફરી વખત પરીક્ષા આપનારા અરજદારોની યાદી દિન-પ્રતિદિન વધુ ને વધુ લાંબી થતી જાય છે, જેના પરિણામે આરટીઓ તંત્ર પર પણ કામગીરીનું ભારણ બેવડાઈ ગયું છે અને ટ્રેક સતત ધમધમતા રહ્યા છે. ખાસ કરીને રાજકોટ આરટીઓ કચેરીની સ્થિતિ અતિ ગંભીર બની છે, જ્યાં છેલ્લા દોઢ મહિના કરતાં પણ વધુ સમયથી ૨૨ હજારથી પણ વધુ વાહનધારકો પોતાની ડ્રાઇવિંગ ટેસ્ટ આપવા માટે લાંબા સમયથી પ્રતિક્ષા કરી રહ્યા છે. આ પરિસ્થિતિને ધ્યાને પાડવા અને અરજદારોનું વેઇટિંગ લિસ્ટ ઝડપથી ઘટાડવાના હેતુથી સ્થાનિક આરટીઓ પ્રશાસન દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે, જેના અંતર્ગત ચાલુ સપ્તાહમાં આવતી શનિવાર અને રવિવારની જાહેર રજાઓ દરમિયાન પણ સવારે ૮:૦૦ વાગ્યાથી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેક સંપૂર્ણપણે ચાલુ રાખવામાં આવશે.

આ ખાસ આયોજન અંગે વિગતો આપતાં આરટીઓ અધિકારી એઆઈ ટાંકે જણાવ્યું હતું કે, રજાના આ બે દિવસો દરમિયાન અંદાજે ૧૫૦૦ જેટલા વાહનધારકોની ડ્રાઇવિંગ પરીક્ષા લેવાનું આયોજન કરાયું છે, જેથી હાલ પ્રવર્તી રહેલા પ્રચંડ વેઇટિંગમાં થોડો રાહતરૂપ ઘટાડો કરી શકાય. તેમણે વધુમાં સ્પષ્ટ કર્યું હતું કે આટલું મોટું વેઇટિંગ લિસ્ટ ઊભું થવા પાછળનું મુખ્ય કારણ વાહનચાલકોનું ટેસ્ટમાં વારંવાર નાપાસ થવું છે, કારણ કે અનેક એવા ઉમેદવારો છે જે એક જ ટેસ્ટમાં ૩ થી ૪ વખત ફેઇલ થઈ ચૂક્યા છે અને પરિણામે નવા ઉમેદવારો સાથે તેમનું પણ ભારણ વધતું જાય છે.

જોકે, રાહતના સમાચાર આપતાં ટાંકે એ બાબત તરફ પણ ધ્યાન દોર્યું હતું કે હવે ઉમેદવારો નવી સિસ્ટમથી ટેવાઈ રહ્યા હોવાથી ધીમે ધીમે પાસ થનારા લોકોની ટકાવારીમાં સુધારો જોવા મળી રહ્યો છે. અગાઉ રાજકોટ જિલ્લામાં પાસ થવાનો દર માત્ર ૧૧ ટકા જેટલો નીચો હતો, જે તાજેતરના સમયમાં વધીને ૨૨ થી ૨૫ ટકા સુધી પહોંચી ગયો છે. આમ છતાં, ચિંતાજનક બાબત એ છે કે સૌથી વધુ નાપાસ થનારા અરજદારો કારના ટેસ્ટમાં નોંધાઈ રહ્યા છે, જ્યાં આજના દિવસે પણ ફોર વ્હીલરના ટેસ્ટમાં નાપાસ થનારા લોકોનું પ્રમાણ ૮૦ ટકા જેટલું અત્યંત ઊંચું રહેવા પામ્યું છે. તેની સરખામણીએ ટુ વ્હીલર ડ્રાઇવિંગ ટેસ્ટનું પરિણામ ઘણું સારું આવી રહ્યું છે અને મોટાભાગના વાહનચાલકો હવે દ્વિચક્રી વાહનોની પરીક્ષામાં સફળતાપૂર્વક પાસ થઈ રહ્યા છે.

રીંગરોડ-૨નું નિર્માણ કાર્ય પુરજોશમાં

કટારીયા ચોકડીથી ઘંટેશ્વર સુધીનો ફોરટ્રેક રોડ ટૂંક સમયમાં બનશે ટ્રાફિક મુક્ત

રાજકોટ, તા. ૨૯

રાજકોટ શહેરના પશ્ચિમ વિસ્તારમાં ટ્રાફિકનું ભારણ ઘટાડવા અને વાહનવ્યવહારને વધુ સુગમ બનાવવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરાયેલા ૧૫૦ ફૂટ રિંગ રોડ-૨ના ફોરટ્રેક પ્રોજેક્ટની કામગીરી હવે પૂરજોશમાં આગળ વધી રહી છે. કટારીયા ચોકડીથી લઈને ઘંટેશ્વર જક્ષ કેમ્પ સુધીના માર્ગને અધ્યતન ફોરટ્રેકમાં ફેરવવાની યોજના મહાપાલિકા દ્વારા અમલમાં મુકાયા બાદ કામગીરીને ભારે વેગ આપવામાં આવ્યો છે અને આ સમગ્ર માર્ગ વિકાસ યોજનાને આગામી જુલાઈ ૨૦૨૭ સુધીમાં પૂરી કરી લેવાનું સુઆયોજિત લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે.

જામનગર હાઈવે પર ઘંટેશ્વર જક્ષ કેમ્પથી શરૂ કરીને સ્માર્ટ સિટી અને કટારીયા ચોકડી થઈને કોર્પોરેશનની સરહદ સુધીના કુલ ૮.૭૯ કિલોમીટર લાંબા માર્ગને વિકસાવવા માટે પશ્ચિમ ઝોન હેઠળ સમગ્ર પ્રોજેક્ટને ત્રણ અલગ-અલગ પેકેજમાં વહેંચીને કામ ચાલુ કરવામાં આવ્યું છે. મુખ્ય ચોક સિવાયના અંદાજે ૭.૫ કિલોમીટર રોડ પર નિર્માણકાર્યનું આયોજન છે, જે પૈકી એક તરફના આશરે ૪.૫ કિલોમીટર જેટલા માર્ગ પર ડેન્સ બિટ્યુમિનસ મેકેડમનું કામ સફળતાપૂર્વક પૂર્ણ કરી લેવાયું છે.

હવે પછીના તબક્કામાં વાહનચાલકોને ઓછામાં ઓછી તકલીફ પડે તે માટે ખાસ ટ્રાફિક ડાયવર્ઝન ગોઠવવામાં આવશે.



જે ૪.૫ કિલોમીટરનો નવો રસ્તો તૈયાર થઈ ગયો છે તેના પર વાહનવ્યવહાર ફેરવી દેવામાં આવશે, જેથી રોડની બીજી તરફ ખોદકામ, ડ્રેનેજ લાઈન અને માર્ગ નિર્માણની કામગીરી સમાંતર ધોરણે ઝડપથી પૂરી કરી શકાય. આ આધુનિક ફોરટ્રેક રોડની બંને બાજુ ૧૦.૫ મીટર પહોળા કેરેજ-વે બનાવવામાં આવી રહ્યા છે, તેમજ ચોમાસા દરમિયાન પાણી ભરાવાની મુશ્કેલી ન સર્જાય તે માટે માર્ગની સાથે જ સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઈનની સુવિધા પણ પથરાઈ રહી છે.

આ મહત્વાકાંક્ષી ફોરટ્રેક રોડ સંપૂર્ણપણે તૈયાર થઈ જતાં ઘંટેશ્વર, મુંજકા, કણકોટ, મોટા મવા, રૈયા ગામ, કાલાવડ રોડ, વર્ધમાનનગર, વેજાગામ અને મવડી ગામ જેવા ઝડપથી વિકસતા વિસ્તારોના હજારો વાહનચાલકોને દૈનિક ટ્રાફિકની સમસ્યામાંથી મોટી રાહત મળશે. આ ઉપરાંત ગોંડલ ચોકડી તરફથી આવતા અને જૂનાગઢથી જામનગર કે અમદાવાદ તરફ અવરજવર કરતા ભારે વાહનોને શહેરની અંદર પ્રવેશ્યા વિના બાયપાસ માર્ગ મળશે, જેનાથી આવતા વર્ષ સુધીમાં સમગ્ર વિસ્તારનો વાહનવ્યવહાર વધુ ઝડપી, સુરક્ષિત અને સરળ બની જશે.

ખેડૂતો માટે દિવાળી જેવો માહોલ

દેશના ૯.૩૪ કરોડ ખેડૂતોના ખાતામાં જમા થશે ૧૮,૬૮૦ કરોડનો ૨૪મો હપ્તો

રાજકોટ, તા. ૨૯

દેશના અન્નદાતાઓ માટે આજનો દિવસ એક ઉત્સવ સમાન બની રહેશે કારણ કે તારીખ ૩૦ ઓક્ટોબરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી બનાસકાંઠાના ભીલડી ખાતેથી દેશના ૯.૩૪ કરોડ ખેડૂતોના બેન્ક ખાતામાં પી.એમ. કિસાન સન્માન નિધિ યોજનાના ૨૪મા હપ્તા પેટે કુલ ૧૮,૬૮૦ કરોડ રૂપિયાની માતબર રકમ સીધી જ ડી.બી.ટી.ના માધ્યમથી જમા કરાવવાના છે. આ રાષ્ટ્રીય કાર્યક્રમ અંતર્ગત એકલા ગુજરાત રાજ્યના જ ૫૨.૩૩ લાખથી વધુ લાભાર્થી ખેડૂતોના બેન્ક ખાતામાં ૧૦૫૧ કરોડ રૂપિયાથી વધુની આર્થિક સહાય સીધી જમા થશે જે ખેડૂતોના આગામી દિવસોને વધુ સમૃદ્ધ બનાવશે.

આ ભવ્ય આયોજનના ભાગરૂપે રાજકોટ જિલ્લામાં જિલ્લા પંચાયતની દરેક બેઠક તેમજ એક જિલ્લાકક્ષાના મુખ્ય કાર્યક્રમ મળીને કુલ ૭૩ જેટલા સ્થળો પર આ ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે જેમાં મોટી સંખ્યામાં ખેડૂતો, તેમના પરિવારજનો, પશુપાલકો તેમજ નાગરિકો જોડાવાના છે.

આ ભવ્ય કાર્યક્રમના સુચારુ અને સફળ આયોજન માટે ગઈકાલે કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી સહિતના પ્રભારી મંત્રીઓ તેમજ ઉચ્ચ વરિષ્ઠ અધિકારીઓની વિશેષ ઉપસ્થિતિમાં રાજ્યસ્તરીય વીડિયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તમામ અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ રાજ્યસ્તરીય બેઠકના અનુસંધાને આજે રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશ દ્વારા જિલ્લાના સંબંધિત અધિકારીઓની એક મહત્વપૂર્ણ બેઠક કલેક્ટર કચેરી ખાતે યોજવામાં આવી હતી જેમાં કાર્યક્રમના આયોજનમાં કોઈ પણ પ્રકારની કચાશ ન રહે અને તમામ વ્યવસ્થાઓ સુચારુ રીતે પાર પડે તે માટે સચોટ સૂચનાઓ આપવામાં આવી હતી. બનાસકાંઠા ખાતે યોજાનાર આ રાષ્ટ્રીય કક્ષાના મુખ્ય સમારોહનું રાજકોટ જિલ્લાના મુખ્ય કાર્યક્રમ સ્થળ સહિત જિલ્લાભરની તમામ એ.પી.એમ.સી., કે.વી.કે., એફ.પી.ઓ. તેમજ ગ્રામ્ય કક્ષાએ એલ.ઈ.ડી. સ્ક્રીન અને વેબકાસ્ટના માધ્યમથી જીવંત પ્રસારણ કરવામાં આવશે જેથી છેવાડાના ગામોના ખેડૂતો પણ આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બની શકે. આ પી.એમ. કિસાન ઉત્સવ કાર્યક્રમ માત્ર નાણાકીય સહાય પૂરતો સીમિત નથી પરંતુ આ અવસરે કૃષિ અને બાગાયત ક્ષેત્રના તજજ્ઞો તેમજ કૃષિ નિષ્ણાતો દ્વારા ખેડૂતોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનું વિસ્તૃત માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવશે. આ સાથે જ કૃષિ ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિઓ મેળવનારા રાજકોટ જિલ્લાના તેજસ્વી અને પ્રગતિશીલ ખેડૂતોનું મહાનુભાવોના હસ્તે વિશેષ સન્માન પણ કરવામાં આવશે ત્યારે જિલ્લા પંચાયત ખેતીવાડી શાખા દ્વારા જિલ્લાના તમામ ખેડૂત ભાઈ-બહેનોને આ ભવ્ય કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં સહભાગી થવા માટે હાર્દિક અનુરોધ કરવામાં આવ્યો છે.

મનપાની યોજનાઓ છતાં આવક ખાડે

વોર્ડ નં. ૧૬ અને ૧૭ માં સ્થિતિ ચિંતાજનક : ૧૮ ટકા વ્યાજનો દંડ અને મોટા બાકીદારો જવાબદાર?



રાજકોટ, તા. ૨૯

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મહેસુલી ખર્ચની વધતી જતી કૂચ સામે ટેકસની આવક વધારવા માટે વ્યાજમાફીથી માંડીને કડક પગલાં સુધીના તમામ અખતરા કરવા છતાં અપેક્ષિત પરિણામો મેળવવામાં તંત્ર વામણું સાબિત થઈ રહ્યું છે કારણ કે પાણી અને મિલકત વેરામાં પાંચ-પાંચ હજાર સુધીની વ્યાજમાફી અને વેરા કરતા વ્યાજ વધુ હોય તો માત્ર વેરા જેટલી જ રકમ વસૂલવાની વિશેષ રાહતો આપવા છતાં ચાલુ નાણાકીય વર્ષમાં ઓક્ટોબર માસ સુધી મિલકત વેરાની કુલ આવક માંડ ૨૯૮ કરોડ રૂપિયાની આસપાસ જ પહોંચી શકી છે જે ગત વર્ષ ૨૦૨૫માં આ જ સમયગાળા દરમિયાન થયેલી ૨૯૬ કરોડ રૂપિયાની આવકની સરખામણીએ માત્ર બે કરોડ રૂપિયાનો જ નજીવો વધારો દર્શાવે છે.

જેથી નવા શાસકો દ્વારા અગાઉના વર્ષોની જેમ જ બાકી કરદાતાઓને વેરો ભરવા માટે આકર્ષવા વ્યાજમાફીની આ યોજનાની મુદત લંબાવવાની ફરજ પડી હતી કારણ કે પ્રથમ તબક્કામાં ટાર્ગેટ મુજબના બાકીદારો વેરો ભરવા માટે આગળ આવ્યા જ નહોતા અને છતાં ઓક્ટોબર મહિનામાં ગત વર્ષની સરખામણીએ કોઈ મોટો ચમકારો જોવા મળ્યો નથી જેની પાછળ સરકારી કચેરીઓથી માંડીને મોટી મોટી મોબાઈલ ટાવર કંપનીઓ દ્વારા કરોડો રૂપિયાનો વેરો ન ચૂકવવામાં આવ્યો હોવાનું મુખ્ય કારણ જવાબદાર છે ત્યારે બીજી બાજુ ઓક્ટોબર માસથી તંત્ર દ્વારા મિલકત વેરાના બિલ ઉપર વ્યાજની ગણતરી ફરીથી શરૂ કરી દેવામાં આવી છે અને બિલ મોકલવાની સાથે જ બાકી રકમ ઉપર રોજનું ૧૮ ટકા વ્યાજ ચડવા લાગ્યું છે જેમાં હાલ વેરા શાખા દ્વારા પ્રથમ તબક્કામાં પોસ્ટ વિભાગ મારફતે કુલ ૧,૬૪,૭૬૩ મિલકત વેરાના બિલ મોકલી આપવામાં આવ્યા છે ત્યારે વોર્ડવાઇઝ આવકના આંકડાઓ ઉપર નજર કરવામાં આવે તો શહેરમાં જમીન-આસમાનનો તફાવત જોવા મળે છે કારણ કે વોર્ડ નં. ૭ માં સૌથી વધુ રૂ. ૩૫.૯૬ કરોડની માતબર આવક નોંધાઈ છે અને તેની સહોદરમાં વોર્ડ નં. ૧૧ માં પણ રૂ. ૩૫.૨૮ કરોડની જબરદસ્ત વસૂલાત થઈ છે જ્યારે તેની સામે સાવ નબળી સ્થિતિ દર્શાવતા વોર્ડ નં. ૧૬ માં માત્ર રૂ. ૪.૬૯ કરોડ અને વોર્ડ નં. ૧૭ માં માત્ર રૂ. ૫.૯૫ કરોડની જ આવક નોંધાતા મનપાની વસૂલાતની નીતિ સામે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. ઉપરોક્ત આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે કે વોર્ડ નં. ૭ અને ૧૧ માં વસૂલાતનો આંક ૩૫ કરોડને વટાવી ગયો છે, જ્યારે તેની સામે વોર્ડ નં. ૧૬ અને ૧૭ માં વેરાની આવક માંડ ૪ થી ૬ કરોડ વચ્ચે જ સીમિત રહી છે. મનપા તંત્ર માટે આ અસંતુલન આગામી દિવસોમાં મોટો પડકાર બની રહેશે.

વોર્ડવાઇઝ વિસંગતતા : ક્યાંક ૧૦ ગણી તો ક્યાંક નહિવત વસૂલાત

મનપાના વિવિધ વોર્ડવાર ટેક્સ કલેક્શનના આંકડાઓ અત્યંત ચોંકાવનારી તફાવત દર્શાવે છે

વોર્ડ નંબર	વેરાની કુલ આવક
વોર્ડ નં. ૭	રૂ. ૩૫.૯૬ કરોડ
વોર્ડ નં. ૧૧	રૂ. ૩૫.૨૮ કરોડ
વોર્ડ નં. ૧૬	રૂ. ૪.૬૯ કરોડ
વોર્ડ નં. ૧૭	રૂ. ૫.૯૫ કરોડ